‘‘કાશીમાં કાશીના વિદ્વાનો અને શારદાપીઠના શંકરાચાર્ય અનંત શ્રી વિભૂષિત શ્રી મધવેન્દ્રપુરી સાથે ઉદ્ધવ સંપ્રદાય (સ્વામિનારાયણ સંપ્રદાય)ના વિદ્વાવાનો વચ્ચે થયેલો શાસ્ત્રાર્થ’’

કિંચિત્ નિવેદન

बहिरीक्षणलोकमानुषंनिजदत्ताम्बकदर्शिनां हरिम् ।

भजनीयपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥

ઈ.સ.૧૯૧૦માં તત્કાલીન જગદ્ગુરૂ અનંતશ્રી વિભૂષિત શારદમઠ પિઠાધિશ્વર શ્રી માધવેન્દ્રપુરીજીએ સ્વામિનારાયણ સંપ્રદાય પર સમાચાર પત્રોમાં આક્ષેપો કરેલ હતા. તેનો જડબાતોર ઉત્તર સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલિન વિદ્વાનોએ સમાચાર પત્રોમાં આપેલો હતો. વારંવાર એકબીજા પર સમાચાર પત્રોમાં આક્ષેપો પર આક્ષેપો કર્યા બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાનોએ જાહેરમાં માધવેન્દ્રપુરીજીને શાસ્ત્રાર્થ માટે ચુનોતિ આપેલી. અને તે ચુનોતિ શ્રી માધવેન્દ્રપુરીજીએ સ્વીકારેલી. અને બંન્ને સંપ્રદાયના વિદ્વાનો વચ્ચે નડિયાદ પાસે આવેલા ઉમરેઠ જનપદમાં શાસ્ત્રાર્થ યોજાયો હતો. અને તે શાસ્ત્રાર્થમાં સ્વામિનારાયણ સંપ્રદાયના તત્કાલિન પ્રકાંડપંડિતવર્ય સદ્.બ્રહ્મચારી શ્રી કપિલેશ્વરાનંદજીએ માધવેન્દ્રપુરીજીના માયાવાદનો પૂર્ણ રીતે પરિહાર કરેલો અને ઉદ્ધવ સંપ્રદાયને સંપૂર્ણ રીતે વૈદિક સિદ્ધ કરેલો. પોતાની હારથી માધવેન્દ્રપુરીજી સભા અને શહેર છોડીને રાતોરાત મુંબઈ જતા રહ્યા હતાં. આ રીતે શહેર છોડીને મુંબઈ જતાં રહ્યા પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયનાં વિદ્વાનોએ તેઓનો મુંબઈ પર્યન્ત પીછો કરેલો અને તેઓ પાસે માફી પત્ર લખાવેલું.

પોતાના પરાજયથી અતિશય વ્યથિત થયેલા માધવેન્દ્રપુરીજી તે પછી વારાણસી (કાશી) ગયા અને ત્યાં રહેલા વિદ્વાનોના મનમાં સ્વામિનારાયણ સંપ્રદાય વિરૂદ્ધ વિષ ભરેલું. જેથી કાશીના વિદ્વાનોએ સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાનોને શાસ્ત્રાર્થ માટે આમંત્રિત કરેલા. પરંતુ શાસ્ત્રાર્થ થતા પૂર્વે કાશીથી વિદ્વાનોનું એક દલ સ્વામિનારાયણ સંપ્રદાયની રીતભાત જોવા ગુજરાત આવેલું અને તેઓએ સ્વામિનારાયણ સંપ્રદાયના ઘણા મંદિરોની મુલાકાત લઈ સંપ્રદાયની બધી રીતભાત જોઈ હતી અને પછી કાશી ગયા હતા. અને વિદ્વાનોની સભામાં તેઓએ સ્પષ્ટરૂપે કહ્યું હતું કે આ સંપ્રદાયની રીતભાત

સંપૂર્ણ રીતે વૈદિક છે. છતા તમારે શાસ્ત્રાર્થ કરવા માટે પંડિતોને બોલાવવા હોય તો તેઓ શાસ્ત્રાર્થ કરવા તૈયાર છે. તે પછી કાશીના પંડિતોએ સ્વામિનારાયણ સંપ્રદાયના પંડિતોને કાશી બોલાવેલા તે સમયે તત્કાલિન પંડિત સદ્. મુનિશ્વરાનંદ બ્રહ્મચારીના અધ્યક્ષતા હેઠળ સંપ્રદાયના વિદ્વાનોનું એક દલ કાશી પધારેલું જે દલમાં સદ્. નિત્યાનંદ સ્વામીના શિષ્ય સદ્. બલરામદાસજી તથા સદ્. ગોપીનાથદાસજી તથા રા.રા. નાથજીભાઈ શુકલ પણ હતા અને આ વિદ્વાનો કાશી પધારી કાશીનાં પંડિતોએ તેઓને સંપ્રદાય સંબંધિ જે પ્રશ્ન કરેલા તે બધાજ પ્રશ્નોનાં ઉત્તર સંપ્રદાયના પંડિતોએ આપેલા. પ્રશ્નોના સચોટ ઉત્તરો સાંભળી કાશીના વિદ્વાનોએ એક સૂરે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને વૈદિક જાહેર કરી તે અંગેના દસ્તાવેજો કરી આપેલા. અને બધાજ પંડિતોઓ એ દસ્તાવેજ નીચે પોતાના હસ્તાક્ષર કરેલા હતા. કાશીના પંડિતોનો પરાજય સાંભળી વડોદરાના પંડિતોએ પણ એક સૂરે સ્વામિનારાયણ સંપ્રદાયને વૈદિક જાહેર કરી એ દસ્તાવેજ નીચે પોતાના હસ્તાક્ષર કરેલા. અને તે પછી કાશીના વિદ્વાનોએ કાશીની અંદર સ્વામિનારાયણ સંપ્રદાયને મંદિર બાંધવા માટે જગ્યા પણ ફાળવેલી હતી. જે વિશાળકાય મંદિર હાલમાં કાશીમાં મચ્છોન્દરીપાર્ક સામે જોવા મળે છે. કાશીના વિદ્વાનોએ સંપ્રદાયના વિદ્વાનોને જે પ્રશ્નો પુછેલા તેના બધા જ ઉત્તર આ પુસ્તિકાની અંદર સંગ્રહમાં આવેલા છે. વાચક મિત્રો આ પ્રશ્નોના ઉત્તરો વાંચી તેઓને સંપ્રદાયની વાસ્તવિકતા જાણવા મળશે. આ પુસ્તકની લેખિપ્રત વડતાલના પુસ્તકાલયમાં અધાપિ જોવા મળે છે તેમાંથી એક ઝેરોક્ષ નકલ મારા એક એક આત્મિયજને અમને સુપ્રત કરી હતી તે વ્યવસ્થિત રીતે સંશોધન કરી સત્સંગિઓ માટે પ્રસ્તુત કરૂ છું.

લિ.

સંપાદક વિદ્વદ્પદરેણું
શાસ્ત્રી રાકેશ
(વિ.વેદાંત, પુરાણેતિહાસાચાર્ય, એમે. ફિલોસોફી)
(શ્રી નારાયણમુનિદેવ સત્સંગ મંડળ, સૂરત) ટી.૯૩૨૭૬૧૪૦૮૩

॥ श्री स्वामिनारायण विजयतेतराम् ।

॥ श्रीसहजानन्दायनमः ॥ श्रीलक्ष्मीनारायणाभ्यांनमः ॥

यत्रयोगेश्वरः कृष्णो यत्रपार्थोधनुर्धरः।

तत्रश्रीर्विजयोभूतिर्धृवानीर्तिर्मतिर्मम ॥

શ્રીયુત માધવતીર્થ **(શારદામઠના કહેવાતા શંકરાચાર્ય)**

ના અનુયાયીએ સ્વામિનારાયણના આશ્રિતોને પુછેલા પ્રશ્નો.

અને તે પ્રશ્નોના સ્વામિનારાયણના આશ્રિતે શાસ્ત્રાધારે કરેલા ઉત્તરો.

છપાવી પ્રગટ કરનાર એક સત્યવકતા

પ્ર (૧)	સ્વામિનારાયણના જડજમેંટમાં સહજાનંદે પોતે પોતાને નૈષ્ઠિક બ્રહ્મચારી કહ્યાનું દેખાય છે. પણ તેની સાથે **"અમોને પુત્ર નથી માટે હું મારા બે ભાઈઓના બે દીકરાને દત્તક લઉં છું"** એમ કહ્યાનું જણાવેલું છે, નૈષ્ઠિક બ્રહ્મચારીને સ્ત્રી જ ન હોય, **'તો મારે પુત્ર નથી.'** એમ કહેવું તે ગૃહસ્થાશ્રમી હોવાનું સૂચક થાય છે, તેમનાં પુસ્તકોમાં તે ત્યાગી પરમહંસ સંન્યાસી હોવાના લેખો છે; આ પ્રમાણે છે. એટલે દ્રવ્ય સંગ્રહથી જો પતિત થવાતુ હોય તો સહજાનંદ સ્વામી પ્રથમ પતિત ઠરે વળી **'अकुर्वन् विहितंकर्म निन्दितं च समाचरन् । प्रसक्त श्चेन्द्रियार्थेषु नरः पतनमृच्छति।'** એ ન્યાયે નૈષ્ઠિક બ્રહ્મચારી, પરમહંસ કે સંન્યાસીતો દત્તક પુત્ર રાખે તો પણ પતિત થાય છે તો પછી તે આચાર્ય તો કહેવાય જ નહિ તે સ્પષ્ટ છે સહજાનંદ પણ ગૃહસ્થાશ્રમમાં આવ્યા સિવાય દત્તક લઈ શકે નહિ, અને જો દત્તક પુત્ર લીધા છે તો તે વાંતાશિ ગણાય કેમકે તે નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા હોય તો યાજ્ઞવલ્કય સ્મૃતિપ્રમાણે **'वानप्रस्थयतिब्रह्मचारिणां रिक्थभागिनः । क्रमेणाचोर्य सच्छिष्यधर्मभ्रात्रैकतीर्थिनः ॥'** બ્રહ્મચારીના ધનના રિકત ભાગી (વારસી) આચાર્ય તથા એકતિર્થી (સહાધ્યાયી) થઈ શકે બ્રહ્મચારીના સગા ભાઈના પુત્રોને તે ધન સાથે બિલકુલ સબંધ નથી અને દત્તક લેતો બ્રહ્મચારીએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો ગણાય, ત્યારે મનુના **'आरुढोनैष्ठिकधर्मयस्तुप्रच्यवतेततः । प्रायश्चितं न पश्यामि येन शुद्ध्येतस्आत्महा ॥'** જે નૈષ્ઠિક બ્રહ્મચારી આશ્રમમાંથી પતિત થાય તે આત્મહત્યાારાને માટે કાંઈ પ્રાયશ્ચિત જોતો નથી. કે જેથી તે શુદ્ધ

	થાય આ પ્રમાણે દત્તક વિધાનથી સહજાનંદ સ્વામી અને તેના વારસો પતિત થાય છે તો પતિત પ્રયતિત ધર્મ વૈદિક શી રીતે થાય?
ઉ. (૧)	સ્વામિનારાયણે યાવત્જીવિત બ્રહ્મચર્ય વ્રત પાળ્યુ. તેમણે પોતાન ભાઈના પુત્રોને ધર્મ પળાવે એવું સામર્થ્ય જાણી લોક વ્યવહારથી દત્તપુત્ર અંગીકાર કરી પોતાની ધર્મધૂર સોંપી અને પોતે પોતાના ગુરૂ પાસેથી સંપાદન કરેલી મિલકત તેઓને અર્પણ કરી તે માલ ધર્મની વૃદ્ધિ કરવા માટે જ. સહજાનંદસ્વામી પોતે ઈશ્વર હોવાથી તેમને દત્તક વિધાન કરવાનો કંઈ બાધ લાગતો નથી. શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતામાં અર્જુન પ્રતિ કહ્યું છે કે **'न मांकर्माणिलिम्पन्ति न ते कर्मफले स्पृहा-મને કર્મ લેપ કરી શકતા નથી અને મારે કર્મમાં સ્પૃહા પણ નથી'** એવી રીતે સાક્ષાત્ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીને કંઈ પણ બાધ પ્રાપ્ત થતો નથી. તેમજ તેમના દત્તક થનાર પણ નિર્દોષ જ છે. અને **'वानप्रस्थयति'** એ નિયમ મરણાનન્તર લાગું પડે છે, પણ પોતાની હયાતીમાં પોતાની ઈચ્છા મુજબ ગમે તેને સ્વકીય દ્રવ્ય આપી શકાય, નૈષ્ઠિક બ્રહ્મચારી દ્રવ્ય સ્વીકારવાથી આશ્રમથી પ્રતિત થાય તેમાં કાંઈ પ્રમાણ નથી. **"માટે પતિત પ્રવર્તિત ધર્મ વૈદિક શી રીતે થાય"** એ કહેવું સંભવિત નથી.
પ્ર. (૨)	તેમનાં ગ્રંથોમાં લખ્યું છે કે લાડુબા અને જીવુબા એ બે રાધા અને લક્ષ્મીનો અવતાર છે, અને સહજાનંદ પોતે પૂર્ણ પુરૂષોત્તમ છે તો રાધા અને લક્ષ્મીના અવતાર બે પત્ની છતાં તે નૈષ્ઠિક બ્રહ્મચારી શી રીતે, અને નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તો અવતાર રૂપે પત્નીઓ શા માટે ?
ઉ. (૨)	અમારા સિદ્ધાંત ગ્રંથોમાં લાડુબા અને જીવુબાને રાધા લક્ષ્મીનો અવતાર પ્રતિ પાદન કરેલો નથી.**(ભલે સંપ્રદાયનાં મુખ્યમાન્ય પ્રબંધોમાં લાડુબા–**

	જીવુબાને રાધાજી અને લક્ષ્મીજીનો અવતાર કહ્યા નથી. પરંતુ વાર્તા સાહિત્યોમાં એઓને સાક્ષાત્ રાધાજી અને લક્ષ્મીજીના અવતાર કહ્યા છે. તાર્કિક પંડિતોને રામાનુજ સંપ્રદાયમાં પ્રગટ થયેલા ગોદામ્બા લક્ષ્મીજીનો અવતાર છે, ગૌડ સંપ્રદાયનાં પ્રવર્તક ચૈતન્ય મહાપ્રભુના પત્ની વિષ્ણુપ્રિયા લક્ષ્મીજીનો અવતાર છે અને શ્રી વલ્લભ સંપ્રદાયમાં શ્રી વલ્લભાચાર્યજીનાં પૌત્ર શ્રી રઘુનાથજીના ભાર્યા જાનકીદેવી એ લક્ષ્મીજીનો અવતાર છે. એ માનવામાં તેઓને કોઈ આપત્તિ નથી અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાડુબા અને જીવુબાને રાધા–લક્ષ્મીનો અવતાર માનવામાં આપત્તિ છે. ઉપરોકત ત્રણેય સંપ્રદાયમાં તેઓના માન્ય પ્રબંધમાં આ વાત લખેલી નથી પરંતુ તેઓના વાર્તા સાહિત્યોમાં જ આ બાબતનો ઉલ્લેખ જોવા મળે છે.)
પ્ર. (૩)	તેમના સત્સંગિજીવનના પાના ૧૩ થી ૧૫ સુધીની હકીકતથી જણાય છે કે સહજાનંદ રામાનંદના શિષ્ય અને રઘુનાથદાસના ગુરૂભાઈ થાય રઘુનાથદાસની પરંપરાના સાધુ હાલ અમદાવાદમાં તેમના પ્રસ્થાપિત મંદિરોમાં છે તો તે સાધુ અને સહજાનંદ નૈષ્ઠિક બ્રહ્મચારી શી રીતે ?
ઉ. (૩)	રામાનંદ સ્વામીના શિષ્ય સહજાનંદ સ્વામી તથા રઘુનાથદાસ એ બંને હતા. પણ સહજાનંદ સ્વામી બ્રહ્મચર્યાશ્રમમાં હતા. અને રઘુનાથદાસ સાધુ હતા. એક ગુરૂના શિષ્યો એક આશ્રમમાં હોઈ શકે એવો કોઈ નિયમ નથી.**(રઘુનાથ દાસજીનો સત્સંગિ જીવનમાં કશે ઉલ્લેખ નથી.તો આ બાબત તેઓ કયાથી લાવ્યાં)**
પ્ર. (૪)	નિર્ણય સિંધુકારે **दीर्घकालंगुरौवासं.** અને ધર્મ સિંધુકારનું **'द्वादशाब्दंगुरौवासं कलौत्रिणिविबर्जयते ।।'** એમ લખ્યું છે વળી **'यावज्जीवन गुरुकुलवासात्मक'** બ્રહ્મચારી કલિયુગમાં છે જ નહી

	તો પછી સહજાનંદ શી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારી? એટલું જ નહી પણ નૈષ્ઠિક બ્રહ્મચારીને શા કામો કરવાનાં છે તે બિલકુલ તેઓ જાણતા નથી.
ઉ. (૪)	બ્રહ્મચર્યનો નિષેધ કલિયુગમાં છે તેવો કલિ હજુ પ્રવૃત્ત થએલો નથી પણ હાલમાં કલિયુગની સંધ્યા ચાલે છે તે સંધ્યાના એકંદરે હજાર વર્ષ છે તેમાંથી હજુ ૫૦૦૦ હજાર ઉપર વર્ષ ગયેલા છે. તે વર્ષ પુરાં થયા પછી તે નિષેધ લાગુ પડી શકે, તેવા નૈષ્ઠિક બ્રહ્મચારી જગતમાં ઘણે સ્થળે જોવામાં આવે છે.(**જુવો નિમ્બાર્કાચાર્ય**) આજ હેતુથી આદ્ય શંકરાચાર્યે મઠામ્નાયમાં **'स्वरुपोब्रह्मचारीस्यात्'** એમ કહેલું છે. તેથી જ તેવા નૈષ્ઠિક બ્રહ્મચારી તે મઠના હાલમાં જોવામાં આવે છે. માટે સાંપ્રત સમયમાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનો નિષેધ નથી.
પ્ર. (૫)	સહજાનંદને દીક્ષા આપ્યાનો દીક્ષા વિધિ સત્સંગિ જીવનમાં લખ્યો છે, તો તેમ દીક્ષા વિધિ નૈષ્ઠિક બ્રહ્મચારીને માટેકઈ શ્રુતિસ્મૃતિમાં લખ્યો છે. ?
ઉ. (૫)	હારિત સ્મૃતિમાં અને નારદ પંચરાત્રમાં છે.
પ્ર. (૬)	સહજાનંદ સ્વામીને પાછળથી શ્રીરંગમાં રામાનુંજાચાર્યે સ્વપ્નમાં દર્શન આપ્યા એમ લખેલું છે. પરંતુ રામાનુજ સંપ્રદાયમાં પંચ સંસ્કાર છે અને તે ચાર સંસ્કાર થવાનું લખે છે તે શી રીતે તથા રામાનુંજ સંપ્રદાયમાં દાસ એવા નામે સંસ્કાર થાય છે. છતાં તે નંદ શી રીતે રહ્યા?
ઉ. (૬)	સહજાનંદ સ્વામીને રામાનુજે સ્વપ્નમાં દર્શન આપવાની વાત તદ્દન મિથ્યાં છે. તેવું કોઈ ગ્રંથોમાં લખ્યુ નથી. (**સમાધિ અવસ્થામાં તેઓના ગુરૂને રામાનુજાચાર્યજીએ દિક્ષા આપેલી પણ સ્વપ્નમાં નહિ. માટે વાદિઓએ કહેલી આ વાત સંપૂર્ણ અસત્ય છે.**)
પ્ર. (૭)	સહજાનંદને દીક્ષા આપી તે વખતે કોપીન અને આચ્છાદન વસ્ત્ર માત્ર

	આપ્યાનું લખે છે પણ રા.બા. કરમશી દામજીએ છપાવેલા બ્રહ્માનંદ કાવ્યમાંની સહજાનંદ સ્વામીની છબી નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશની નથી. તેમા અને તેમણે કહેલા વચનામૃતોમાં પાઘ, દુપટ્ટો, જામો, પગરખાં, વિગેરે પહેરવેશવાલા બતાવ્યા છે તે ગૃહસ્થાશ્રમીને છાજે તેમ છે. આ પ્રમાણે સહજાનંદસ્વામી વૈરાગી હોવાનું કે પહેરવેશથી ગૃહસ્થાશ્રમી હોવાનું તેમનાજ વેશથી સાબીત થાય છે તો પછી તે પ્રથમાશ્રમી હતા એમ કહેવું તે કેટલી ઠગાઈ છે તે સહેજ જણાશે.
ઉ. (૭)	સહજાનંદ સ્વામીએ સાક્ષાત્ પરમાત્મા યોગેશ્વર હતા. **(જુઓ સ્કંધપુરાણ/ વૈષ્ણવખંડ/ વા.મહાત્મ્ય/અ-૧૮/શ્લોક-૪૨ થી ૪૮)** માટે પાઘ, દુપટ્ટો વિગેરે ગમે તેવો અભીષ્ટ પહેરવેષ રાખે. તેનો કાંઈ બાધ નથી. **(ભગવાન શ્રીકૃષ્ણ પોતે ગૃહસ્થ હતા છતાં જાંબુવતીના કહેવાથી તપસ્વી વેશ ધારણ કરી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તી અર્થે ગન્ધમાદન પર્વત પર તપસ્યા કરવા ગયા હતા. તે સમયે તેમનો વેશ પણ વૈરાગી જેવો હતો.- જુઓ મહાભારત-શાંતિ પર્વ)**
	(પૂર્વ પક્ષ કોટિના પ્રશ્નો ૨૫૦) ના ઉતરો.
પ્ર. (૧)	વામ ભાગમાં**"રાધા"** વક્ષઃસ્થલમાં **"શ્રી"** એવા આકારવાલું ભગવત વિગ્રહ વેદના કયા મંત્રમાં પ્રતિપાદન કરેલું છે.? તથા કયાં સ્મૃતિ અને પુરાણાદિમાં તથા કયા ઈતિહાસમાં તથા તંત્રમાં ?
ઉ. (૧)	બ્રહ્મ વૈવર્ત્તાદિ પુરાણોમાં રાધાજીને ભગવાનના પત્ની કહેલા છે માટે પત્નીતે તેપુરૂષનું અર્ધ અંગ તેમાં પણ વામાંગજ શાસ્ત્રની રીતે અને લોક રીતે ગણાય. તેમજ વક્ષઃસ્થલમાં શ્રી રહેલા છે તે વાત ભાગવતાદિકમાં છે **(જુઓ શ્રીમદ્ ભાગવદ્-સ્કંધ-૮)**, માટે તેવા આકારવાળા ભગવત્ સ્વરૂપનું ધ્યાન યથા શાસ્ત્ર છે.

પ્ર. (૨)	**"श्रीकृष्णं त्वं गतिर्मम" "ब्रह्माहं कृष्णदासोऽस्मि"** આ બે મંત્રો કયા વેદમાં છે ?
ઉ. (૨)	નારદ પંચ રાત્રની શ્રી પાદ્મોદ્ભવ સંહિતા સમમ્ પટલ શ્લોક-૧૨૬માં છે.
પ્ર. (૩)	કઈ સ્મૃતિમાં છે ?
ઉ. (૩)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૪)	કયા પુરાણમાં છે ?
ઉ. (૪)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૫)	કયા ઈતિહાસમાં કે કયા તંત્રના છે.
ઉ. (૫)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૬)	નારદ પંચ રાત્રાદિમાં કયા તંત્રમાં છે? પ્રમાણ સહીત જવાબ આપો.
ઉ. (૬)	નારદ પંચ રાત્રની પાદ્મોદ્ભવ સંહિતા સમમ્ પટલ શ્લોક-૧૨૬માં છે.
પ્ર. (૭)	તમારા મતના વ્રત ઉત્સવ તથા દેવ પુજાનો પ્રકાર વેદાદિમાં છે?
ઉ. (૭)	હા,
પ્ર. (૮)	હોય તો પ્રમાણ સહીત બતાવો.
ઉ. (૮)	નિર્ણય સિંધુ, ધર્મ સિંધુ અને વ્રતરાજ તથા ઉત્સવ પ્રતાન વિગેરેમાં પ્રમાણ સહીત પ્રતિપાદન કરેલું છે. **(જુઓ શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકા)**
પ્ર. (૯)	વેદાર્થ જ્ઞાન રહી તે પ્રર્વતાવેલો ધર્મ વૈદિક થઈ શકે છે ?
ઉ. (૯)	વેદાર્થે જ્ઞાનવાળા જ ધર્મની પ્રવૃત્તિ કરી શકે છે. પણ વેદાર્થ જ્ઞાન રહિત હોય તેવાથી વૈદિક ધર્મ પ્રર્વતાવી શકતો જ નથી.
પ્ર. (૧૦)	થઈ શકે તો તેના પ્રમાણ બતાવો.
ઉ. (૧૦)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૧૧)	વૈદિક વર્ણાશ્રમ રહિત હોય તેણે પ્રવર્તાવેલો ધર્મ વૈદિક કહેવાય?
ઉ. (૧૧)	વૈદિક વર્ણાશ્રમ ધર્મ રહીત હોય, તે વૈદિક ધર્મ પ્રવર્તાવી શકેજ નહિ,

પ્ર. (૧૨)	હા કહો તો પ્રમાણ બતાવો.
ઉ. (૧૨)	પ્ર.૧૧ના જવાબમાં આનો ઉત્તર આવી ગયો છે.
પ્ર. (૧૩)	તમારા તિલક કંઠી, અને અત્રૈવર્ણિકોને કાષાય કમંડલું કયા વેદાદ્દિમાં લખ્યાં છે ?
ઉ. (૧૩)	ઉધ્વર્ધપુંડ્ર તિલક પ્રતિપાદક શ્રુતિ, મહોપનિષદ્દમાં અને હારિત સ્મૃતિ તથા પદ્મ પુરાણમાં છે અને કંઠીનું પ્રતિપાદન માર્કંડેય પુરાણ અને બ્રહ્મપુરાણ આદ્દિકમાં છે, અને અમારામાં અત્રૈવર્ણિકને કાષાય કમંડલું આપવામાં આવતા નથી.
પ્ર. (૧૪)	નૈષ્ઠિક બ્રહ્મચારીને સ્ત્રીઓને શિષ્યા કરવાનો અધિકાર છે?
ઉ. (૧૪)	અમારા સંપ્રદાયમાં નૈષ્ઠિક બ્રહ્મચારીઓ સ્ત્રિોને શિષ્યા કરતા નથી. અને શ્રી હરિ સહજાનંદ સ્વામી પોતે નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેમણે સ્ત્રીઓને શિષ્યા કરી તો પણ પોતે સાક્ષાત્ નારાયણ હતા. માટે કાંઈ પ્રત્યવાય નથી.(**શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર વિઠ્ઠલનાથજીને વલ્લભ સંપ્રદાયમાં સાક્ષાત્ વિઠ્ઠલનાથજીનો અવતાર કહે છે. તેઓએ પણ કેટલીએ સ્ત્રિભકતોને બ્રહ્મસંબંધ આપેલો. જેમ તેઓ સમર્થ હતા તો તેમને કોઈ પ્રત્યવાય લાગેલો ન હતો તેમ સ્વામિનારાયણ પણ પોતે સાક્ષાત્ પરમાત્મા હોવાથી તેમને પણ કોઈ પ્રત્યવાય નથી. ''સમરથ કો નહી દોષ ગોષાઈ ''રા.માન.**)
પ્ર. (૧૫)	સહજાનંદે વિધવાને અને સધવા સ્ત્રીઓને ઉપદેશ કરેલો છે?
ઉ. (૧૫)	હા.
પ્ર. (૧૬)	શદાશિવ અને શ્રીમન્નારાયણ એ બંન્ને એક જ સ્વરૂપ છે, કે ભિન્ન ભિન્ન છે.
ઉ. (૧૬)	શદાશિવ અને શ્રીમન્નારાયણ વસ્તુતઃ ભિન્ન સ્વરૂપ છે તથાપિ શ્રીમદ્ ભગવત્ ગીતામાં વિભૂતિ અધ્યાયમાં **રુદ્રાણાં શઙ્કર શ્ચાસ્મિ** એ વચનથી

	સદાશિવનું શ્રીમન્નારાયણની વિભૂતિ રૂપે પ્રતિપાદન કરેલું છે. માટે જેમ શક્તિ અને શક્તિમાન્નો અભેદ માનવામાં આવે છે. તેમજ વિભૂતિ અને વિભૂતિમાન્નો અભેદ માની એકપણે પ્રતિપાદન કરેલું છે આજ અભિપ્રાયથી વેદમાં **सब्रह्मास शिवः सहरिः सोक्षरः परमः स्वराद्** એવી રીતે સામાનાધિકરણ્યથી નિર્દેષ કરેલો છે, અને રામાનુજાચાર્યે સેવ્ય સેવંક ભાવ અને શેષ શેષી ભાવ શ્રીમન્નારાયણનો અને સદાશિવનો માનેલો છે, તે પણ આવી રીતે વાસ્તવિક ભેદ અને ઔપચારિક અભેદ માનવાથી સંગત થાય છે.
પ્ર. (૧૭)	બ્રહ્મચારીને અને સંન્યાસીઓને પકવાન્ન ઉપરજ સ્વામિત્વ છે. કે બીજી મિલ્કત ઉપર પણ છે ?
ઉ. (૧૭)	બીજી મિલ્કત પર પણ છે.
પ્ર. (૧૮)	પકવાન્ન ઉપર સ્વામિત્વ છે. તો બ્રહ્મચારીએ સ્પર્શ કરેલા તથા રાંધેલા અન્નને ખાનારા પતિત થાય છે કે નહિ ?
ઉ. (૧૮)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૧૯)	‘‘**यतिश्च ब्रह्मचारी च पकवान्नस्वामीना बुभौ**’’ આ વાકય પૃથક્ કરણમાં તમે પ્રમાણ માન્યુ છે. તેનો શુ અર્થ છે.
ઉ. (૧૯)	યતિ અને બ્રહ્મચારી રાધેલા અન્નના સ્વામી છે, એટલેકે ગૃહસ્થાશ્રમીએ સ્વગૃહે રાંધેલા અન્નના ભોજન સમયે યતિ કે બ્રહ્મચારી ભિક્ષા લેવા જાપ, તો તેમને ભિક્ષા આપવી જ જોઈએ.
પ્ર. (૨૦)	બ્રહ્મચારીને તથાં સંન્યાસીઓને બીજી મીલ્કત ઉપર પણ સ્વામિત્વ હોય તો તેનો વારસ શાસ્ત્ર પ્રમાણે કોઈ થઈ શકે ?
ઉ. (૨૦)	બ્રહ્મચારીની મિલ્કત ઉપર પોતાના ગુરૂનો અને જો તે ન હોય તો પોતાના શિષ્યનો અને તેના અભાવમાં ગુરૂભાઈને વારસો મળે, અને યતિનો

	વારસો પોતાના શિષ્યને મળે. પણ એ નિયમ મરણાનન્તર છે પણ પોતાની હયાતીમાં સ્વેચ્છા મુજબ ગમે તેને સ્વકીય દ્રવ્ય આપી શકે.
પ્ર. (૨૧)	નૈષ્ઠિક બ્રહ્મચર્યાશ્રમ સ્વીકાર્યા પછી દત્તક પુત્ર સ્વીકારે તો આરૂઢ પતિત થાય કે નહિ ?
ઉ. (૨૧)	નૈષ્ઠિક બ્રહ્મચર્ય સ્વીકાર્યા પછી દત્તક પુત્ર સ્વીકારવાથી કદાપી બાધ લાગતો હોય તો પણ તે બાધ પરમાત્મા તે સ્પર્શ કરી શકતો નથી. શ્રીમદ્ ભગવતગીતામાં કહેલું છે કે **'નમાં કર્મ્માણિ લિમ્યન્તિ નમે કર્મ્મ ફલે સ્પૃહા–ભગવાન પોતે કહે છે કે મને કર્મ બાધ કરી શકતા નથી. તેમજ મારે કર્મમાં સ્પૃહા પણ નથી.'** તેવી જ રીતે પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામિને કર્મમાં સ્પૃહા ન હોવાથી કર્મ બાધ થતો નથી. જેમ આદ્દિ જગદ્ગુરૂ શંકરાચાર્ય પોતે ચતુર્થાશ્રમી હોઈને અગ્નિ સ્પર્શ કરી શકે નહીં. તો પણ સ્વમાતાને અગ્નિદાહ કર્યો તે કર્મ શાસ્ત્ર વિરૂદ્ધ છતાં તેમને બંધનકારક નથી. વળી પોતે અદ્વૈત સિદ્ધાંતવાળા પરમ પરિવ્રાજક હતા. તો પણ મંડનમિશ્રની પત્ની ભારતીદેવીને જીતવાના અભિનિવેશથી રાજાના દેહમાં પ્રવેશ કરી છ માસ પર્યંત સ્ત્રીઓ સાથે શૃંગાર રસનો પરિપૂર્ણ અનુભવ કર્યો હતો જે અનુભવના પ્રભાવથી તે રાજદેહને ત્યાગ કરાવતા તેઓના શિષ્ય પદ્મપાદાચાર્યને ઘણી મુશ્કેલી પડી હતી આવું કૃત્ય જો કે તે શંકરાચાર્યને છાજે તેવું નહોતું અને શાસ્ત્ર બાધિત હતું તો પણ તે સમર્થ હતા માટે તેમને બાધ નથી. એવો શંકર દિગ્વિજયમાં ઉલ્લેખ છે અને તેજ પ્રમાણે શાંકર મતાનુંયાયીઓ માને છે તો સહજાનંદ સ્વામી કે જે પોતે સાક્ષાત્ પરમાત્માનો અવતાર હતા. અને કેવલ ધર્મ પ્રતિપાદન માટે જ જેમનો શુભાવતાર હતો તેમણે આદ્દિ શંકરાચાર્ય જેવું તો ગર્હિત કર્મ કર્યુજ નથી. માત્ર ધર્મની સ્થિતિ દ્રઢ રાખવા માટે દત્તક પુત્રનો

	સ્વીકાર કર્યો તેમાં તેમને કાંઈપણ પ્રત્યવાય લગતો નથી. તેમાં પ્રમાણભૂત શ્રુતિ બૃહદારણ્યમાં છે **'નસસાધુના કર્મણા જાયાન્ નવાઽસાધુના કનીયાન્ –પરમાત્મા શ્રેષ્ઠ (શાસ્ત્રોકત) કર્મે કરીને અતિમહાન્ ગણાતા નથી. તેમજ અસાધુ (શાસ્ત્રબાધિત) કર્મથી અતિ નાના થતા નથી. અર્થાત્ પ્રત્યવાયી થતા નથી,'** આજ અભિપ્રાયથી શ્રીમદ્ ભાગવતના ૩૩માં અધ્યાયમાં શ્રીકૃષ્ણે રાસ રમણ કર્યાના સંબંધમાં પરિક્ષિતે કરેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રી શુકદેવજીએ **'તેજીયસાં ન દોષાય– તેજસ્વી પુરૂષોને દોષ લાગતો નથી.'** એવો ઉત્તર અપેલો છે.
પ્ર. (૨૨)	નૈષ્ઠિક બ્રહ્મચર્યાશ્રમ સ્વીકારી ગૃહસ્થાશ્રમ ત્યાગ કર્યા પછી દત્તક પુત્ર લઈ ગૃહસ્થાશ્રમી થાય તો શાસ્ત્ર પ્રમાણે વાંતાશી (ઓકેલું ખાનારો) થાય છે કે નહિ?
ઉ. (૨૨)	આનો ઉત્તર ઉપલામાં (૨૧ના પ્રશ્નોત્તરમાં)આવી ગયો.
પ્ર. (૨૩)	ગૃહસ્થાશ્રમી સિવાયના આશ્રમીઓને દત્તક પુત્ર લેવાનો શાસ્ત્રમાં વિધિ છે?
ઉ. (૨૩)	વિધિ નથી તેમ નિષધ પણ નથી. અને પરમાત્મા પોતે અવતાર ધારણ કરીને ગમે તે આશ્રમ સ્વીકારે તેમાં તે વિષયની શંકાનો અવકાશ પણ નથી(કહ્યુ પણ છે-**યોગેશ્વરસ્ય ભવતુ નામ્નાયોઽપિનિયામકઃ ।વેદશાસ્ત્ર પણ યોગેશ્વર એવા આપનું નિયંત્રણ કરતા નથી.ભાગ–૧૦/૭૮/૩૧ આથી વેદશાસ્ત્રો પણ ભગવાનનું નિયમન કરવા સમર્થ નથી.)**
પ્ર. (૨૪)	હોય તો શાસ્ત્રાધાર બતાવો.
ઉ. (૨૪)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નનાં ઉત્તરમાં દતોત્તર છે.

પ્ર. (૨૫)	કલિયુગમાં કેટલા આશ્રમ અને કેટલા વર્ણ છે તે પ્રમાણ સહીત બતાવો?
ઉ. (૨૫)	ચાર વર્ણ અને ચાર આશ્રમ છે. યદ્યપિ નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થાશ્રમ કલિમાં નિષિદ્ધ છે. પણ તેવો કલિયુગ હાલમાં નથી. કિંતુ કલિનો સંધ્યા સમય ચાલે છે. તે સંબંધી વધારે વિવેચન પ્રથમ પુછેલા પ્રશ્ન પૈકી. પ્ર.૪ ચોથાના ઉત્તરમાં કરેલું છે.
પ્ર. (૨૬)	કલીયુગમાં કયા કયા આશ્રમને કયા કયા વર્ણ છે. તે પ્રમાણ સહિત બતાવો ?
ઉ. (૨૬)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો
પ્ર. (૨૭)	એક જ વખતમાં બે દત્તક પુત્ર લેવાનો શાસ્ત્રમાં વિધિ છે ?
ઉ. (૨૭)	એક જ વખતમાં બે દત્તક પુત્ર લઈ શકાય નહિ પરંતુ કાળ ભેદે કરીને પૃથક્ પૃથક્ દત્તક પુત્ર લેવામાં કંઈ શાસ્ત્ર બાધ નથી.
પ્ર. (૨૮)	કલિયુગમાં નૈષ્ઠિક બ્રહ્મચર્યાશ્રમ સ્વીકારવાનો શાસ્ત્રમાં નિષિદ્ધ છે ?
ઉ. (૨૮)	આ પ્રશ્નનો ઉત્તર પ્રથમના ૭ પ્રશ્નો પૈકી ૪ પ્રશ્નના ઉત્તરમાં જુઓ.
પ્ર. (૨૯)	છે તો નિષિદ્ધાચરણ કરવાથી પતિત થાય છે કે નહિં?
ઉ. (૨૯)	નિષિદ્ધાચરણજ નથી તેથી પતિત થવાનો સંભવજ નથી.
પ્ર. (૩૦)	પ્રથમાશ્રમી નૈષ્ઠિક બ્રહ્મચયારીને ચતુર્થાશ્રમની પરમહંસ દીક્ષા આપવાનો અધિકાર છે.
ઉ. (૩૦)	આ પ્રશ્ન થી એમ ધ્વનિત થાય છે કે સહજાનંદ સ્વામી પ્રથમાશ્રમી હતા છતાં પરમહંસ દીક્ષા કેમ આપી. પરંતુ એ પ્રશ્ન અજ્ઞાન મૂલક છે, તેઓ સાક્ષાત્ પરમાત્મા અને ગુરૂના પણ ગુરૂ અને અનંત બ્રહ્માંડના અધિપતિ હતા તેઓ ગમે તે દીક્ષા આપે તેમાં શંકાનો કંઈ અવકાશ નથી.
પ્ર. (૩૧)	બ્રહ્માનંદ કાવ્યમાં પૃષ્ટ ૧૫ પંક્તિ ૧૩ થી લખે છે કે **"વેરાગી સાધુઓ મારતા હોવાથી શ્રી. સહજાનંદ સ્વામીએ પોતાના સાધુઓને પરમહંસ**

	દીક્ષા આપી" એમ લખ્યું છે. ત્યારે સહજાનંદ સ્વામી પરમહંસ હતા કે નહિં. ?
ઉ. (૩૧)	પરમહંસોને દીક્ષા આપી માટે પોતે પરમહંસજ હતા એમ નથી પોતે તો બ્રહ્મચર્યાશ્રમમાં રહેલા સાક્ષાત્ પરમેશ્વર હતા.
પ્ર. (૩૨)	પરમહંસ સંન્યાસી થઈને દ્રવ્ય તથા લાખો રૂપિયાની મીલકત સંપાદન કરે તો તમારા લખ્યા પ્રમાણે પતિત થાય છે કે નહિ ? તેનો ઉત્તર આપો.
ઉ. (૩૨)	પતિત થાય. આ પ્રશ્નતો પ્રશ્નકારના ગુરૂ કહેવાતા શંકરાચાર્ય માધવતીર્થનેજ ગળે પતિત થાય છે.
પ્ર. (૩૩)	સંન્યાસી, યા નૈષ્ઠિક બ્રહ્મચારીના દત્ત પુત્ર થનાર શાસ્ત્ર પ્રમાણે પતિત થાય છે? તે પતિત થયેલા તે કોઈ ધર્મના આચાર્ય થઈ શકે છે?
ઉ. (૩૩)	આ પ્રશ્ન ઉત્તર પ્રથમ લખેલા પ્ર.૭ પ્રશ્નો પૈકી ૧ પ્રશ્નના ઉત્તરમાં આવી ગયો.
પ્ર. (૩૪)	વર્ણાશ્રમ ધર્મથી પતિત થયો હોય તેને વૈદિક ધર્માનુષ્ઠાન કરવાનો અધિકાર છે?
ઉ. (૩૪)	ના
પ્ર. (૩૫–૩૬)	સાધુ વેરાગી થઈને સર્વ વર્ણ માત્રનું ખાય તો બ્રાહ્મણ પતિત થાય કે નહિ સહજાનંદ સ્વામી સાધુઓ સાથે સરવેનું અન્ન માંગી ખાતા હતા એમ " **ભારતમંડલમાં**" લખ્યું છે તે ખરૂં છે?
ઉ. (૩૫–૩૬)	બ્રાહ્મણ હોય તે સાધુ , વૈરાગી થઈને દરેક વર્ણનું ખાય તો પતિત થાય. સહજાનંદ સ્વામી સાધુઓ સાથે સર્વનું અન્ન માંગી ખાતા હતા. એવું ભારત મંડલમાં લખ્યુ હોય તો તે વાત તદ્દન ખોટી છે. એ વાત અમારા સંપ્રદાયના કોઈ પણ માન્ય ગ્રંથોમાં લખી નથી તેમ પરંપરાગત પણ નથી. (**સહજાનંદ સ્વામી પોતે સ્વયંપાકી હતા જુઓ સ.જી.પ્ર–**

	૩/૨૧/૩૫)
ઉ. (૩૬)	પ્રશ્ન ૩૫ માના ઉત્તરમાં જુઓ.
પ્ર. (૩૭)	**"આર્ય વિદ્યા સુધાકર"**માં સહજાનંદ સ્વામીને 'પ્રાકૃત યતિ' એટલે વેદ બાહ્ય સંન્યાસી અને કપોલ કલ્પિત ધર્મ ચલાવનારા એમ કહ્યું છે. તે બાબતમાં તમોએ કંઈ ઈલાજ કરેલો છે?
ઉ. (૩૭)	**"આર્ય વિદ્યા સુધાકર"**માં પ્રાકૃત યતિ એવું સહજાનંદ સ્વામીનું વિશેષણ આપ્યુ છે તેનો અર્થ 'વેદ બાહ્ય સંન્યાસી' એવો થઈ શકતો નથી. કપોળ કલ્પિત મત ચલાવવાનું લખેલું છે તે દ્વેષ બુદ્ધિથી લખેલું છે તે સંબંધી ઈલાજ લેવાની ઉપેક્ષા કરી હતી.
પ્ર. (૩૮)	કવિ નર્મદા શંકરે 'શિક્ષાપત્રી' આમોદના એક બ્રાહ્મણે બનાવી આપી એમ લખ્યું છે તે ઉપરથી સહજાનંદ સ્વામી અભણ હતા એમ સુચવેલ છે તો તે બાબતમાં અદ્યાપિ પર્યંત કંઈ ઉપાય લીધો છે?
ઉ. (૩૮)	કવિ નર્મદાશંકરે શિક્ષાપત્રી આમોદના બ્રાહ્મણે બનાવ્યાનું લખેલું છે પણ તે વાત તદ્દન ખોટી છે શિક્ષાપત્રી શ્રી-સહજાનંદ સ્વામીની પોતાની જ બનાવેલી છે. **(જુઓ સ.જી.પ્ર-૪/૪૪,૪૫)** નર્મદાશંકર કંઈ તેવા આપ્તપુરૂષ નહોતા કે તેનું લખવું તમામ સત્ય જ હોય, તેણે તો વિધવા વિવાહનું પણ પ્રતિપાદન કરેલું છે. પણ તેને કોઈ શિષ્ટ જનો અંગીકાર કરતા નથી. એવા અજવાબદાર માણસના લખવાથી સંપ્રદાયને કાંઈ હાની થવાનો સંભવ ન હોવાથી તેના ઉપર કંઈ ઈલાજ લેવામાં આવ્યો નથી. પાછલથી તેજ કવિ નર્મદાશંકરને સંપ્રદાયનું સત્યસ્વરૂપ સમજાવાથી સહજાનંદ સ્વામી તથા સંપ્રદાયની ઘણી જ પ્રશંસા કરેલી છે.**(જુઓ તેમના લેખો)**
પ્ર. (૩૯)	ઉપનયન પૂર્વક તે સાંગ રહસ્ય વેદ અધ્યયન કરાવનારા આચાર્ય સમીપ

	યાવત્ જીવન નિવાસ કરે અને આચાર્યના અભાવમાં તેના પુત્રાદિક સમીપ નિવાસ કરે તેને શાસ્ત્રમાં નૈષ્ઠિક બ્રહ્મચારી કહે છે તેવાને તમો નૈષ્ઠિક બ્રહ્મચારી કહો છો કે કોઈ તમારા સંકેત કલ્પિત દીક્ષાવાળાને કહો છો?
ઉ. (૩૯)	અમારા સંપ્રદાયમાં શાસ્ત્ર પ્રમાણે જ નૈષ્ઠિક બ્રહ્મચારી થાય છે યજ્ઞોપવિત સંસ્કાર થયા પછી તીવ્ર વૈરાગ્યથી ગૃહસ્થાશ્રમની ઈચ્છાનો ત્યાગ કરી સમાવર્તન સંસ્કાર કર્યા વિના જ ઉદ્ધવ સંપ્રદાયમાં આવી નૈષ્ઠિક વ્રતનું સંરક્ષણ યાવત્ જીવન કરે છે. (**અને એવા બ્રહ્મચારીઓ આચાર્ય અને ઠાકોરજીની સેવાઓમાં પણ જોડાઈ છે.**)
પ્ર. (૪૦)	સંકેત કલ્પિત દીક્ષાવાલાને નૈષ્ટિક બ્રહ્મચારી કહો તો તેમાં શું પ્રમાણ છે?
ઉ. (૪૦)	સંકેત કલ્પિત દીક્ષાવાલાને અમો નૈષ્ટિક બ્રહ્મચારી કહેતા જ નથી.
પ્ર. (૪૧)	નૈષ્ઠિક બ્રહ્મચારીને માટે નિત્યકર્મ અને પહેરવેશ શાસ્ત્રમાં લખ્યો છે?
ઉ. (૪૧)	હા
પ્ર. (૪૨)	છે તો શી રીતે છે તે શાસ્ત્રાધારે બતાવો?
ઉ. (૪૨)	નૈષ્ઠિક બ્રહ્મચારીને સંધ્યાવંદનાદિક અને અગ્નિહોત્રાદિક કર્મ તેમજ અજીન વલ્કલ કાષાય આદિ વેષ પણ યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિઓમાં પ્રતિપાદન કરેલ છે.
પ્ર. (૪૩)	સહજાનંદનું શ્રાદ્ધ થાય છે?
ઉ. (૪૩)	હા.
પ્ર. (૪૪)	થાય છે તો પિંડપ્રદાન કોણ કરે છે?
ઉ. (૪૪)	પોતાના શિષ્ય કરે છે. (**પરંતુ ત્રણ પેઢી પર્યંત જ એ શ્રાદ્ધ થતુ હતુ. પરંતુ હવે કોઈ પણ કરતા નથી. અને છતાં કરે તો તે મહામૂર્ખ છે.**)
પ્ર. (૪૫)	નૈષ્ઠિક બ્રહ્મચારીની શ્રાદ્ધ ક્રિયા કરવાને કોનો અધિકાર છે?

ઉ. (૪૫)	પોતાના માતા પિતાને છે. અને તેના અભાવમાં પોતાના શિષ્યને છે.
પ્ર. (૪૬)	વિધિવત્ સન્યાસાશ્રમ વિના શ્રાદ્ધાદિક ક્રિયા નિવૃત્ત થાય છે?
ઉ. (૪૬)	ના.
પ્ર. (૪૭)	તમારા કહેવતા બ્રહ્મચારીઓની શ્રાદ્ધ ક્રિયા થાય છે?
ઉ. (૪૭)	અમારા સંપ્રદાયમાં જે બ્રહ્મચારીઓ છે. તેઓની શ્રાદ્ધાદિ ક્રિયા થાય છે.
પ્ર. (૪૮)	હા કહો તો કોણ કરે?
ઉ. (૪૮)	પોતાના માતા પિતા અને તેના અભાવમાં સ્વ શિષ્યો કરે છે.
પ્ર. (૪૯)	નૈષ્ઠિક બ્રહ્મચારીને દત્તક પુત્ર લેવાને ધર્મ શાસ્ત્ર પ્રમાણે અધિકાર છે.?
ઉ. (૪૯)	આ પ્રશ્ન ઉત્તર પ્રથમના ૭ પ્રશ્નો પૈકી ૧ પ્રશ્નના ઉત્તરમાં જુઓ.
પ્ર. (૫૦)	હા કહો તો પ્રમાણ બતાવો?
ઉ. (૫૦)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૫૧)	ના કહો તો સહજાનંદે વર્ણાશ્રમ ધર્મનું ઉલ્લંઘન કર્યુ છે કે નહિ?
ઉ. (૫૧)	સહજાનંદ સ્વામિએ વર્ણાશ્રમ ધર્મનું બિલકુલ ઉલંઘન કર્યુ નથી પણ વર્ણાશ્રમ ધર્મનું પ્રતિપાદન જ કર્યુ છે.
પ્ર. (૫૨)	પોતે વર્ણાશ્રમ ધર્મનું ઉલ્લંઘન કરનાર બીજાને તે પ્રમાણે વર્તવા કહી શકે?
ઉ. (૫૨)	ન કહી શકે તો પણ કોઈ કહેવાતા શંકરાચાર્ય પોતે વર્ણાશ્રમ ધર્મથી ભ્રષ્ટ હોવા છતાં પણ બીજાઓને વર્ણાશ્રમ ધર્મ મુજબ વર્તવાનું કહે છે.
પ્ર. (૫૩)	સમાવર્તન અને વિવાહ થયા પછી નૈષ્ઠિક બ્રહ્મચર્યાશ્રમ એટલે પ્રથમાશ્રમી થઈ શકે છે ?
ઉ. (૫૩)	ના.
પ્ર. (૫૪)	વર્ણાશ્રમ ધર્મમાં કોઈ પંથની કે સંપ્રદાયની દીક્ષા લેવાની આવશ્યકતા છે ?
ઉ. (૫૪)	વર્ણાશ્રમ ધર્મમાં પણ વિષ્ણુના ઉપાસકને વૈષ્ણવી દીક્ષા લેવાની

	આવશ્યકતા છે.
પ્ર. (૫૫)	વર્ણાશ્રમધર્મ પ્રકરણમાં તેવી દીક્ષા લેવાનો લેખ છે ?
ઉ. (૫૫)	વૈષ્ણવી દીક્ષા લેવાનો લેખ હારિત સ્મૃતિમાં વર્ણાશ્રમને ઉદ્દેશીને છે પંચરાત્ર શાસ્ત્રોમાં આવેલ ભારદ્વાજ સંહિતામાં પણ તે દીક્ષાનું વિધાન છે.
પ્ર. (૫૬)	હા કહો તો કયા ગ્રંથમાં કયે સ્થળે લખ્યુ છે?
ઉ. (૫૬)	આ પ્રશ્ન ઉપરના પ્રશ્નમાં દ-ત્તોત્તર છે.
પ્ર. (૫૭)	પર ધર્મ તમે કોને કહો છો?
ઉ. (૫૭)	બ્રાહ્મણ થઈને ક્ષત્રયિ ધર્મ પાળે, તો તે ધર્મ બ્રાહ્મણનો પર ધર્મ કહેવાય, અને ક્ષત્રિય થઈને બ્રાહ્મણ ધર્મ પાળે તો તે બ્રાહ્મણ ધર્મ ક્ષત્રિયનો પરધર્મ કહેવાય. સંન્યાસી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય રેશમી કોરનાં અને જરીની કોરનાં વસ્ત્રો પહેરે. પાલખી પર બેસે અને રાજોપચાર ભોગવે તો તે સંન્યાસીને પરધર્મ કહેવાય એવી રીતે વર્ણાશ્રમ ધર્મનો વ્યત્યાસ થાય તે પર ધર્મ કહેવાય.
પ્ર. (૫૮)	પાખંડ કલ્પિત ધર્મ તે કયો?
ઉ. (૫૮)	ચતુર્થાશ્રમ સ્વીકાર કરીને પોતાના આશ્રમને ઉચિત ધર્મો છોડી દઈને ઈન્દ્રિયોનું લાલન કરવા વિષય સુખમાં પ્રવૃત્ત થઈ અધર્મને રસ્તે દોરતા હોય અને લોક પ્રતારણાર્થ ઉપરથી ધર્મનો આડંબર કરી વર્ણાશ્રમ ધર્મ પાળવાનો ઉપદેશ કરતો હોય તો તે સંન્યાસી પાખંડ ધર્મી હોઈને તેનો ધર્મ પાખંડ કલ્પિત ધર્મ કહેવાય.
પ્ર. (૫૯)	સહજાનંદ સ્વામીએ મિલકત સંપાદન કરી ત્યારે તેમને જ્ઞાન કે ભક્તિ હતાં કે નહિ?
ઉ. (૫૯)	સહજાનંદે સ્વામી પોતે સાક્ષાત્ પરંબ્રહ્મ હતા તેમને વિષે અપરિમિત જ્ઞાન સ્વરૂપસિંદ્ધ રહેલું જ છે કે જે જ્ઞાન પોતે નૃનાટ્ય અનુકરણ કરે છે, ત્યારે

	પણ લુપ્ત થતુ નથી. અને ભકિત તો મોટા મુકતો પણ તેમની કરે છે પરંતુ મનુષ્ય નાટયમાં સ્વોપાસેકને શિખાડવા પોતે અન્ય કોઈ ઈશ્વરની ભકિત કરતા હોય એમ ભાસમાન થાય છે.(**જેમ ભગવાન શ્રીરામ ભગવાન શંકરની તથા ભગવાન રંગનાથની ઉપાસના પૂજા કરતા હતા. આ વાત આનંદરામાયણમાં જોવા મળે છે. તથા ભગવાન નરનારાયણ દેવ ભગવાન શંકરની ઉપાસના કરતા હતા. આ વાત શીવપુરાણમાં કેદારેશ્વર જયોર્તિલિંગનાં પ્રાગટ્યમાં જોવા મળે છે. તથા ભગવાનશ્રીકૃષ્ણ પોતે પણ શંકરની આરાધના કરતા હતા. આ વાત મહાભારતના શાન્તિપર્વમાં જોવા મળે છે. તથા ચૈતન્ય મહાપ્રભુ અને શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર શ્રી વિઠ્ઠલનાથને તેઓના સંપ્રદાયમાં સાક્ષાત્ ભગવનનો અવતાર કહે છે,તેઓ પણ લોકશિક્ષાર્થે ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના કરતા હતા. તો સ્વામિનારાયણ લોકશિક્ષાર્થે ભગવાનની ઉપાસના કરે તો શો બાધ?**)
પ્ર. (૬૦)	જ્ઞાન તથા ભકિતને અવલંબીને દ્રવ્ય સંપાદન કરવા તમારા મતમાં મનાઈ છે?
ઉ. (૬૦)	હા.
પ્ર. (૬૧)	તમો ધર્મ વેરા, કર્મ વેરા, સમૈયા વેરા, વિગેરે લ્યો છો એ જ્ઞાન અને ભકિતને અવલંબીને લ્યો છો કે અજ્ઞાન અને અભકિતને અવલંબીને લ્યો છો?
ઉ. (૬૧)	કેટલાક સમયથી આધૂનિક શંકરાચાર્યે જેમ આઠ આનાકે તેથી વધારે વેરા બ્રાહ્મણો પાસેથી શ્રદ્ધાથી કે અશ્રદ્ધાથી હુકમ પૂર્વક કે ઉપદેશ પૂર્વક ઉઘરાવેલા છે તેવો અમારા સંપ્રદાયમાં કોઈ જાતનો વેરો છે જ નહિ. શ્રદ્ધાથી જે આપે તેજ લેવાય છે ને તે દેવસેવોપયોગી થાય છે. માટે પ્રશ્નજ અસંભવિત છે.

પ્ર. (૬૨)	જ્ઞાન ભક્તિને અવલંબીને લઈએ છીએ એમ કહો તો "શિક્ષાપત્રી" પ્રમાણે તમારો સંગ કરી શકાય?
ઉ. (૬૨)	આ પ્રશ્ન ઉપરના પ્રશ્નમાં દત્તોત્તર છે.
પ્ર. (૬૩)	તમારા પંથમાં ધર્મ રહિત કૃષ્ણ ભક્તિ કરવાની મનાઈ છે તો તે ધર્મ કયો?
ઉ. (૬૩)	વર્ણાશ્રમધર્મ.
પ્ર. (૬૪)	ધર્મ શું ? અને ધર્મનું લક્ષણ શું?
ઉ. (૬૪)	**'चोदना लक्षणो धर्म'** એ પૂર્વ મિમાંસાના સૂત્ર પ્રમાણે જેનું વેદમાં અનુષ્ઠાન હોય તે ધર્મ કહેવાય છે. **'चोदना लक्षणवत्त्वेसति अर्थवत्वम् धर्मस्य लक्षणम्'** પ્રેરણા લક્ષણ પણું સતે અર્થવાદ્પણુ, એ ધર્મનું લક્ષણ કહેવાય.
પ્ર. (૬૫)	ધર્મના સદ્ભાવમાં પ્રમાણ શું છે?
ઉ. (૬૫)	શ્રુતિ સ્મૃતિ અને શ્રુતિ સ્મૃત્યુકત કર્મ જન્ય ઐહિક સુખ દુઃખાદિ ફલનો પ્રત્યક્ષ અનુભવ-એ પ્રમાણ છે.
પ્ર. (૬૬)	જેકૃષ્ણની ભક્તિ તમો કરો છો તે કૃષ્ણ સહજાનંદ પોતે છે કે બીજો કોઈ કૃષ્ણ છે?
ઉ. (૬૬)	એજ કૃષ્ણ છે. **(જુઓ સ્કન્ધ પુરાણ-વૈષ્ણવખંડ-વા.મહાત્મ્ય / અ.૧૮- શ્લોક-૪૨ થી ૪૩, સ્કન્ધપુરાણ-વૈષ્ણવખંડ, વેંકટાદ્રિમહાત્મ્ય/અ.૭-શ્લોક-૯)**
પ્ર. (૬૭)	બીજો છે એમ કહો તો તે કૃષ્ણ કયા?
ઉ. (૬૭)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૬૮)	સર્વ અવતારના અવતારી અક્ષરાતીત પુરૂષોત્તમ તેજ સહજાનંદ છે એમ તમારા ગ્રંથમાં લેખ છે?
ઉ. (૬૮)	હા

પ્ર. (૬૯)	છે તો તે ગ્રંથ કોનો કરેલો છે ?
ઉ. (૬૯)	શતાનંદ મૂનિનો કરેલો છે. તે ગ્રંથ સત્સંગિ જીવન છે.
પ્ર. (૭૦)	**"સત્સંગિ જીવન"** ના કર્તા કોણ છે?
ઉ. (૭૦)	શતાનંદ મૂનિ છે.
પ્ર. (૭૧)	સુવ્રતમુનિ કોના પુત્ર છે અને કયા રૂષિ કુલના છે?
ઉ. (૭૧)	સુવ્રત ઋષિ ગૌત્તમ કુલોત્પન્ન, કાન્યકુબ્જ કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણના પુત્ર હતા.
પ્ર. (૭૨)	પ્રતાપસિંહ રાજાનું રાજનગર કયું અને તે કયા સ્થાનમાં હતા ?
ઉ. (૭૨)	પ્રતાપસિંહ રાજાનું ભાંડિરપુર નામનું રાજનગર હતુ અને તે રાજધાનીમાં પોતે રહેતા હતા.
પ્ર. (૭૩)	તે રાજા કયા રાજયકુલમાં થયો?
ઉ. (૭૩)	રાજા સૂર્યવંશના રાજયના કુલમાં ઉત્પન્ન થયેલા છે અને વાઘેલા નામની અટક છે.
પ્ર. (૭૪)	શ્રીકૃષ્ણ દીક્ષાવાલાએ તુલસીની માલા ઊર્ધ્વ પુંડ્ર નિત્ય ધારણ કરવાં એમ તમારા મતમાં તે નિત્ય છે તો નિત્યનો ત્યાગ થઈ શકે ?
ઉ. (૭૪)	ઉધ્વ પુંડ્ર તિલક અને તુલસીની માલા એ અમારા મતમાં મુખ્ય નિત્ય કર્મ છે અને વંશ પરંપરાગત જેના કુલમાં ત્રિપુંડ અને રૂદ્રાક્ષની માળા ચાલ્યા આવતા હોય તેને ત્રિપુંડ અને રૂદ્રાક્ષ એ ગૌણ નિત્યં કર્મ છે. માટે જેને વંશપરંપરાથી ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષ ન હોય તેવા અમારા સંપ્રદાય વાલાને તો ઊર્ધ્વ પુંડ્ર અને તુલસીની માળાનો કયારેય ત્યાગ થઈ શકેજ નહીં અને જેને પરંપરાગત ત્રિપુંડ અને રૂદ્રાક્ષની માળા હોય તેવો અમારા સંપ્રદાયના આશ્રિતને પણ ઊર્ધ્વપુંડ્ર અને તુલસીની માળા મુખ્ય કર્મ છે. માટે બનતા સુધી તો તેજ રાખવા જોઈએ. અને જ્ઞાતિ તરફથી હરકત વિગેરે કારણ

	હોય તો ગૌણ નિત્ય કર્મ રૂપ ત્રિપુંડ્ર ધારણ અને રૂદ્રાક્ષ ધારણ કરે તો પણ નિર્બાધ છે.
પ્ર. (૭૫)	ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષ જેના કુલમાં ચાલતુ હોય તે પણ કદાપી ત્યાગ ન કરવું એટલે તે પણ નિત્યજ થયું ત્યારે પરસ્પર વિરૂદ્ધ બે નિત્ય ધર્મ એક વ્યક્તિને એક કાળમાં થઈ શકે છે ?
ઉ. (૭૫)	આનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૭૬)	જેનાં કુળમાં ત્રિપુંડ્ર રૂદ્રાક્ષ ધારણ ચાલતુ હોય તેવા મનુષ્યો તમારો પંથ સ્વીકારી નિત્ય ધર્મનો ત્યાગ કરે તો નિત્ય ધર્મનો ત્યાગ કરવાથી પતિત થાય છે કે નહિ?
ઉ. (૭૬)	પતિત થાય નહી કેમકે તેમાં કંઈ પ્રમાણ નથી. શૈવી દીક્ષા ત્યાગ પૂર્વક વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરે તો ઉલટી ઉંચી સ્થિતિને પામે છે.
પ્ર. (૭૭)	હા કહોતો તેવા પતિત સાયે શુદ્ધ બ્રાહ્મણાદિકો શાસ્ત્ર પ્રમાણે વ્યવહાર રાખી શકે?
ઉ. (૭૭)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નોના ઉત્તરમાં આવી ગયો છે.
પ્ર. (૭૮)	તમારા મતમાં વેદના પ્રમાણથી નારાયણ અને મહેશની એકાત્મતા એક જ સ્વરૂપમા માની છે તો અનાદિકાલથી ચાલતી આવેલી મહેશોપાસનાથી અક્ષર ધામની પ્રાપ્તિ થઈ શકે છે તો પછી શ્રીકૃષ્ણની ઉપાસનાનું પ્રયોજન શું?
ઉ. (૭૮)	નારાયણ અને મહેશની એકાત્મતા વિષે જવાબ. પ્ર.૧૬માં આવી ગયો છે ભાગવતાદિકના મત પ્રમાણે મોક્ષતો વિષ્ણુની ઉપાસનાથી જ થાય છે માટે વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણના ઉપાસના કરવી જોઈએ. (**શ્રીમદ્ ભાગવત્–૧૦/૫૧/૨૦ મુચકુંદ રજા અને દેવતાઓનો સંવાદ**)
પ્ર. (૭૯)	પ્રયોજન વિનાનો આવો આટાટોપ ઉભો કરવો એ ઠગાઈ કહેવાય કે

	નહિ?
ઉ.(૭૯)	આ પ્રશ્નતો પ્રશ્નકારની મુર્ખાઈનો જ સૂચક છે કારણ કે આટાટોપ અને ઠગાઈ તો પ્રશ્નકારમાંજ રહેલા છે. **(તમો માયાવાદીઓ પોતાને જ વિચારીને જુઓ. કે અમો માયાવાદનો પ્રચાર કરીને શું કરીએ છીએ)**
પ્ર. (૮૦)	બ્રહ્મવેતા હોય તથા દેવ હોય તો પણ તેવા જીવોની પ્રતિમાનું ધ્યાન તથા પૂજા કરવા તમારા મતમાં મનાઈ છે અને છે તો સહજાનંદ અને તેના માબાપની મૂર્તિના તથા તેઓના આકારનાં ચિત્રોનું તમો ધ્યાન પૂજા થતા પરિક્રમાં કરો છો તો તેઓ કોણ છે?
ઉ.(૮૦)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નોના ઉત્તરમાં દત્તાતર છે. **(આ માટે તમારે સ્કન્ધ પુરાણ–વૈષ્ણવખંડ–વા.મહાત્મ્ય / અ.૧૮– શ્લોક–૪૨ થી ૪૩, સ્કન્ધપુરાણ–વૈષ્ણવખંડ, વેંકટાદ્રિમહાત્મ્ય/અ.૭–શ્લોક–૯ આ અધ્યાયનો અભ્યાસ કરવો જરૂરી છે. જેમાં સહજાનંદ સ્વામીને સાક્ષાત્ શ્રીકૃષ્ણના અપરાવતાર જ કહ્યા છે. હવે વાત રહી સહજાનંદ સ્વામીના માતા–પિતાની તો તેઓ પૂર્વજન્મમાં બ્રહ્માજીના પુત્ર સાક્ષાત્ ધર્મપ્રજાપતિ અને દક્ષપ્રજાપતિની પુત્રી મૂર્તિદેવી હતા અને બદ્રીકાશ્રમમાં દૂર્વાસા ઋષિના શાપથી ધરાતલ પર મનુષ્યરૂપે પ્રગટ થયા હતા. આ વાત–''સ્કન્ધ પુરાણ– વૈષ્ણવખંડ– વા.મહાત્મ્ય / અ.૧૮– શ્લોક–૪૨ થી ૪૩'' માં જોવા મળે છે તે ત્યાંથી જોઈ લેવી.)**
પ્ર. (૮૧)	પોતાના આત્માની બ્રહ્મસ્વરૂપ ભાવના કરીને કૃષ્ણ સેવા કરવી એવો તમારો મત છે તો તે બ્રહ્મ સ્વરૂપ કૃષ્ણથી જુદુ છે?
ઉ. (૮૧)	સેવ્યજે શ્રી કૃષ્ણ સહજાનંદ સ્વામી તે પર બ્રહ્મ સ્વરૂપ છે તેનાથી સેવક જે બ્રહ્મરૂપ આત્મા તે ભિન્નજ છે તેના પ્રમાણમાં તૈતિરિયોપનિષદ્ શ્રુતિ છે **'બ્રહ્મવિદાઽપ્નોતિ પરમ્–મુમુક્ષુ સ્વયં બ્રહ્મરૂપ થઈને બ્રહ્મને (પરબ્રહ્મને)પામે છે'** આ શ્રુતિ ઉપરથી પામનાર સેવક મુમુક્ષુ જે આત્મા

	તેથી સેવ્યજે પામવા યોગ્ય પરબ્રહ્મ તે સ્પષ્ટ રીતે પૃથ્ક છે
પ્ર. (૮૨)	જુદુ છે તો તે બ્રહ્મનું સ્વરૂપ શું અને તેનું પ્રમાણ શું?
ઉ. (૮૨)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નોના ઉત્તરમાં દત્તોતર છે.
પ્ર. (૮૩)	તમારા મતમાં બ્રહ્મ કેટલા છે?
ઉ. (૮૩)	બ્રહ્મશબ્દ વાચ્ય પર બ્રહ્મ એકજ છે અને બ્રહ્મ શબ્દ વાચ્ય મુકતો અનંત છે.
પ્ર. (૮૪)	અનેક બ્રહ્મહોય તો બધા બ્રહ્મ શબ્દ એક જ છે કે ભિન્ન ભિન્ન છે?
ઉ. (૮૪)	આ પ્રશ્ન પૂર્વ પ્રશ્નોત્તરમાં દત્તોતર છે.
પ્ર. (૮૫)	અનેક બ્રહ્મ હોવાથી પ્રમાણ શું?
ઉ. (૮૫)	આ પ્રશ્નોત્તર પણ ૮૩માં પ્રશ્નના ઉત્તરમાં આવી જાય છે.
પ્ર. (૮૬)	પંચાયતન દેવ તમારા મતમાં પૂજય માનવા લખ્યા છે તેમાં વિષ્ણુ પણ છે. તો તે વિષ્ણુ કૃષ્ણથી જુદા છે?
ઉ. (૮૬)	પંચાયતનદેવનું પૂજન અમારા સંપ્રદાય પૂજય પણે માનવામાં આવે છે તેમાં અગ્ર પૂજા વિષ્ણુની થાય છે તે વિષ્ણુ શબ્દ વાચ્ય મહાવિષ્ણુ છે તેમાં અને શ્રીકૃષ્ણમાં કંઈ ભેદ નથી.
પ્ર. (૮૭)	ભાગવત દશમસ્કંધમાં કયે સ્થળે રાધાનું વર્ણન છે. ?
ઉ. (૮૭)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નોત્તરથી દત્તોતર છે.
પ્ર. (૮૮)	તમોએ મુખ્યત્વે કરીને પ્રમાણ માનેલા ભાગવતના પંચમ અને દશમસ્કંધમાં કયે સ્થળે રાધાનું વર્ણન છે?
ઉ. (૮૮)	ભગવતના દશમસ્કંધ તથા પંચમસ્કંધમાં રાધાનું વર્ણન નથી. પણ બ્રહ્મવૈવર્ત્તાદિ પુરાણોમાં ગર્ગ સંહિતા તથા આદ્ય શંકરાચાર્યના અષ્ટકો તથા ગોપાલતાપનીયોપનિષદ્માં રાધાનું વર્ણન છે.
પ્ર. (૮૯)	તમારૂં ભક્તિ શાસ્ત્ર ભાગવત્ દશમસ્કંધ છે તેમાં રાધા નથી તો રાધાને

	તમે ક્યાથી કાઢી?
ઉ. (૮૯)	આ પ્રશ્નનો ઉત્તર ઉપલામાં આવી ગયો.
પ્ર. (૯૦)	પંચાયતન દેવ માંહેલો શિવ અને વિષ્ણુ એકાત્મરૂપ નારાયણ અને મહેશથી જુદા છે કે એક છે?
ઉ. (૯૦)	પંચાયતનમાં પ્રતિપાદિત શિવ અને વિષ્ણુ એ બંન્ને ભિન્ન છે. તેમજ જે નારાયણ અને મહેશનું એકાત્મપણું પ્રતિપાદન કરેલું છે તે બંન્ને પણ વસ્તુતઃ ભિન્ન છે. અભેદશાથી કહેલો છે, તેનું કારણ પ્ર. ૧૬ના ઉત્તરમાં દર્શાવેલું છે
પ્ર. (૯૧)	નારાયણ અને મહેશને વેદમાં ભેદ સ્વરૂપે પ્રતિપાદન કર્યા છે કે અભેદ રૂપે ?
ઉ. (૯૧)	આ પ્રશ્નનો ઉત્તર પ્રશ્ન ૧૬ના ઉત્તરમાં આવી જાય છે.
પ્ર. (૯૨)	સ્વગૃહ્યાનુસાર સંસ્કારાદિ કરવું એમ તમારો મત છે તો જેના ગૃહ્યસુત્રમાં તપ્તમુદ્રાદિ પંચસંસ્કાર નથી.એવો તપ્તમુદ્રાદિ સંસ્કાર કરવો નિષિદ્ધ છે કે નહિ?
ઉ. (૯૨)	સ્વગૃહ્યાનુસાર સંસ્કારરાદિ કરવું એવો જ અમારો મત છે. તે પ્રમાણે જ ગર્ભધાનાદિ સંસ્કાર કરવામાં આવે છે પરંતુ વૈષ્ણવી દીક્ષામાં '**अतप्ततनुर्न तदापो अश्नुते** 'ઈત્યાદિ શ્રુતિ વચનથી અને હારિત સ્મૃતિ તથા પંચરાત્રાદિમાં તપ્તમુદ્રાદિનું પ્રતિપાદન કરાયેલુ છે માટે તેવો સંસ્કાર કરવો નિષિદ્ધ કર્મ નથી. પરંતુ તપ્તમુદ્રાદિ ન ગ્રહણ કરવાથી વિહિત કર્મમાં અનૂઅધિકાર થાય છે. (**જુઓ પાંચરાત્રની શાંડિલ્ય સંહિતા**)
પ્ર. (૯૩)	એવા નિષિદ્ધ તપ્તમુદ્રાદિ પંચસંસ્કારથી તમો બ્રાહ્મણાદિકને પતિત કરો છો તે અવિહિત આચાર ચલાવવા વાળા પાતકીઓ થાય તેવા પાતકિઓ સાથે સર્વ વ્યવહાર બંધ કરવો એ સચ્છાસ્ત્ર છે કે નહિ?

ઉ. (૯૩)	તપ્ત મુદ્રાદિ સંસ્કાર કર્યા વિના સર્વ ધર્મ કર્મથી બહિષ્કૃત હોઈને પતિત થાય છે તેવા પાતકિઓ સાથે ભોજનાદિ વ્યવહાર રાખવાથી પતિત થવાય છે માટે તેવાઓ સાથે વ્યવહાર ન રાખવો જોઈએ. એવું સ્મૃત્યાદિકામા બહુ સ્થળે પ્રતિપાદન કરેલું છે. (**જેમ કે ભગવાન શંકર કહે છે–** अन्यैर्नदाह्येद्गात्रे ब्राह्मणो हरि लाञ्छनात् । शङ्खचक्रगदाखड्गशाङ्र्गदन्यैर्हरेरपि ॥ लक्षणैर्नदहेहेहंनान्य द्दग्धोऽहतिक्रियाम् । अचक्रधारिणं विप्रंदूरत: परिवर्जयेत् ॥ श्वपाकमिवनेक्षेत्लोकेवि–प्रमवैष्णवम्। वैष्णवोवर्णबाह्योऽपि–पुनातिभुवन त्रयम् ॥**શ્રી હરિના ચિહ્નો જેવા કે શંખ, ચક્ર, ગદા, ખંગ, શારંગનુષ સિવાયના બીજા ચિહ્નોથી બાહુને અંકિત કરવા નહિ. કેમકે આ સિવાયનાં લક્ષણોથી અંકિત ક્રિયા કરવા યોગ્ય નથી. ચક્રને ધારણ નહિ કરનારા બ્રાહ્મણને દૂરથી જ ત્યજી દેવો. વળી લોકમાં જે વૈષ્ણવવિપ્ર ન હોય તેને ચંડાળની જેમ ત્યજી દેવો. એના તરફ જોવું પણ નહિ. કેમકે ચાતુર્વર્ણ્ય બાહ્ય વૈષ્ણવ પણ ત્રણે ભુવનોને પવિત્ર કરે છે. પદ્મ.–ઉત્તર/અ.૨૨૫/શ્લો–૫૧ થી ૫૩)**
પ્ર. (૯૪)	જાણથી કે અજાણથીજો કઈ લઘુ ગુરૂ પાતક થઈ જાય. તો પ્રાયશ્ચિત કરવું એવો તમારો મત છે તો જાણી બુજીને બ્રાહ્મણાદિકોને ધર્મ ભ્રષ્ટ કરવા એ ગુરૂ પાતક છે. તો તમો મહાન પ્રાયશ્ચિતવાન્ છોકે નહિ?
ઉ. (૯૪)	કોઈ બ્રાહ્મણાદિકને અમો ધર્મ ભ્રષ્ટ કરતા નથી. કિંતુ ધર્મ ભ્રષ્ટ ન થવાનો ઉપદેશ આપીએ છીએ છતાં આવો અસભ્યતા અને બાલિશતા ભરેલો

	પ્રશ્ન બિલકુલ અસંગત છે
પ્ર. (૯૫)	મહા પ્રાયશ્ચિત્તિઓ પાસેથી મંત્રોપદેશકે ધર્મોપદેશ લેવો એ સશાસ્ત્ર છે કે ? જેના વાકય વડે સ્વધર્મથી પતન થાય તેવાં વાકય ન સાંભળવાં એવો તમારો મત છે છતાં તમે તમારા વાકયથી તમારીજ રીતે પારકા ધર્મને ભ્રષ્ટ કરો છો. તો તમારી વાણી સાંભળનાર પાતકી થાય છે કે નહિ?
ઉ. (૯૫)	મહા પ્રાયશ્ચિત્તિઓ પાસેથી ધર્મોપદેશકે મંત્રોપદેશ લેવો તે સશાસ્ત્ર નથી છતાં કોઈ કહેવાતા શંકરાચાર્યદ્રવ્ય સંગ્રહથી અને બીજા અનેક ગર્હિત કૃત્યથી પ્રાયશ્ચિતી પૂર્ણ રીતે થયેલા છતાં પણ તેના મુખ થકી જ્ઞાનવાર્તા કેટલાએક સાંભળે છે અને તેને ભેટો આપેછે. તેથી તે શંકરાચાર્ય પોતે તો પતિત ઘણા વખતથી થયેલ છે પણ બીજાને પતિત કરે છે.
પ્ર. (૯૬)	તમો ગોલોકમાં ''**બ્રહ્માત્મના**''કૃષ્ણ સેવા રૂપ એકજ પ્રકારની મુકિત માનો છો તે સશાસ્ત્ર છે ?
ઉ. (૯૬)	હા.
પ્ર. (૯૭)	હા કહો તો અનેકવિદ્ય અધિકારીઓને એક સરખી ફળ પ્રાપ્તિ મળે, તેમાં પ્રમાણ તથા યુકિત શું ?
ઉ. (૯૭)	ગોલોકમાં કૃષ્ણ સેવા રૂપ મુકિત પ્રાપ્ત થાય છે તે આત્યંતિકી મુકિત કહેવાય છે તે કૃષ્ણની ઉપાસનાથીજ પ્રાપ્ત થાય છે અને અન્યના ઉપાસક હોય તેને તત્ તત્ ઉપાસના મુજબ ભિન્ન ભિન્ન ફળ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રમાણ ભૂત ગીતા વાકય **'यान्ति देवव्रतो देवान् पितृन्यान्ति पितृवृताः । भूतानि यान्ति भूतेज्या मद्भक्ता यान्ति मामपि ॥ દેવને પૂજનારા દેવને પામે છે અને પિત્રિયોના પૂજક પિત્રિયોને પામે છે તેમજ ભૂતનું યજન કરનાર ભૂતને પામે છે અને મારા ભક્તો મને પામે છે.'**

પ્ર. (૯૮)	ઉપાસના તારતામ્યથી ફળ તારતમ્ય પ્રતિપાદક શાસ્ત્ર તમારા મતમાં અપ્રમાણ છે.?
ઉ. (૯૮)	પ્રમાણભૂત છે.
પ્ર. (૯૯)	''**બ્રહ્માત્મના**''એ વાક્યનો અર્થ શો છે?
ઉ. (૯૯)	''**બ્રહ્માત્મના**''એ વાક્યનો 'અર્થ બ્રહ્મસ્વરૂપે (દિવ્યરૂપે)' કરીને એવો છે ?
પ્ર. (૧૦૦)	અક્ષરાતીત પુરૂષોત્તમથી ઉત્પન્ન થયેલા મૂળ અક્ષર પુરૂષ તેને તમે બ્રહ્મ કહો છો?
ઉ. (૧૦૦)	અક્ષરાતીત પુરૂષોત્તમ ભગવાન થકી મૂળ અક્ષર પુરૂષનો આવિર્ભાવ થાય છે તે પુરૂષ અનાદિ છે અને તેને બ્રહ્મ પણ કહેવાય છે.
પ્ર. (૧૦૧)	હા કહો તો તમે વિશિષ્ટાદ્વૈત મત માનો છો, તેમાંઆ પ્રકારની ઉત્પત્તિ સ્વીકારી નથી
ઉ. (૧૦૧)	આ પ્રશ્ન ઉપલા પ્રશ્નોત્તરથી દત્તોતર છે.
પ્ર. (૧૦૨)	હવે તમારો સિદ્ધાંત કયો તે બતાવો?
ઉ. (૧૦૨)	જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ, એ પાંચ ભેદ અનાદિ છે. તેમાં સૃષ્ટિ સમયે પરબ્રહ્મ પોતે બ્રહ્મરૂપ જે પુરૂષ તે સામી દ્રષ્ટિ કરે છે તેથી તે પુરૂષ માયા સાથે જોડાય છે તે માયામાં વીર્ય ધારણ કરે છે. તેમાંથી મહત્તત્વાદિકની ઉત્પત્તિ થાય છે. (**જુઓ સ.જી. પ્ર./૪/૬૮/૧ થી ૧૦**)
પ્ર. (૧૦૩)	તમે સૃષ્ટિ સમયે અક્ષરાતીત પુરૂષોત્તમ જે સ્વામિનારાયણ તે થકી '**આદ્યસ્મ:**' પ્રથમ થતા એવા અક્ષર પુરૂષની ઉત્પત્તિ માનો છો તો તેજ ગીતામાં કહેલો અક્ષર કે બીજો?
ઉ. (૧૦૩)	તેજ અક્ષર પુરૂષ.
પ્ર. (૧૦૪)	પુરૂષોત્તમ જે ગીતામાં કહેલા તેજ સ્વામિનારાયણ છે કે બીજો?
ઉ. (૧૦૪)	તેજ શ્રી સ્વામિનારાયણ છે.

પ્ર. (૧૦૫)	અર્જુનનો ગીતોપદેષ્ટા પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તે પોતે **"तमेव चाद्यं पुरुषं प्रपद्यते** '' એ વાક્યે કરીને આદ્ય પુરૂષની ઉપાસના કરે છે એમ જણાવે છે તો તે આદ્ય પુરૂષ કયો?
ઉ. (૧૦૫)	**"तमेव चाद्यं पुरुषं प्रपद्यते** '' એ પાઠ અમારે સંમત છે મુમુક્ષુ તેજ આદ્ય પુરૂષને પામે. અર્થાત્ ઉપાસના કરે આ પાઠ રામાનુજાચાર્યનો પણ સંમત છે માટે આક્ષેપ સંભવતો નથી.
પ્ર. (૧૦૬)	સ્વામિનારાયણથી ઉત્પન્ન થયેલા મૂળ અક્ષર પુરૂષ તેજ ગીતામાં કહેલો આદ્ય પુરૂષ છે, એમ કહી શકય નહિ કેમકે તે પુરૂષો તમથી ઉત્પન્ન થયા છે તેથી તેની ઉપાસના પુરૂષોત્તમ કરી શકે નહિ. પરિશેષથી ગીતામાં કહેલા આદ્ય પુરૂષ સદાશિવ છે, એમ માન્યા સિવાય અન્ય માર્ગ નથી ત્યારે ગીતામાં કહેલો પુરૂષોત્તમ કૃષ્ણ કે તે જેની ઉપાસના કરે છે. તેવા સદાશિવના ભકતોને કૃષ્ણની ઉપાસના કરવાની શી જરૂર છે?
ઉ. (૧૦૬)	ગીતામાં કહેલા આદ્ય પુરૂષ તે પોતે પરમાત્મા જ છે પણ પરમાત્મા થકી આવિર્ભાવ પામેલો મૂળ પુરૂષ નથી. તેમ સદાશિવ પણ નથી. માટે શ્રીકૃષ્ણ સદાશિવની ઉપાસના કરે છે એ કહેવું તે પ્રમત્તગીત છે માટે શદાશિવના ભક્તોને પણ મોક્ષ પામવો હોય તો કૃષ્ણની ઉપાસના કરવી જોઈએ. **(જુઓ સ.જી. પ્ર./૪/૬૮/૧ થી ૧૦)**
પ્ર. (૧૦૭)	તમારા મતમાં વલ્લભાચાર્ય **"સર્વ વૈષ્ણવના રાજા છે"** તો તેમણે પ્રવર્તાવેલી શ્રીકૃષ્ણભકિતથી ગોલોકની પ્રાપ્તિ થાય છે કે નહિ?
ઉ. (૧૦૭)	થાય છે.
પ્ર. (૧૦૮)	હા કહો તો તમારો જુદો પંથ નિરર્થક છે કે નહિ?
ઉ. (૧૦૮)	તેમના સંપ્રદાયમાં કેવળ ભકિતનું પ્રાધાન્ય છે અને અમારા સંપ્રદાયમાં ધર્મ, જ્ઞાન, વેરાગ્ય અને ભકિત એ ચારેનું પ્રધાનપણું છે ઈત્યાદિ

	કેટલાએક ભેદને લીધે સંપ્રદાય સાર્થક છે. (**જેમ કે અમારાપૂર્વાચાર્ય રામાનંદ સ્વામી કહે છે "स्ववर्णाश्रमधर्मेण युक्ता श्रीराधिकापतेः । भक्तिः कार्या द्रढेत्ये तल्लक्षणं ह्युद्धवाध्वनः ॥ " પોત પોતાના વર્ણાશ્રમધર્મમાં રહીને શ્રીરાધિકાપતિ શ્રીકૃષ્ણ ભગવાનની દ્રઢ ભક્તિ કરવી એ જ ઉદ્ધવસંપ્રદાયનું લક્ષણ છે. સ.જી.૧/૧૫/૨૪**)
પ્ર. (૧૦૯)	**"સર્વ વૈષ્ણવ"** એ વાક્યથી શ્રી રામાનૂજ મધ્વ વિગેરે સમસ્ત વૈષ્ણવોનું ગ્રહણ થાય છે ત્યારે સર્વે વૈષ્ણવોના રાજા વલ્લભાચાર્યનો શુદ્ધા દ્વૈત સિદ્ધાંત છોડીને તાબેદાર રામાનુજનો વિશિષ્ટા દ્વૈત સિદ્ધાંત માનવો ઉચિત છે ?
ઉ. (૧૦૯)	શ્રી વલ્લ્લભાચાર્ય સર્વ વૈષ્ણવોના રાજા છે. એટલે સર્વે વૈષ્ણવોમાં શ્રેષ્ઠ છે તેથી અન્ય સંપ્રદાયના વૈષ્ણવો તેમના તાબેદાર છે એમ નથી અને રામાનુજાના વિશિષ્ટા દ્વૈત સિદ્ધાન્ત શ્રેષ્ઠ હોવાથી તે માનેલો છે. **(રામાનુજના સિદ્ધાંત પ્રમાણે દ્વૈતપરક શ્રુતિ અને અદ્વૈત પરક શ્રુતિનો ઘટક શ્રુતિ દ્વારા સુંદર રીતે સન્મવય થઈ જતો હોવાથી અને અમારા પ્રાચાર્ય હોવાથી એમનો મત માનવામાં કોઈ પ્રશ્ન જ નથી અનેશ્રી વલ્લભાચાર્યજીએ પ્રર્વતાવેલી ભક્તિમાં પ્રેમનું પ્રાચુર્ય હોવાથી એમની સેવારીતિ ભગવાન સ્વામિનારાયણે ગ્રહણ કરેલી છે જુઓ સ.જી.૨/૩૭/૫૨-૫૩**)
પ્ર. (૧૧૦)	તમારા ગ્રંથોમાં અથવા સહજાનંદના વુઈલમાં તમારા મતવાળાઓને **"સત્સંગી"** લખ્યા અને બીજા બધા "કુસંગી લખ્યા છે તો તમારા લેખ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યઆદ્દિ સમસ્ત વૈષ્ણવો સત્સંગી છે કે કુસંગી છે?
ઉ. (૧૧૦)	સત્સંગી શબ્દનો અર્થ એ છે કે સત્ શબ્દ વાચ્ય પરબ્રહ્મ તત્પ્રતિપાદક શાસ્ત્ર અને સદ્ધર્મ તેમજ તે પરબ્રહ્મના અશ્રિત સત્પુરૂષો તે ચારેના સંગ

	કરનારને સત્સંગી કહેવાય છે અને તેવા ન હોય તેઓને કુસંગી કહેવાય છે. **(જુઓ સ.જી.૩/૨૬/૫૨ થી ૬૭ જેની અંદર ભગવાન સ્વામિનારાયણે સત્સંગિ અને કુસંગીની વ્યાખ્યા કરેલી છે)**
પ્ર. (૧૧૧)	તમે જે આઠ ગ્રંથ પ્રમાણ માનેલાં છે તેમાં તમારા બનાવેલા વાસુદેવ મહાત્મ્ય છોડી બધા આર્ષ ગ્રંથો છે તો ઋષિઓના વખતમાં તમારો પંથ ન હોતા ત્યારે તે રૂષિઓ કુસંગી ગણાય કે નહિં ?
ઉ. (૧૧૧)	આ પ્રશ્નનો ઉત્તર ઉપલામાં આવી ગયો છે વાસુદેવ મહાત્મ્ય પણ આર્ષ ગ્રંથ છે. **(જુઓ–શ્રીવેંકટેશપ્રેસ મુંબઈ થકી પ્રકાશિત થયેલ સ્કંધપુરાણની પ્રતમાં વૈષ્ણવખંડનો અંતિમ ભાગ)**
પ્ર. (૧૧૨)	**"કુસંગી"** એ શબ્દનો અર્થ તમારા મત પ્રમાણે શું થાય?
ઉ. (૧૧૨)	આ પ્રશ્નનો ઉત્તર પ્રશ્ન ૧૧૦ના ઉત્તરમાં દત્તોત્તર છે.
પ્ર. (૧૧૩)	તમારા મતને ન સ્વીકારે તે બધા કુસંગી છે તો તમારા મતના સત્સંગીઓના મૃત પૂર્વજો કુસંગી ખરા કે નહિં ?
ઉ. (૧૧૩)	આ પ્રશ્નનો ઉત્તર પ્રશ્ન ૧૧૦ના ઉત્તરમાં દત્તોત્તર છે.
પ્ર. (૧૧૪)	તેજ પ્રમાણે સ્વામિનારાયણના પૂર્વજો પણ કુસંગી થયા કે નહિં ?
ઉ. (૧૧૪)	આ પ્રશ્નનો ઉત્તર પ્રશ્ન ૧૧૦ના ઉત્તરમાં દત્તોત્તર છે.
પ્ર. (૧૧૫)	આ અમારી પૂર્વ પક્ષ કોટીનું સપ્રમાણ યુક્તિ પુરસ્સર ખંડન કરી તમારા મતનું સપ્રમાણ મંડન ન કરો તે પછી તમારો મત અવૈદિક ખરો કે નહિ?
ઉ. (૧૧૫)	તમારી પ્રશ્ન કોટીઓનું સપ્રમાણ-ખંડન કર્યુ છે. માટે અમારો મત સનાતન વૈદિક છે.
પ્ર. (૧૧૬)	**(આ પ્રશ્ન પ્રથમ સિયાજી વિજય પેપરમાં છપાવી પાછળથી ચોપડી છપાવતી વખતે રદ કર્યો છે માટે તે લખેલો નથી અને તેનો ઉત્તર પણ આપવામાં આવ્યો નથી,)**

મોરચો બીજો તેના પ્રશ્ન તથા ઉત્તર	
પ્ર. (૧૧૭)	તમારા ઉદ્ધવ સંપ્રદાયનો પોષક અનુબંધ ચતુષ્ટય ગ્રંથ કયો છે ?
ઉ. (૧૧૭)	શિક્ષાપત્રી છે.
પ્ર. (૧૧૮)	સંપ્રદાય શબ્દનો અર્થ શું ?
ઉ. (૧૧૮)	ગુરૂ પરંપરા પ્રાપ્ત થયેલા શ્રી હરિના નામ મંત્રાદિકનું દાન કરવું એ સંપ્રદાય શબ્દનો અર્થ.
પ્ર. (૧૧૯)	સિદ્ધાંતના ભેદ વિના સંપ્રદાયનો ભેદ થઈ શકે ?
ઉ. (૧૧૯)	તમામ સિદ્ધાંતોનો ભેદ ન હોય તો સંપ્રદાયનો ભેદ ન થઈ શકે પણ કેટલાક સિદ્ધાંતો પરસ્પર મળતા હોય અને કેટલાકએક સિદ્ધાન્તો ભિન્ન ભિન્ન હોય તો સંપ્રદાયનો ભેદ થઈ શકે.
પ્ર. (૧૨૦)	ભકિત તમે કોને કહો છો ?
ઉ. (૧૨૦)	**''श्रवणंकीर्तनंविष्णोः स्मरणंपादसेवनम् ॥ अर्चनंवंदनंदास्यं सख्यमात्मनिवेदनम्''** એવી રીતે નવ પ્રકારે ભગવાનને ભજવા તે ભકિત કહેવાય.
પ્ર. (૧૨૧)	તમારી ભકિત એકાન્તીક છે કે અનેકાંતિક?
ઉ. (૧૨૧)	એકાન્તિક છે.
પ્ર. (૧૨૨)	એકાંન્તિક ભકિતનું લક્ષણ શું?
ઉ. (૧૨૨)	એક શ્રી કૃષ્ણ સહજાનંદ સ્વામીને વિષે અનન્ય ભાવથી નવધા ભકિત કરવી તેને અમે એકાંતકી ભકિત કહીએ છીએ.
પ્ર. (૧૨૩)	ઉપાસ્ય અને ઉપાસકનો અભેદ સાકાર બ્રહ્મવાદી કે દ્વૈતવાદી ગ્રંથકારે માનેલો છે?
ઉ. (૧૨૩)	ના.
પ્ર. (૧૨૪)	તમો દ્વૈતવાદી છો કે અદ્વૈતવાદી ?

ઉ. (૧૨૪)	અમો વિશિષ્ટાદ્વૈતવાદી છીએ.
પ્ર. (૧૨૫)	દ્વૈતવાદમાં કે વિશિષ્ટાદ્વૈતવાદમાં નારાયણ તથા મહેશ એ બંન્નેનો અભેદ માનેલો છે?
ઉ. (૧૨૫)	વિશિષ્ટાદ્વૈતવાદમાં કે દ્વૈતવાદમાં નારાયણ તથા મહેશ તેમનો ભેદ માનેલો છે તેવી જ રીતે અમો પણ વિશિષ્ટા દ્વૈતવાદિ છીએ. માટે વસ્તુતઃ એ બંન્નેનો ભેદ જ માનીએ છીએ તથાપિ અભેદનું પ્રતિપાદન કરેલું છે તેનું કારણ પ્રશ્ન ૧૬ના ઉત્તરમાં જુઓ.
પ્ર. (૧૨૬)	તમો વિશિષ્ટાદ્વૈત માનો છો તો તે રામાનુજ આચાર્યનો જે સિદ્ધાંત છે તેજ તમારો સિદ્ધાન્ત છે કે બીજો કોઈ ?
ઉ. (૧૨૬)	તેજ અમારો સિદ્ધાંત છે.
પ્ર. (૧૨૭)	તમો અધ્યાત્મ વિષયમાં શ્રી રામાનુંજ આચાર્યના ગીતા ભાષ્ય અને વ્યાસસૂત્ર ભાષ્યને પ્રમાણ માનો છો તો તમો જે પ્રકારની મુક્તિ માનો છો તે પ્રકારની મુક્તિ શ્રી ભાષ્યમાં કયા અધિકરણમાં કયે ઠેકાણે સ્વીકારી છે?
ઉ. (૧૨૭)	વિશિષ્ટાદ્વૈત મત માનવા પુરતોજ રામાનુજનો સિદ્ધાન્ત અમારે અભીષ્ટ છે મુક્તિ માનવામાં ભેદ છે. માટે અમોએ માનેલી મુક્તિ શ્રી ભાષ્યમાં કયે ઠેકાણે સ્વીકારેલી છે એમ પૂછવું અસંગત છે.
પ્ર. (૧૨૮)	રામાનુજ મતમાં રામનો અવતાર મુખ્ય માન્યો છે કે કૃષ્ણનો અવતાર? કૃષ્ણ નો અવતાર કહો તો તે બાબત તેમના ગ્રંથના કયા પ્રમાણથી કહો છો ?
ઉ. (૧૨૮)	રામાનુજ મતમાં રામ અને કૃષ્ણ બન્ને અવતારને તુલ્ય પણે માનેલા છે.(**જેમ રામાનુજાચાર્યે શ્રી ભાષ્યમાં પદ્મપુરાણ/ ઉ.ખંડ.અ–૨૫૭ ''परावस्था तु देवस्य दिपादुपादुत्पन्नदीपवत्'' તથા પદ્મપુરાણ**

	ઉ.ખંડ.અ–૨૫૮ ''दीपादुत्पद्यते दीपो यथा तद्वत् भविष्यति । परावस्था परेशस्य व्युहाश्च विभवादय:'' આ વચનો ઉદ્ધુત કરીને વાસુદેવાદિ વ્યુહ અને અવતારો પરેશની એક પરાવસ્થા નક્કી કરે છે. આ વચનમાં દીપ થકી ઉત્પન્ન થયેલા દીપને દ્રષ્ટાંત તરીકે લીધુ છે એમ કહી એક તત્વાત્મકને નિરૂપણ કરે છે. જેમ દીપ થકી ઉપજેલા દીપમાં ભેદ નથી બધાજ સમાન–સરખા છે, તેમ પરરૂપને ઉદ્દેશીને થયેલા વ્યુહો, અવતારો વિગેરેમાં સ્વરૂપથી કશો જ ભેદ નથી. આ પ્રમાણે પ્રાચાર્ય રામાનુજનો સિદ્ધાંત છે અને એજ સિદ્ધાંત સહજાનંદ સ્વામીએ પોતાના વચનામૃતમાં 'અવતારોમાં કોઈ ભેદ નથી' એમ સ્પષ્ટ કરેલો છે.)
પ્ર. (૧૨૯)	શ્રી રામાનુજ મતમાં વૈકુંઠ લોક પ્રાપ્તિને મુક્તિ માની છે કે ગોલોક પ્રાપ્તિને ?
ઉ. (૧૨૯)	વૈકુંઠ લોક પ્રાપ્તિને મુક્તિ માનેલી છે.
પ્ર. (૧૩૦)	સાલોક્ય, સારૂપ્ય સાયુજય અને સમિપ્ય એ ચાર પ્રકારની મુક્તિમાં ભેદ તમો માનો છો ?
ઉ. (૧૩૦)	હા.
પ્ર. (૧૩૧)	અક્ષરાતીત પુરૂષોત્તમના ઉપાસકોને અક્ષર પુરૂષનું સારૂપ્ય થઈ શકે ? હા કહો તો પ્રમાણ બતાવો?
ઉ. (૧૩૧)	અક્ષરાતીત પુરૂષોત્તમના ઉપાસકો મુક્તિ દશામાં અક્ષરના સારૂપ્યને પામે અર્થાત્ અક્ષર તુલ્ય સ્વરૂપને પામે તેમાં પ્રમાણ ભૂત શ્રુતિ **"ब्रह्मैव सन् ब्रह्माप्येति"** । બ્રહ્મ (અક્ષર) રૂપ થયો એવો મુકત બ્રહ્મ (પરબ્રહ્મ) પામે છે.
પ્ર. (૧૩૨)	ભકિત અને ઉપાસના એક જ છે કે જુદાં જુદાં ?

ઉ. (૧૩૨)	જુદાં જુદાં છે અને એ બને એક છે એવો પણ કેટલાકનો મત છે.
પ્ર. (૧૩૩)	નીલકંઠ બ્રહ્મચારીએ શ્રીરંગના વૈષ્ણવો સાથે સંવાદ કરી તેમને વિષે રહ્યો જે દુરાચાર તેનો ત્યાગ કરાવ્યાનું તમો લખો છો તો તે વૈષ્ણવ રામાનુંજ વેષ્ણવ હતા ક બીજા?
ઉ. (૧૩૩)	શ્રી રંગ ક્ષેત્રમાં ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારના વૈષ્ણવો પૈકી મધ્યમ અને કનિષ્ઠોમાં કાંઈક પ્રમાદાદિકથી ખામી રહેલી તેને સંવાદથી અને સદુપદેશથી દૂર કરી હતી.
પ્ર. (૧૩૪)	રામાનુજ વૈષ્ણવ હતા એમ કહો તો તેમને નીલકંઠ બ્રહ્મચારીએ ઐશ્વર્ય દેખાડી પોતાના આશ્રિત કર્યાનું લખો છો તો તે વખત સહજાનંદ સ્વામી કયા મતના હતા ?
ઉ. (૧૩૪)	ઉપરના પ્રશ્નમાં લખેલી વાત બીલકુલ ખોટી છે તેવો ઉલ્લેખ અમારા કોઈપણ માન્ય ગ્રંથમાં નથી.
પ્ર. (૧૩૫)	તે વૈષ્ણવો રામાનુજ મત છોડી નીલકંઠ બ્રહ્મચારીના શિષ્ય થયા હતા?
ઉ. (૧૩૫)	આ પ્રશ્નનો ઉત્તર ઉપલા પ્રશ્નમાં ઉત્તર મુજબ જાણવો.
પ્ર. (૧૩૬)	વિહિત ક્રિયા જન્ય ફલાત્મક ધર્મ સિવાય બીજો કોઈ મૂર્તિમાન ધર્મ તમારા મતમાં છે?
ઉ. (૧૩૬)	વિહિત ક્રિયા જન્ય ધર્મ સિવાય જેમાંથી નરનારાયણ ઋષિનો જન્મ થયેલ છે તે ધર્મ મૂર્તિમાન છે. (**શ્રીમદ્ ભાગવત્– સ્કંધ–૪/અ.–૧**)
પ્ર. (૧૩૭)	છે એમ કહો તો તે બંન્ને ધર્મમાંથી સહજાનંદ સ્વામીના પિતાનો અવતાર કયા ધર્મનો છે ?
ઉ. (૧૩૭)	જે મૂર્તિમાન ધર્મ છે તેનો જ અવતાર ધર્મદેવ છે કે જે શ્રી સહજાનંદ સ્વામી ના પિતા હતા. (**જુઓ–''સ્કન્ધ પુરાણ– વૈષ્ણવખંડ–**

	વા.મહાત્મ્ય / અ.૧૮– શ્લોક–૪૨ થી ૪૩'')
પ્ર. (૧૩૮)	**''ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતો સત્સંગી કહેવાય છે''** તેના પ્રમાણમાં ભાગવતના અગીઆરમાં સ્કંધનાં બારમાં અધ્યાયના આરભના નવે શ્લોક લખે છો તેમાં **"मनुष्येषु वैश्याः शुद्राः स्त्रियोऽन्त्यजाः"**એ શ્લોકમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ જાણી જોઈને બ્રાહ્મણો તથા ક્ષત્રિયોને છોડી દીધા છે તેવી બ્રાહ્મણો તથા ક્ષત્રિયોને સત્સંગિ થવા જરૂરી નથી. એમ શ્રીકૃષ્ણ પરમાત્મા માને છે તો તમો બ્રાહ્મણ તથા ક્ષત્રિયોને કયા પ્રમાણથી સત્સંગિ કરો છો ?
ઉ. (૧૩૮)	શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં રહેલા બારમાં અધ્યાયમાં સત્સંગીનું મહાત્મ્ય દર્શાવેલું છે તે પ્રસ્તુતમાં **"मनुष्येषु वैश्याः शुद्राः स्त्रियोऽन्त्यजाः"**એવું લખેલું છે તેનું તાત્પર્ય એવું છે કે સત્સંગે કરીને વૈશ્યો, શુદ્રો, સ્ત્રીઓ, અને અત્યંજો પણ પરમપદને પામે છે ત્યારે બ્રાહ્મણ અને ક્ષત્રિયો સત્સંગથી પરમપદ પામે તેમાં શું કહેવું એવુ તાત્પર્ય છે. પણ બ્રાહ્મણો અને ક્ષત્રિયો સત્સંગી ન થઈ શકે એવું તાત્પર્ય નથી. માટે શ્રીકૃષ્ણ વચનનો વિપરીત અર્થ કરી વિપરીત પ્રશ્ન પુછો છો તે આપ પ્રશ્નકારની વિપરીત મતિનો સૂચક છે.
પ્ર. (૧૩૯)	તમારી શિક્ષાપત્રીમાં ભાગવતના પંચમ અને દશમ આ બેજ સ્કંધ પ્રમાણ માનેલા છે. તો ભાગવતના બીજો સ્કંધ કે જે તમારા મતમાં અપ્રમાણ છે તેનું વાકય **'किरातहुणांध्रपुलिन्द'** આ છે તે વાકય તમો સ્વામિનારાયણને અવતાર સિદ્ધ કરવામાં પ્રમાણ માનો છો ?
ઉ. (૧૩૯)	અમારી શિક્ષાપત્રીમાં દશમ અને પંચમ એ બે સ્કંધ પ્રમાણ પણે માનેલા છે એ તમારૂં કહેવું ભ્રાંતિ મૂલક છે. અમારા ઈષ્ટ દેવે આઠ સચ્છાસ્ત્રો મુખ્ય પણે અભીષ્ટ માનેલા છે તેમાં સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતને પ્રમાણ

	માનેલું છે માટે દ્વિતીય સ્કંધ પ્રમાણ ભૂતજ છે અને **'किरातहुणांध्रपुलिन्दपुक्लसाः'** તેમાં એ શ્લોક શ્રીસહજાનંદ સ્વામિના અવતારમાં પ્રમાણ રૂપ છે. એમ કહેવામાં કંઈ બાધ પ્રાપ્ત થતો નથી.
પ્ર. (૧૪૦)	વચનામૃતમાં લખેલું છે કે '**શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા**' તો આવી રીતે જય સચ્ચિદાનંદ કહેવાની પરિપાટી પ્રાકૃતયાતઓની છે. અને કોઈ વૈષ્ણવોનાં મૂળથીજ આવો રીવાજ નથી. માટે આવા નમસ્કારના વચનથી સહજાનંદ સ્વામી પોતે પરમહંસ પ્રાકૃતયતિ હતા, એમ નક્કિ થાય છે કે નહિ?
ઉ. (૧૪૦)	સચ્ચિદાનંદ શબ્દ બ્રહ્મ વાચક છે તે ભગવાનનું નામ બોલવાનો સર્વેને અધિકાર છે પણ પરમહંસ સિવાય કોઈ બીજાથી "**સચ્ચિદાનંદ**" શબ્દ બોલી શકાય જ નહિ એવો કંઈ શ્રુતિ સ્મૃત્યાદિકમાં નિષેધ નથી વળી શ્રીહરિ સહજાનંદસ્વામિ "**જયસચ્ચિદાનંદ**" એવું બોલતા હતા એમ નથી પણ ક્યારેક "**જય સ્વામિનારાયણ**" એમ પણ બોલતા હતા. (**જુઓ વ.મૃત.– લોયા–૧૮ જેમાં સહજાનંદ સ્વામી જયસ્વામિનારાયણ કહી સભાને પૂર્ણ કરી ઉભા થયા હતા. તથા ગ.પ્ર.–૧૮,૨૪,૨૭, ૨૮,૨૯,૪૨,૫૧,૭૮, સારંગ–૧૭,ગ.મ.૫૫, ગ.અં.૨,૩, જેમાં સહજાનંદ સ્વામી જય સચ્ચિદાનંદ કહી સભાને પૂર્ણ કરી ઉભા થયા હતા.**)
પ્ર. (૧૪૧)	ગઢડાના વચનામૃતમાં લખો છો કે "**જીવ, ઈશ્વર સહિત એવાં જે ચોવિશ તત્વ તેને ક્ષેત્ર કહેલું છે**" આવું કયા આર્ષ ગ્રંથમાં લખેલું છે.?
ઉ. (૧૪૧)	જીવ, ઈશ્વર સહિત ચોવિશ તત્વોને ક્ષેત્ર ગીતાના ૧૩માં અધ્યાયમાં કહેલ છે '**इदंशरीरंकौन्तेय क्षेत्रमित्यभिधीयते । एतज्योवेत्तितंप्राहुः क्षेत्रज्ञमितिताद्विः** । હે અર્જુન! આ શરીર ક્ષેત્ર કહેવાય છે અને તેને જે જાણે છે તેંનો

	અભિજ્ઞ પુરૂષો ક્ષેત્રજ્ઞ કહે છે હવે **यस्यात्माशरीरम् यस्यपृथिवीशरीरम्** જે પરમાત્માનું આત્મા શરીર છે, જે પરમાત્માનું પૃથ્વી શરીર છે ઈત્યાદિ શ્રુતિ મુજબ આત્મા શબ્દ વાચ્ય જીવ અને ઈશ્વર પરમાત્માનું શરીર છે અને પૃથ્વી આદિક પણ પરમાત્માનું શરીર છે તો જીવ ઈશ્વર સહિત ચોવીસ તત્વ તે ક્ષેત્ર અને પરમાત્મા ક્ષેત્રજ્ઞ છે એ ફલિત થયું.
પ્ર. (૧૪૨)	રામાનુજ ગીતા ભાષ્યમાં **क्षेत्रज्ञंचापिमांविद्धि** એ વાકયનો શું અર્થ કર્યો છે?
ઉ. (૧૪૨)	**'क्षेत्रज्ञं चापिमां विद्धि'** એ વાકયનો અર્થ 'ક્ષેત્રજ્ઞ પણ મનેજ જાણ' એવો છે.
પ્ર. (૧૪૩)	વચનામૃતમાં યોગ શાસ્ત્રનું તાત્પર્ય કહેતાં જીવ અને ઈશ્વરને પચીસમું તત્ત્વ કહેલું છે અને ભગવાનને છવ્વીશમું તત્વ કહેલું છે તો જીવ અને ઈશ્વરએ બે મળી એકજ તત્વ શી રીતે થાય ?
ઉ. (૧૪૩)	જીવ અને ઈશ્વર વસ્તુતઃ ભિન્ન છે પણ ચૈતન્ય ધર્મે કરીને અને પરબ્રહ્મનાં આધિન પણે કરીને એક છે માટે એ બંને એક માનેલા છે.
પ્ર. (૧૪૪)	આવા પ્રકારનું યોગ શાસ્ત્રમાં કયે સ્થળે લખ્યું છે અને વચનામૃનમાં આ ઠેકાણે કહેલા તમારા ઈશ્વરનું સ્વરૂપ શું?
ઉ. (૧૪૪)	**'यस्यात्माशरीरम्'** જે પરમાત્માનું આત્મા શરીર છે આ સ્થળે ઈશ્વરનો અને આત્માનો અભેદ માનેલો છે કેમકે ઈશ્વર, પરમાત્માનું શરીર છે એમ પ્રતિપાદન કરનાર અન્ય શ્રુતિનો અભાવ છે. અને સિદ્ધાન્તમાં વૈરાજાદ્દિ ઈશ્વર પણ પરમાત્માનું શરીર છે માટે આત્મા સાથે ઈશ્વરને ચૈતન્ય ધર્મે કરીને અભેદ માનેલો છે એમ અંગીકાર કરવું જ જોઈએ. આ શ્રુતિ યોગ શાસ્ત્રમાં અને તેના ભાષ્યમાં લખેલી છે. અને જડ ચૈતન્યને વિષે જે અંતર્યામિ તે ઈશ્વરનું સ્વરૂપ છે.

પ્ર. (૧૪૫)	ભગવાન છવ્વીસમું તત્ત્વ છે એમ યોગ શસ્ત્રમાં કયા મંત્રમાં અને કયે સ્થળે લખ્યુ છે?
ઉ. (૧૪૫)	તત્ત્વ પરિગણનામાં સાંખ્ય યોગ શાસ્ત્રમાં માત્ર એક તત્ત્વનો ભેદ છે. તે એ કે સાંખ્યવાલા ઈશ્વરતે માનતા નથી અને યોગવાલા ઈશ્વરને માને છે. સાંખ્ય શાસ્ત્રમાં '૨૫' તત્વો માને છે. તત્પ્રતિપાદક સાંખ્ય દર્શનના પ્રથમાધ્યાયનું-૬૧મું સુત્ર **'सत्वरजस्तमसांसाम्यावस्थाप्रकृतिःप्रकृतेर्महान्महतोऽहंङ्कारोऽ हङ्कारात्पञ्चतन्मात्राण्युभयमिन्द्रियंतन्मात्रेभ्यः स्थूलभूतानि पुरुषः इति पञ्चविंशतिगुणः** - સત્વ, રજ, અને તમ એ ત્રણ ગુણોની તુલ્ય અવસ્થા તેનું નામ પ્રકૃતિ તે પ્રકૃતિ થકી મહત્તત્વ ઉત્પન્ન થયું તે મહતત્ત્વથકિ અહંકાર ઉત્પન્ન થયો, તે થકી પંચ વિષય તથા જ્ઞાનેદ્રિયો અને કર્મેન્દ્રિયો ઉત્પન્ન થયા, પંચવિષય થકી પંચમહાભૂત ઉત્પન્ન થયાં એ પ્રકારે ચોવીસ તત્વોઅને પચ્ચીશમો પુરૂષ એવી રીતે ૨૫ તત્વો નિરિશ્વર સાંખ્ય દર્શનકાર માને છે' તેજ તત્ત્વોને યોગ શાસ્ત્રકાર (સેશ્વર સાંખ્યકાર) પણ માને છે માત્ર યોગ શાસ્ત્રકાર એક ઈશ્વર તત્વને અધિક માને છે તત્પ્રતિપાદક પાતંજલ સૂત્ર પ્રથમ પાદનું ૨૪મું **'कलेशकर्मविपाकारशयैरपरामृष्टः पुरुष विशेष ईश्वरः -કલેશ અને કર્મના ફળ તથા આશય સંઘાથે સંબંધ ન પામેલો જે પુરૂષ વિશેષ છે તે ઈશ્વર છે'** આવી રીતે યોગને મતે ૨૬ છવીશ ત્તત્વો છે તેમાં ૨૬મું તત્વ ઈશ્વર છે તેનો જ પર્યાય વાચક શબ્દ ભગવાન્ છે માટે ભગવાન ૨૬મું તત્વ છે એ સિદ્ધ થયું
પ્ર. (૧૪૬)	ચોવિશ તત્વોથી પોતાના આત્માને પૃથક્ સમજી ભગવાનનું ધ્યાન કરવુ એ યોગ શાસ્ત્રનું તાત્પર્ય છે તો પચ્ચીસમાં તત્વમાં તમોએ ગણાવેલા

	જીવથી આત્મા જુદો છે?
ઉ. (૧૪૬)	આત્મા અને જીવ એ બંન્ને એક જ છે. પણ ઉપાધિવાલો હોય ત્યારે જીવ સંજ્ઞિક છે અને ઉપાધિ રહિત થાય ત્યારે આત્મા સંજ્ઞિક છે.
પ્ર. (૧૪૭)	તમારા મતમાં આત્મા કેટલા છે?
ઉ. (૧૪૭)	આત્મા અનેક છે.
પ્ર. (૧૪૮)	સાંખ્ય શાસ્ત્રમાં ઈશ્વરનું ગ્રહણ કોઈ ઠેકાણે કરેલું હોય તો તે સ્થળ બતાવશો?
ઉ. (૧૪૮)	ઈશ્વરનું નિરૂપણ નિરીશ્વર સાંખ્ય શાસ્ત્રમાં કર્યુ નથી.
પ્ર. (૧૪૯)	સાંખ્ય શાસ્ત્રમાં ઈશ્વરનું ખંડન છે? હા કહો તો જે તત્વ સાંખ્યવાલા માનતાજ નથી તેને પચીશમું તત્વ તમો શી રીતે કહો છો.
ઉ. (૧૪૯)	નિરીશ્વર સાંખ્યમાં ઈશ્વર નિરૂપણ કર્યુ નથી પણ સેશ્વર સાંખ્યમાં છે. **(જુઓ શ્રીમદ્ ભાગવત્ તૃતીય સ્કંધમાં આવતી કપિલગીતા જેમાં સાંખ્યા શાસ્ત્રના આદિઆચાર્ય ભગવાન કપિલે ઈશ્વરનું પ્રતિપાદન કરેલું છે.)**
પ્ર. (૧૫૦)	યોગ શાસ્ત્રમાં ઈશ્વરને મૂર્તિમાન ગણ્યો છે.? હા કહો તો કયાં સૂત્રમાં એમ કહેલું છે?
ઉ. (૧૫૦)	યોગશાસ્ત્રના પ્રથમ પાદના ૨૪માં સૂત્રમાં પુરૂષ વિશેષને ઈશ્વર કહેલા છે અને અન્ય સૂત્રમાં તેમનું ધ્યાન નિરૂપણ કરેલું છે ધ્યાન નિરાકારવસ્તુનું સંભવે નહિ અતિ નિરાકાર વસ્તુને પુરૂષપણું પણ સંભવે નહિ માટે યોગને મતે ભગવાન સાકારજ છે.
પ્ર. (૧૫૧)	તમો તમારા ભગવાનને સાકાર માનો છો કે નિરાકાર ? સાકાર તો તો પરિચ્છિન્નત્વ અને અનિત્યત્વ આવે કે નહિ?
ઉ. (૧૫૧)	અમો ભગવાનને સાકાર માનીએ છીએ. અને અંતર્યામી શકિતએ કરીને

	પોતે સર્વત્ર વ્યાપક છે. માટે પરિચ્છિન્નત્વ અને અનિત્યત્વ દોષ પરમાત્મામાં આવતા નથી.
પ્ર. (૧૫૨)	યોગશાસ્ત્રમાં જે મૂર્તિમાન પણું કહયું છે તે મૂર્તિમાન પણાથી તમારા સાકારમાં શું ફેર છે?
ઉ. (૧૫૨)	કાંઈ નહિ એકજ છે.
પ્ર. (૧૫૩)	તમારા ભગવાનને સાકાર માનો તો સર્વ વ્યાપક માનો છો કે નહિ? હા કહો તો વ્યાપકતા અને સાકારતા કયા પ્રમાણથી અને કઈ યુક્તિથી ઘટી શકે?
ઉ. (૧૫૩)	આ પ્રશ્ન ૧૫૧ના પ્રશ્નના ઉત્તરમાં દત્તોત્તર છે. (**ભગવાન સાકાર છે. અને નિરાકાર પણ છે. અને ભગવાનના બન્ને સ્વરૂપો સનાતન છે. જેમ શ્રુતિ કહે છે** ''वेदाहमेतं पुरुषं महान्तं । आदित्यवर्णं तमसः परस्तात् –**અપરિચ્છિન્ન સ્વરૂપ–ગુણ–વિભૂતિવાળા પરમપુરૂષ નારાયણને હું જાણું છું. કેવા? તો આદિત્યને સમાન દેદીપ્યમાન વર્ણવાળા વિગ્રહથી વિશિષ્ટ છે. વળી કેવા? તો તમઃ શબ્દવાચ્ય મૂળ પ્રકૃતિથી પર પરંપદમાં વર્તતા એવા છે''** ''सर्वेनिमिषा जज्ञिरेविद्युतः पुरुषादधि– **વિજળી સમાન પ્રકાશમાન વર્ણવાળા પરંપુરૂષ થકી સર્વે નિમિષો ઉત્પન્ન થયા''** ''**व्यूह रस्मीन् समूह तेजो यत्ते कल्याणतमं रुपं तते पश्यामि–આપના દિવ્યદેહના રશ્મિશબ્દ વાચ્ય કિરણોને ક્ષણમાત્ર ઉપસંહરો, કેમકે અમે આપના દર્શન માટે અસમર્થ છીએ** '' ઈત્યાદિ શ્રુતિઓ ભગવાનની સાકારતા પ્રતિપાદન કરે છે. સહાજાનંદસ્વામી પણ ભગવાનની સાકારતા પ્રતિપાદન કરતા પોતાના વચનામૃતમાં

	કહે છે ''ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યુ છે. (પંચાળા-૪), તેજના મંડળને વિષે દિવ્ય મૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન (ગ.અ.-૩૩), પુરૂષોત્તમ છે તે તો સદા સાકાર જ છે. (ગ.પ્ર-૪૫)'' ઈત્યાદિ. તથા ''नित्यं विभू सर्वगतं सुसूक्ष्म-કાલના પરિચ્છેદથી રહિત અવિનાશી સર્વત્ર વ્યાપક બહાર જેમ અંતરમાં રહેલા અતિસૂક્ષ્મ (મુંડ.ઉ.)'' ''यच्च किञ्चिज्जगत्यस्मिन् दृश्यते श्रूयतेऽपि वा । अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थित-આ જગતમાં જે યત્કિંચિત્ જોવામાં આવે છે અને જે કાંઈ સાંભળવામાં આવે છે તે સર્વની અંદર બહાર વ્યાપિને રહેલા નારાયણ છે (તૈત્તિ.આર.) ઈત્યાદિ શ્રુતિઓ ભગવાનની સર્વવ્યાપકતા અર્થાત્ નિરાકારતાને પ્રતિપાદન કરે છે.'' સહજાનંદસ્વામી ભગવાનની સર્વવ્યાપકતા પ્રતિપાદન કરતા પોતાના વચનામૃતમાં કહે છે.- ''અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અન્તર્યામિ પણે કહેવા તે ભગવાનનું અન્વયપણુ છે (ગ.પ્ર.-૭)'' ''અક્ષરાતીત એવા જે પુરૂષોત્તમ ભગવાન છે... તે સર્વના કારણ છે. જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય (ગ.પ્ર-૫૧)'' ''ભગવાન જે તે પોતાની અન્તર્યામિ શક્તિએ કરીને આત્માને અક્ષર તેને વિષે વ્યાપક છે... અને એ સર્વમાં પોતાની અન્તર્યામિ શક્તિએ કરીને આત્મપણે રહ્યા છે (ગ.પ્ર-૬૪)''ઈત્યાદિ.
પ્ર. (૧૫૪)	"દિવ્ય અવયવી એટલે સાવયવી એવો જે સનાતન ભગવાનનો આકાર છે" એ વાક્યે કરીને તમારા ભગવાનને સાકાર અને સાવયવ માનો છો કે નહિ?

ઉ. (૧૫૪)	હા દિવ્ય (અવિનાશી) આકાર વાળા માનીએ છીએ અને દિવ્ય અવયવી પણ કહીએ છીએ. (''वेदाहमेतं पुरुषं महान्तं । आदित्यवर्णं तमसः परस्तात् **—અપરિચ્છિન્ન સ્વરૂપ–ગુણ–વિભૂતિવાળા પરમપુરૂષ નારાયણને હું જાણું છું. કેવા? તો આદિત્યને સમાન દેદીપ્યમાન વર્ણવાળા વિગ્રહથી વિશિષ્ટ છે. વળી કેવા? તો તમઃ શબ્દવાચ્ય મૂળ પ્રકૃતિથી પર પરંપદમાં વર્તતા એવા છે ''** "न तस्या प्राकृत मूर्तेः - **તે ભગવાનની મૂર્તિ પ્રાકૃત નથી.'' ઈત્યાદિ શ્રુતિ સ્મૃતિઓમાં પરંબ્રહ્મ પરમાત્માને દિવ્યરૂપ અવયવોવાળા કહ્યા છે. પરંતુ પ્રશ્ન કરનારાના પરદાદાગુરૂ આદિ જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્યજીએ પોતાના ગાયત્રી ભાષ્યમાં પરંબ્રહ્મ પરમાત્માના રૂપને માયિક કહ્યુ છે અને વેદાન્તસૂત્ર પર રચેલા શાંકર ભાષ્યમાં વેદવિરૂદ્ધ નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. તો આ પ્રશ્ન અમોને પુછવા કરતાં તમારા દાદાગુરૂને પુછો કે તમે કયા શાસ્ત્રના આધારે પરમાત્માને માયિક તથા નિર્વિશેષ પ્રતિપાદન કરેલા છે? તમારા મતનું પરિપૂર્ણ ખંડન અમારા પૂર્વાચાર્ય શ્રી રામાનુજાચાર્યે શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા/ અ.૧૩/શ્લો–૨ માં વિસ્તારથી કરેલું છે. તથા સહજાનંસ્વામીના શિષ્ય સદ્‌. ગોપાળાનંદ સ્વામીએ ગીતા ભાષ્ય અ.૧૩/શ્લો–૨ માં પણ કરેલું છે. અને ત્યાં તેઓએ નિર્વિશેષ બ્રહ્મવાદને શ્રુતિવિરૂદ્ધ સિદ્ધ કરેલો છે. તે તમો ત્યાંથી જોઈ લેજો.**)
પ્ર. (૧૫૫)	તમોએ જે આઠ ગ્રંથ પ્રમાણે રૂપ માનેલા છે તેમાં સાંખ્ય, યોગ, અને પંચરાત્ર નથી. પરંતું વેદ છે તેથી વેદાંતનો અંગીકાર થઈ શકે તો પણ તમારા વચનામૃતમાં લખ્યા પ્રમાણે તમો (૧/૪) પા જ્ઞાની ખરા કે નહિ?
ઉ. (૧૫૫)	આઠ સત્‌ શાસ્ત્ર પ્રધાનપણે કરીને માનેલા છે તેથી અન્ય શાસ્ત્ર માન્ય

	નથી એવું તાત્પર્ય નથી. યાગ અને સાંખ્ય તથા પંચરાત્ર એ શાસ્ત્રો માન્ય હોવાથી (૧/૪)પા જ્ઞાની પણાનો કરેલો પ્રશ્ન અજ્ઞાન મૂલક અને ઈર્ષ્યા સૂચક છે. (પ્રશ્નકર્તાએ આ પ્રમાણેનો પ્રશ્ન પુછી એ વાત સ્પષ્ટ કરી છે કે તેને સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ નથી. જો સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ હતે તો તેઓ આ પ્રશ્ન પુછતે જ નહિ. સહજાનંદ સ્વામીએ પોતાના સ્વહસ્તે રચેલી શિક્ષાપત્રી પર તેમના જ દત્તપુત્ર આચાર્ય રઘુવીરજીએ ભાષ્યની રચના કરી છે. તેમાં શિક્ષાપત્રી શ્લોક-૪૧ના ભાષ્યમાં આ બાબતની સ્પષ્ટતા કરતા તેઓ કહે છે ''वेदाश्चेति चकाराद् भगवत्प्रत्यक्षमूलत्वेन सप्रामण्यस्य पाञ्चरात्रस्य सङ्ग्रहाद्वा नोक्त्त शङ्कावकाश... । - સહજાનંદ સ્વામીએ શ્લોકમાં જે ચકાર મુકયો છે તેનાથી ભગવત્પ્રત્યક્ષ જ મુળ હોવાથી સપ્રમાણ્ય પાંચરાત્રને પણ ગ્રહણ કર્યુ હોવાથી શ્રી સહજાનંદ સ્વામીના મતે પાંચરાત્રના અપ્રમાણ્યનો કોઈ અવકાશ જ નથી. એટલે પાંચરાત્ર શાસ્ત્રોનું પણ ચકારથી ગ્રહણ કરેલું છે.'' તથા શિક્ષાપત્રી શ્લોક-૯૩ની ટીકામાં રઘુવીરજી મહારાજ કહે છે- ''अनेन च प्रीतिप्रदर्शनेन विवक्षितः तश्चिदतिशयो व्यञ्जितो भवति, न त्वन्येषामुपबृंहणानाम प्रमाकता, अन्यथा विष्णुपुराणप्रभृतिनां सात्त्विकानामप्यप्रमाण्यापत्तेः । - આ વેદાદિ આઠ સચ્છાસ્ત્રો પોતાને ગમે છે તેનો અર્થ એ છે કે આ ગ્રંથોમાં રહેલી અમુક વિગતો રૂચે છે. આ ગ્રંથો ઉપર રૂચિ પ્રગટ કરવાનો અર્થ એવો નથી કે આ સિવાયના વૈદિક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનારા બીજા ગ્રંથો અપ્રમાણ રૂપ છે. જો એમ માનવામાં આવે તો વિષ્ણુપુરાણાદિ સાત્વિક ગ્રંથોનું પણ પ્રમાણપણું ખંડિત થઈ

	જશે.'' માટે સહજાનંદ સ્વામીએ આ આઠ સચ્છાસ્ત્રો ઉપરાંત વિષ્ણુપુરાણાદિ સાત્વિક ગ્રંથોને પણ પ્રમાણપણે પરિગ્રહેલા છે. આ ઉપરાંત સહજાનંદ સ્વામી ગ.પ્ર.પરમાં કહે છે–''સાંખ્ય,યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનનાં સ્વરૂપને સમજે તે પુરો જ્ઞાનિ કહેવાય... કારણકે સાંખ્યશાસ્ત્ર છે તે ભગવાનને પંચવિશમાં કહે છે અને ચોવિશ તત્વ જેમ ભગવાન્ વિના કાંઇ કરવાની સમર્થ નથી માટે એને પણ ચોવિસ તત્ત્વ ભેળા જ ગણે છે અને જીવ, ઈશ્વરે સહિત એવા જે ચોવિસ તત્ત્વ તેને ક્ષેત્ર કહે છે ને પંચવિશમાં જે ભગવાન્ તેને ક્ષેત્રજ્ઞ કહે છે અને યોગશાસ્ત્ર છે તે ભગવાનને છવિસમાં કહે છે ને મૂર્તિમાન કહે છે ને જીવ, ઈશ્વરને પંચવિશમાં કહે છે ને ચોવિસ તત્ત્વને પૃથક્ કહે છે ને એ તત્વથી પોતાના આત્માને પૃથક્ સમજીને ભગવાનનું ધ્યાન કરવું એમ કહે છે અને વેદાંત શાસ્ત્ર છે તે ભગવાનને સર્વકારણ,સર્વવ્યાપક, નિર્ગુણ, અદ્વૈત નિરંજન અને કર્તા થકા અકર્તાને પ્રાકૃત વિશેષણે રહિત ને દિવ્ય વિશેષણે સહિત એમ કહે છે. અને પંચરાત્ર શાસ્ત્ર છે તે ભગવાનને એમ કહે છે જે એક જે શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ નારાયણ છે તે જ વાસુદેવ, સંકર્ષણ, અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહ રૂપે થાય છે ને પૃથ્વીને વિષે અવતારનું ધારણ કરે છે અને તેને વિષે જે નવ પ્રકારની ભક્તિને કરે છે તેનું કલ્યાણ થાય છે, એવી રીતે એ ચાર શાસ્ત્ર ભગવાનને કહે છે તેને યથાર્થ સમઝે ત્યારે પુરો જ્ઞાનિ કહેવાય. અને બીજાં ત્રણ શાસ્ત્રને મુકીને એક સાંખ્યશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ બાધ આવે જે, સાંખ્યશાસ્ત્રમાં જીવ, ઈશ્વરને તત્ત્વથી નોખાં નથી કહ્યાં, તે જયારે તત્ત્વનો નિષેધ કરીને તત્ત્વથી પોતાના જીવાત્માને નોખો સમજે ત્યારે પંચવિશમો પોતાનો જીવાત્મા સમજાય પણ ભગવાન ન સમજાય અને જો એકલે

	યોગશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે યોગશાસ્ત્રે ભગવાનને મૂર્તિમાન કહ્યા છે,તેને પિરિછિન્ન સમજે, પણ સર્વાંતર્યામી અને પરિપૂર્ણ એવા ન સમજે. અને જો એક વેદાંતશાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે, તો એ દોષ આવે જે ભગવાનને સર્વકારણ, સર્વવ્યાપક અને નિર્ગુણ કહ્યા છે, તેને નિરાકાર સમજે પણ પ્રાકૃત કરચરણાદિકે રહિત અને દિવ્ય અવયવે સહિત તેને ન સમજે. અને જો એકલે પંચરાત્રશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એવો દોષ આવે જે જે ભગવાનના અવતારને વિષે ભક્તિ કહી છે , તેને વિષે મનુષ્ય ભાવ આવે તથા એકદેશસ્થપણું સમજાય જાય, પણ સર્વાંતર્યામીપણું ને પરિપૂર્ણપણું ન સમજાય, માટે એ સર્વે શાસ્ત્રે કરીને સમજે તો જે એક એક શાસ્ત્રની સમજણે કરીને દોષ આવે છે તે બીજા શાસ્ત્રની સમજણે કરીને ટળી જાય છે. માટે એ ચાર શાસ્ત્રે કરીને જે સમજે તે જ પરિપૂર્ણ જ્ઞાની કહેવાય છે અને જો એ ચારમાંથી એકને મુકીદે તો પૂણો જ્ઞાનિ કહેવાય ને બેને મુકી દે તો અર્ધો જ્ઞાની કહેવાય ને ત્રણને મુકી દે તો પા જ્ઞાની કહેવાય, ને ચારેને મુકીને પોતાના મનની કલ્પનાએ કરીને ગમે તેવી રીતે શાસ્ત્રને સમજીને વર્તે છે અને જો તે વેદાંતી છે અથવા ઉપાસના વાળો છે. તે બેય ભુલા પડ્યા છે પણ કલ્યાણનો માર્ગ એ બેમાંથી કોઈને જડ્યો નથી. માટે તે વેદાંતી તે દંભી જ્ઞાની છે. અને એ ઉપાસનાવાળો તે પણ દંભી ભક્ત છે'' આમ સહજાનંદ સ્વામીએ ચારેય શાસ્ત્રોને પ્રમાણપણે પરિગ્રહેલા હોવાથી તેઓ અને તેમના અનુયાયીઓ જ પૂર્ણ જ્ઞાની છે આ સિવાયનાં તમે કહ્યા મુજબ ૧/૪–પા જ્ઞાની છે.)
પ્ર. (૧૫૬)	સાધુના અવગુણો લેવાની મનાઈ લખી છે પણ સત્સંગીઓને અને સાધુઓને બીજા અવગુણ લેવાની મનાઈ નથી કરી એ ઉચિત છે ?

ઉ. (૧૫૬)	સાધુઓને અને સત્સંગીઓને પણ કોઈનો અવગુણ લેવાનો પ્રતિષેધ વચનામૃતમાં કરેલો છે. (**આ વાત સહજાનંદસ્વામીએ પોતે કહેલા વચનામૃતમાં સ્પષ્ટરૂપે કહી છે જેમ તેઓ કહે છે –''ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પદોષ હોય તો પણ તે જોવો નહિ, અને એ દોષ જો પોતામાં હોય તેને ટાળ્યાનો ઉપાય કરવો. પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તો પણ એ હરિજનનો અવગુણ લેવો નહિ'' (ગ.અં.–૨૧) તથા ''અને તો સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિષે ભક્તિપણ વૃદ્ધિ પામે છે, માટે તે સાધુનો અવગુણ ન લેવો. ને ગુણ જ લેવો. અને અવગુણ તો ત્યારે લેવો, જયારે પરમેશ્વરની બાંધેલી જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો, પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય, તેનો ત્યાગ કરીને જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન, વૈરાગ્યાદિક જે શુભગુણ તે ઘટી જાય છે. માટે વર્તમાનમાં ફેર હોય તોજ અવગુણ લેવું પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ.'' (ગ.પ્ર–૫૩))**
પ્ર. (૧૫૭)	બ્રહ્મપુર નામનું ધામ અને અક્ષરધામ બંન્ને એકજ કે જુદા છે?
ઉ. (૧૫૭)	એક જ છે. (**જેમ રામાનુજ સંપ્રદાયમાં** 'वैकुण्ठे तु परे लोके श्रिया सार्धं जगत्पतिः' 'लोकं विकुण्ठमुपनेष्यति गोकुलं स्म'**ઈત્યાદિ વચનોને અનુસારે મુક્ત પ્રાપ્ય પરાત્પર અપાકૃત અનાદિ અપુનરાવૃત્તિ ભગવદ્ધામને વૈકુંઠ શબ્દથી વિશેષતઃ કહે છે. એજ ધામને** 'तदक्षरे परमे व्योमन् 'तद्विष्णोः परमं पदम्' **ઈત્યાદિ**

	શ્રુતિને અનુસારે પરમપદ, પરમવ્યોમ, અક્ષર, અમૃત, આદિક શબ્દોથી પણ વ્યવહાર કરે છે. ગીતા ભાષ્યમાં– 'अक्षरपरमव्योमनिलयः' **શ્રી ભાષ્યમાં** 'चिद्व्योमनिलयः' **વેદાંતદીપમાં** 'परमखपदः' **આ પ્રમાણે કહી એકજ ભગવદ્ધામને વિભિન્ન નામથી સંબોધેલું છે. સહજાનંદ સ્વામી પણ એજ ગુરૂ પરંપરામાં આવતા હોવાથી તેઓએ પણ 'शृणुत वक्ष्यामि रुपं ब्रह्मपुरस्य वः । एकान्तिकानां भक्तानां प्राप्यस्यातिसुखस्य च ॥ एतद्रहस्यमस्तीति पुराणेषु महर्षिभिः । न सम्यग्विस्तरेणोक्तं प्रोक्तं नामान्तरेण च ॥ એકાન્તિક ભક્તજનોએ જ પ્રાપ્ય અને જેને પામેલાઓને સુખ નિરવધિ મળે છે, તે <u>બ્રહ્મપુર ધામનું</u> સ્વરૂપ તમોને કહું છું તેને સાવધાન મનથી સાંભળો. આ ધામ ભક્તિરસવેદિઓ થકી અન્યત્ર નહિ પ્રકાશનીય હોવાથી પરમ રહસ્ય છે. એમ અભિપ્રાય કરીને મહર્ષિઓએ પુરાણમાં વિસ્તારથી રૂડી રીતે કહ્યુ નથી. ક્વચિત્ ક્વચિત્ વૈકુંઠ ગોલોક આદિક પર્યાય નામોથી સંગ્રહમાં કહ્યું છે. '' (સ.જી.૩/૪૧/૧–૨) આ વચનથી એક જ ધામને અનેક નામોથી સંબોધેલું છે. તથા તેમના શિષ્યોએ પણ એક જ ધામને અનેક નામથી સંબોધેલું છે. જેમ સદ્ ગોપાળાનંદ સ્વામી શ્રીમદ્ ભાગવત (સ્કંધ–૧૧/૧૧/૨૮)** 'त्वं ब्रह्म परमं व्योम पुरुषः प्रकृतेः परः । अवतीर्णोऽसि भगवन्! स्वेच्छोपात्तपृथग्वपुः॥' **આ શ્લોકની કૃષ્ણઅભિ–પ્રાયબોધિની ટીકામાં કહે છે** ''स्वाभिप्रायं तु स्वयं त्वमेव जानास्यत एतं वक्तुं वैकुण्ठ–

	गोलोक–अक्षर–परमपद–परमव्योमेत्यादिशब्दैरुक्तात् स्वब्रह्मपुरस्थानात् स्वयमागतोऽसि ततो भवद्भिः कथ्यतामित्युद्धवस्वामिचरणानां हृद्गतोऽभिप्रायः। वैकुण्ठब्रह्मधाम्नोरेकत्वे प्रमाणानि– 'लोकंविकु–ण्ठमुपनेष्यति गोकुलं स्म' 'सत्यं ज्ञानमनन्तंयद्ब्रह्म' 'नन्दादयस्तु तं द्रष्टवा परमानन्दनिर्वृत्ताः। कृष्णं च तत्र छन्दोभिः स्तूयमानं सुवास्मिताः' **આવાં વાકયો છે અર્થાત્– પોતાનો અભિપ્રાય તો પોતે તમેજ જાણો છો. માટે આ બાબતને કહેવા માટે વૈકુંઠ, ગોલોક, અક્ષર, પરમપદ, પરમવ્યોમ ઈત્યાદિ શબ્દોથી કહેલા પોતાના બ્રહ્મપુર સ્થાનથકી સ્વયં પધાર્યા છો, માટે તમોજ મારા પ્રશ્નનો ઉત્તર આપો. એવો ઉદ્ધવસ્વામિચરણોનો હૃદ્ગત અભિપ્રાય છે. વૈકુંઠધામ બ્રહ્મધામ એક જ છે એમા પ્રમાણો** 'लोकं विकुण्ठमुपनेष्यति गोकुलं स्म' **ઈત્યાદિ છે.)'' આ પ્રમાણે શ્રી સહજાનંદ સ્વામી અને તેમના શિષ્યનો ધામ વિષયક મત એક જ છે. અર્થાત્ તેઓ એક જ ભગવત્ ધામને વિભિન્ન નામથી કહે છે.)**
પ્ર. (૧૫૮)	પ્રધાન પ્રકૃતિ અને મહામાયા એમાં ભેદ શું?
ઉ. (૧૫૮)	મૂળ પ્રકૃતિ અને મહા માયા એક જ છે ઉત્પત્તિ પ્રકારમાં જયારે મૂળ પ્રકૃતિ થકીજ મહત્તત્વની ઉત્પતિ કહેલી હોય ત્યાં મૂળ પ્રકૃતિતો અને પ્રધાનનો અભેદ માનેલો છે. અને જયારે મૂળ પ્રકૃતિમાંથી પ્રધાનની ઉત્પત્તિ ત્રિપાદમહાનારાયણોપનિષદમાં કહ્યા મુજબ માનીએ તો મૂળ પ્રકૃતિ તથા પ્રધાન જુદા પણ કહી શકાય. **(જુઓ. સ.જી.૪/અ.૬૮ થી ૭૩)**
પ્ર. (૧૫૯)	ભગવાનનો મોટા નાનો ભકત એમ કહેવાનો તમારો રિવાજ છે, તો તે

	મોટા તથા નાના ભકતને મુકિતનું ફળ એક સરખું થાય છે. કે કાંઈ ફેર નથી?
ઉ. (૧૫૯)	ભગવાનનો મોટો ભકત એટલે એકાંતિક પણે આત્યંતિક ભકિતયોગનિષ્ઠ અને નાનો ભકત એટલે તે કરતાં ગૌણ તે બન્નેના મુકિતફળમાં પણ કાળ ભેદ છે. (**જેમ સહજાનંદ સ્વામી ગ.અ.–૫માં કહે છે ''જે ભગવાનના ભકતને ભગવાનનો નિશ્ચયપણ પરિપૂર્ણ હોય ને કામ ક્રોધ લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગીને અતિવૈરાગ્યવાન્ ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજુ ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે અને બીજો જે ભકત છે તેનેપણ ભગવાનનો નિશ્ચય તો પરિપૂર્ણ છે તો પણ હૃદય કામ ક્રોધ લોભ મોહાદિકનો વિક્ષેપ આવે ત્યારે પોતાના હૃદયમાં દાજ્ય થાય ને ભગવાન્ જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઈચ્છે નહિ તેને આત્મનિષ્ઠા વૈરાગ્ય જો થોડા હોય તો પણ એ દેહ મુકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે શા માટે જે પ્રથમ કહ્યો જે ભકત તે ઉપરથીતો ત્યાગીને નિષ્કામી જણાય છે પણ ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે માટે એ સકામ ભકત કહેવાય અને એને પરલોકને વિષે જરૂર ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે અને જે બીજો ભકત કહ્યો તે ઉપરથીતો સકામ જેવો જણાય પણ એ ભકત ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઈચ્છતો નથી અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઈચ્છતો જો ઘાટ થઈ જાય તો અતિશય મનમાં દાજે છે માટે એ નિષ્કામ ભકત કહેવાય તે જયારે દેહને મુકે ત્યારે બહુ મોટા સુખને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે અને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનેવિષે અતિશય પ્રીતિએ યુકત થાય છે '')**

પ્ર. (૧૬૦)	ક્રિયાવાન્ હોય તે નિર્વિકારી થઈ શકે ?
ઉ. (૧૬૦)	પરમાત્માની ભક્તિ રૂપ ક્રિયા વાલો તો નિર્વિકારી થઈ શકે. (જેમ સહજાનંદ સ્વામી વરતાલ-૧૭માં કહે છે- ''જે કેવલ નિવૃત્તિધર્મવાલા ત્યાગ છે ને ઉન્મત્તનીપેઠે વર્તે છે તેતો કેવલ આત્મનિષ્ઠાવાલા જાણવા અને વળી જે નિવૃત્તિધર્મવાળા ત્યાગી ભગવાનની ભક્તિએ યુક્ત છે તેને તો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેનેવિષે રહીને ભગવાન્ ને ભગવાનના ભક્ત સંબધિ જે પ્રવૃત્તિમાર્ગ તેને વિષે સાવધાન થઈને જોડાવું અને એ જે ભગવાનને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામજ ભક્તિ છે અને એવી પ્રવૃત્તિવાળા જે ત્યાગી છે તેની બરોબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવલ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી શા માટે જે આતો ત્યાગી છે ને નિવૃત્તિમાર્ગવાળા છે તો પણ ભગવાન્ ને ભગવાનના ભક્તની સેવાનેઅર્થે પ્રવૃત્તિમાં પ્રવર્તે છે અને એ જે ભગવાનનો ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિમાર્ગને વિષે રહેવું પણ પરમેશ્વરના નિયમથી અધિકપણ વર્તવું નહિ ને ન્યૂનપણ રહેવું નહિ અને કામ, ક્રોધ, લોભ, મોહ, આશા તૃષ્ણા, સ્વાદ એ આદિક જે વિકાર તેને ત્યાગ કરીને ભગવાન્ને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાર્ગને વિશે વર્તવું તો એને કોઈ જાતનું બંધન થાય નહિ અને કેવલ આત્મનિષ્ઠાવાળો જે ત્યાગી તે કરતાં તો આ ત્યાગી અતિશય શ્રેષ્ઠ છે તે ભગવાનની કૃપાનું પાત્ર છે '')
પ્ર. (૧૬૧)	ઉપાસનો એ ક્રિયા છે કે નહિ. ?
ઉ. (૧૬૧)	હા આંતરક્રિયા છે.
પ્ર. (૧૬૨)	તમારા મતમાં આત્મા અને અક્ષર રૂપ શરીરથી દિવ્ય અવયવવાળા

	ભગવાનનું શરીર જુદુ છે?
ઉ. (૧૬૨)	હા. (જેમ સહજાનંદ સ્વામી ગ.મ.–૬૭માં કહે છે– ''ભગવાનનો ભકત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય જો ભગવાન આટલી સાર્મથીએ યુકત છે અને આટલી શોભાએ યુકત છે અને આવા સુખસ્વરૂપ છે એવી રીતે એ ભકતે જેટલો ભગવાનનો મહિમાં જાણીયો છે અને જેવા પ્રતાપે યુકત ભગવાનને જાણ્યા છે તે ભકત જયારે દેહ મુકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે રૂપ તથ સાર્મથી તે એ ભકતની પણ તેવીજ થાય છે તો પણ ભગવાનની સાર્મથી અને ભગવાનનું સુંદરપણું ઈત્યાદિક જે પ્રતાપ તે એ ભકતને ભગવાને વિષે અતિશય જણાય છે ત્યારે એ ભકત એમ જાણે છે જે 'મે જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યુ હતુ તેટલું ઐશ્વર્ય ને તેટલું સુંદરપણુ તો મનેપણ ભગવાને આપ્યુ છે તો પણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે' માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ ભગવાન્ જેવો કોઈ થવાને સમર્થ થતો નથી શા માટે જે ભગવાનનો મહિમા ગુણ કર્મ જન્મ ને સામર્થિ તથા સુંદરતા સુખદાયક પણું એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ શારદા બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી અને ભગવાન્ પોતેપણ પોતાના મહિમાના પારને પામતા નથી માટે ભગવાન તો સર્વે સામર્થિએ કરીને અપાર છે અને એ ભગવાનને ભજીને અનંત કોટિ વૈષ્ણવ ભગવાન્ સરખા થયા છે તો પણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલે પણ ન્યૂન થયો નથી જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય તેમાંથી મનુષ્ય પશુ પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીવે તથા પાત્ર ભરીલે તોપણ ઓછુ થતું નથી શા માટે જે તે સમુદ્ર તો અગાધ છે, તેમજ ભગવાનનો મહિમા

	પણ અતિશય અપાર છે માટે કોઈ રીતે કરીને વધે ઘટે એવો નથી તે સારૂ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તો પણ ભગવાનના દ્રઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ સ્વામિસેવકપણું રહે છે.'' આ વચનથી સ્પષ્ટરૂપે પ્રતિત થાય છે મુક્તોમાં, અક્ષરમાં અને પરમાત્મામાં ભેદ છે)
પ્ર. (૧૬૩)	પુરૂષોત્તમ ભગવાનના શરીર રૂપ આત્માથી નિર્વિકાર આત્મા જુદો છે ? હા કહો તો તેનું સ્વરૂપ શું ? લક્ષણ શું ? અને તેમાં પ્રમાણ શું ?
ઉ. (૧૬૩)	પુરૂષોત્તમ ભગવાનના શરીર રૂપ આત્મા એજ આત્મા છે બાલાગ્રશત ભાગ પરિમિત ચૈતન્ય એ આત્માનું સ્વરૂપ છે અને પ્રતિશરીર વ્યાપવાપણું અછેદ્યત્વ અભેદ્યત્વ ઈત્યાદિ આત્માનું લક્ષણ છે અને તેનાં શ્રુતિ સ્મૃતિમાં બહુ સ્થળે પ્રમાણો છે. (**''एषोऽणुरात्मा चेतसा वेदितव्यः आ अणुपरिमाणवाळो जीवात्मा विवेकयुक्त चित्तथी जाणी शकाय छे''** (મુંડ.ઉ.૩/૧/૯), **''आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः जीवात्मा आरनी जेवो छे, तेनाथी पण झीणो देख्यो जाय्यो छे.''** (શ્વેતા.ઉ.૫/૮), **''बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः वाळना अग्रभागना सो भाग करवामां आवे, ते पछी ते एक सूक्ष्म भागना सोमां भाग जेवो अतिसूक्ष्म जीव छे, ते पोतानी ज्ञानशक्तिथी अनन्त विस्तारने धारे छे.''** (શ્વેતા.ઉ.૫/૯) **''स्वरुपतोऽणो–स्वरूपथी जीव अणु सरखो सूक्ष्म छे (बृह.ब्र.सं.४/१०/४४)'' ઈત્યાદિ.**)
પ્ર. (૧૬૪)	શરીર અને મૂર્તિ તેમાં કાંઈ તમો ભેદ માનો છો?
ઉ. (૧૬૪)	શરીર અને મૂર્તિમાં ભેદ છે. મૂર્તિ તો આકારને કહેવાય અને નિરાકાર પદાર્થ પણ શરીર કહેવાય જેમકે આત્મા નિરાકાર છે તે પરમાત્માનું શરીર છે.

પ્ર. (૧૬૫)	મૂર્તિમાન પરમેશ્વર માનતા હો તો તેની મૂર્તિ કેટલી લાંબી તથા કેટલી પહોળી માનો છો?
ઉ. (૧૬૫)	મનુષ્યાકૃતિ છે. (**જેમ રામાનુજાચાર્યજી કહે છે વેદાંતસારમાં 'પુરુષાકારઃ પરમાત્મૈવ' એમ સાક્ષાત્ શબ્દ લખીને આચાર્યશ્રીએ પરમત્માની પુરૂષાકારતા સમર્થન કરી છે. સહજાનંદ સ્વામી પણ પોતાના વચનામૃતમાં પરરૂપના વર્ણન પ્રસંગે ગ.મ–૧૩માં એ મૂર્તિતો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે' અંત્ય ૩૮ 'ભગવાનનો અને મુકતનો જે આકાર છે તે પુરૂષના જેવો દ્વિભુજ છે' લોયા ૪ 'નારાયણતો સદા મનુષ્યાકૃતિ છે.' સહજાનંદ સ્વામીના શિષ્ય સદ્. પ્રેમાનંદ સ્વામી પોતાના કિર્તનમાં કહે છે 'સવા ચોસઠ તસુ પરમાણું'**)
પ્ર. (૧૬૬)	દ્રષ્ટા નિર્વિકારી થઈ શકે? તમારા મત પ્રમાણે દ્રષ્ટાનું લક્ષણ શું ?
ઉ. (૧૬૬)	દ્રષ્ટા એવો જીવ તે માયાના સંબંધથી વિકારવાન્ છે. દ્રષ્ટા એવા પરમાત્મા તે નિર્વિકાર છે તે શ્રુતિ પ્રસિદ્ધ છે. 'દ્રષ્ટુર્દ્રષ્ટેર્વિપરિલોપો ન વિદ્યતે -જે પરમાત્મા તેના જ્ઞાનનો લોપ થતો નથી. તેથી નિરંતર નિર્વિકારજ રહે છે જોવાપણું તે દ્રષ્ટાનું લક્ષણ છે.' (**જેમ સહજાનંદ સ્વામી પોતાના વચનામૃત ગ.પ્ર–૪૧માં કહે છે.'ભગવાન તો અચ્યુત છે તે ચ્યવીને જીવ ઈશ્વરરૂપે થાય નહિ' ગ.પ્ર.૫૨ 'વેદાંત શાસ્ત્ર છે તે નિરંજન કર્તા થકા અકર્તા કહે છે' ગ.પ્ર.૬૨ 'સર્વ ના કર્તા જાણે અને એ સર્વને કર્તાથકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે... ભગવાન્ સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચહાય તે કરવાને સમર્થ છે'**)
પ્ર. (૧૬૭)	તમો પુરૂષોત્તમ ભગવાનને સદા મૂર્તિમાન માનો છો તો મૂર્ત દ્રવ્યનું લક્ષણ શું?
ઉ. (૧૬૭)	અમો પુરૂષોત્તમ ભગવાનને સદા દિવ્ય (અવિનાશી) આકારવાળા માનીએ છીએ આકારવાન્ પણું તે મૂર્ત દ્રવ્યનું લક્ષણ છે.(**ભગવાન વેદવ્યાસજી**

	કહે છે. 'नतस्य प्राकृतामूर्तिः –પરમાત્માની મૂર્તિ, માંસ, મેદ, અસ્થિથી ભરેલી માયિક નથી. (વાયુ.પુ.ખંડ–૩૪/૪૦) 'जगत्यतिगुणो देवो वैकुण्ठः सर्वभावनः– વાસ્તવમાં તો બધાની ઉત્પત્તિ કરવાવાળા તે ભગવાન્ વૈકુંઠ ગુણાતિત દિવ્ય છે'(હરિવંશ–વિ.પર્વ.અ–૭૧/૨૮) તથા સહજાનંદ સ્વામી પણ ભગવાનની મૂર્તિને અપ્રાકૃત પ્રતિપાદન કરતાં કહે છે– 'दिव्यं कृष्णस्य रुपं भवति' તે શ્રીકૃષ્ણ ભગવાનનું રૂપ દિવ્ય હોય ...(સ.જી.પ્ર–૩/૨૯) 'ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈ નો નથી જેની એને ઉપમાં દઈએ, કેમકે આ બ્રહ્માંડમાં જેટલા પ્રકૃતિ પુરૂષ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે માટે એ બેને વિષે અતિ વિલક્ષણતા છે'(પંચા.૪)'ધામની મૂર્તિ ગુણાતીત છે'(ગ.અ.–૩૧))
પ્ર. (૧૬૮)	જે વિરાટ્ પુરૂષના વૈભવનો પાર નથી. એવા અનંત કોટી વિરાટ્ પુરૂષ તેના સ્વામી જે પુરૂષોત્તમ તેજ સ્વામિનારાયણ છે એમ તમો માનો છો?
ઉ. (૧૬૮)	હા. (**કારણકે ભગવાન સ્વામિનારાયણ એ સાક્ષાત્ શ્રીકૃષ્ણના જ અપરાવતાર છે આ વાતનું પ્રમાણ આપતા ભગવાન્ વેદવ્યાસજી કહે છે"मया कृष्णेन निहताः सार्जुनेन रणेषु ये। प्रवर्तयिष्यन्त्यसुरांस्ते त्वधर्मं यदा क्षितौ ॥ धर्मदेवात्तदा भक्तादहं नारायणो मुनिः । जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः॥ मुनिशापान्नृतां प्राप्तानृषींस्तात तथोद्ध्वम् । ततोऽविताऽसुरेभ्यो सद्धर्मंस्थापयन्नज ॥ અર્થાત્ અર્જુને સહિત મે શ્રીકૃષ્ણે યુદ્ધમાં જે અસુરો માર્યા હતા, તે અસુરો જયારે પૃથ્વી પર અધર્મને પ્રવર્તાવશે. ત્યારે પૃથ્વી પર કોસલ દેશમાં ભકિત છે પત્ની જેના એવા ધર્મદેવ થકી ભકિતદેવીમાં સામવેદી બ્રાહ્મણ કુળમાં હું**

	નારાયણ મુનિ નામ ધારણ કરી પ્રકટ થઈશ. હે તાત્! હે અજ! ત્યારપછી દુર્વાસા મુનિના શાપ થકી મનુષ્યત્વને પ્રાપ્ત કરેલા ઋષિઓનું તથા ઉદ્ધવ આદિનું અસુરો થકી રક્ષણ કરીશ અને સદ્ધર્મની સ્થાપના કરીશ.(સ્કન્ધ પુરાણ/વૈ.ખં./વા.મા./અ.૧૮ /શ્લોક.૪૨ થી ૪૪– ભગવાન સ્વામિનારાયણે તેમના ગુરૂ રામાનંદ સ્વામીએ દીક્ષા આપી ત્યારે તેમનું નામ નારાયણમુનિ પાડેલું હતું. આ વાત સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા સ.જી.–૧/અ.૫૮માં લખેલી છે.)
પ્ર. (૧૬૯)	તમો સંસાર સુખ તુચ્છ માનો છો?
ઉ. (૧૬૯)	હા.
પ્ર. (૧૭૦)	**"ભગવાનનો મહિમા જાણી વાસના રહિત થવાય છે ત્યારે જાણે મારે કોઈ કાળે વાસના હતીજ નહીં અને મને વચમાં ભ્રમ જેવું થયું હતુ હું તો સદા વાસના રહિત છું એવું ભાસે છે"** એમ તમે લખો છો તે પ્રમાણે માનવું અદ્વૈત સિદ્ધાંત સિવાય દ્વૈતવાદ પ્રમાણે ઘટાડી આપશો?
ઉ. (૧૭૦)	ભગવાનનો મહિમા જાણ્યા પછી વાસના રહિત થાય છે ત્યારે જાણે મારે કોઈ કાળે વાસના હતી જ નહિ વચમાં કંઈ ભ્રમ જેવું થયુ હતુ એમ કહેવાથી અદ્વૈતવાદ સિદ્ધ થતો નથી. જે પદાર્થની વાસના જીવને પ્રાપ્ત થાય તે પદાર્થોનો અત્યંતાભાવ અમારા સિદ્ધાન્તમાં નથી. પણ પરિણામ થાય છે. અને વાસના તો ભ્રમ રૂપ જ છે. તેનો નાશ થાય તેથી જે પદાર્થોની વાસના હોય તે પદાર્થોનો નાશ થતો નથી માટે અદ્વૈતવાદ સિદ્ધ થતો નથી.
પ્ર. (૧૭૧)	અદ્વૈત સિદ્ધાંતમાં તો વાસનાઆદિ અધ્યસ્ત હોવાથી વાસના આદિ અંતઃકરણના કાર્ય આત્મામાં છે જ નહિ વચમાં ભ્રમથી ભાસે છે એમ મનાય છે આ સિદ્ધાન્ત તમો કબુલ કરો છો માટે કલ્પિત વાસના આદિની નિવૃત્તિ જ્ઞાનથી થાય પણ ઉપાસના ક્રિયાથી થઈ શકે ખરી?

ઉ. (૧૭૧)	અદ્વૈત સિદ્ધાન્ત અમે કબુલ કરતા નથી. વાસના નિવૃત્તિ ઉપાસનાથી પણ થાય છે જ્ઞાનથી પણ થાય છે.
પ્ર. (૧૭૨)	તમારા મત પ્રમાણે ભ્રમ શબ્દનો અર્થ શું?
ઉ. (૧૭૨)	ભ્રાન્તિ અથવા અજ્ઞાન.
પ્ર. (૧૭૩)	**"અંત સમયે આત્મનિષ્ઠા કાંઈ કામ આવતી નથી. તો તમારા મતમાં આત્મનિષ્ઠા નિરર્થક છે ?"**
ઉ. (૧૭૩)	અંતે સમે આત્મ નિષ્ઠા કંઈ કામ આવતી નથી એટલે કે જો પરમાત્માની ઉપાસના ન હોય તો પરમાત્માના ધામમાં જવા ઉપયોગી નથી પણ બીલકુલ નિરર્થક છે એમ કહેવાનું તાત્પર્ય નથી.**(જેમ સહજાનંદસ્વામી (ગ.પ્ર.૬૧) માં કહે છે 'જેમ નદી તરવી હોય ત્યાંતો જેને તરતાં આવડતુ હોય તે તરી જાય ને જેને તરતાં ન આવડતું હોય તે તે ઉભો થઈ રહે, પણ જયારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વાહણનું કામ પડે છે, તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ, તેરૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરીજાય પણ મૃત્યુસમય તો સમુદ્ર જેવો છે માટે ત્યારે તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે, માટે અંતકાલેતો ભગવાનનો દ્રઢ આશરો હોય તેજ કામમાં આવે છે પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારૂ ભગવાનની ઉપાસનાને દ્રઢ કરીને રાખવી.')**

પ્ર. (૧૭૪)	તમો એ ભગવાનને વિષે નિરંતર રહેનારા માત્ર ઓગણચાલીસ જ કલ્યાણ ગુણ ગણાવ્યા છે જયારે સર્વે શાસ્ત્રકારો સાકાર બ્રહ્મને અનંત કલ્યાણ ગુણ વિગ્રહ લખે છે ત્યારે તમે ઓગણચાલીસ કલ્યાણ ગુણોની ગણત્રી કયા શાસ્ત્રના આધારે કરી ?
ઉ. (૧૭૪)	અમોએ ઓગણચાલીસ ગુણ પરમાત્માને વિષે ગણાવેલા છે તે શ્રીમદ્ ભાગવત્‌ના આધારે છે. તે પણ મુખ્ય મુખ્ય ગુણો ગણાવ્યા છે તે વિના અનેક ગુણો પરમાત્માને વિષે છે. અને તમો આ પ્રશ્નમાં લખો છો કે **'જયારે સર્વે શાસ્ત્રકારો સાકાર બ્રહ્મને અનંત કલ્યાણ ગુણ વિગ્રહ લખે છે'** આ તમારા લખવાથી જ હમો બ્રહ્મને સાકાર અને સગુણ માની એ છીએ તે સર્વે શાસ્ત્રકારોના મતને અનુસારે જ છે એમ તમો પણ અંગીકાર કરો છો તો પછી તમો સાકારપણાના વિષયમાં જે આક્ષેપો કરો છો તે અનુચિત છે. **(જેમ સહજાનંદસ્વામી (ગ.પ્ર.૬૭) માં કહે છે 'અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ શારદા બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી' એમ સહજાનંદ સ્વામી સ્વમુખે ભગવાનના ગુણની અપરતાને કહે છે. અમો તો બ્રહ્મતત્વમાં ગુણને સ્વિકાર કરીએ છીએ, પણ તમો તો બ્રહ્મતત્ત્વને નિર્ધર્મક માનો છો. અને વ્યાસસૂત્રનું પ્રણયન પણ વ્યાસજીએ બ્રહ્મને નિર્ધર્મક સિદ્ધ કરવા માટે જ કરેલું છે. એવું તમારા જ પરદાદા ગુરૂ આદિ. જગદ્ ગુરૂ શંકરાચાર્યજી કહે છે. પરંતુ વ્યાસસૂત્રના પ્રથમસૂત્રમાં આવતા 'अथातो ब्रह्मजिज्ञासा' 'बृहत्वात् बृहणत्वात् वा ब्रह्म । વૃદ્ધિ પામે અને પમાડે તે બ્રહ્મ' આ બ્રહ્મ શબ્દની વ્યૂત્પત્તિથી જ તમારો મત પરાસ્ત થઈ જાય છે અને આ વ્યૂત્પત્તિ પ્રમાણે બ્રહ્મસધર્મક સિદ્ધ થાય છે. શ્રુતી ભગવદી પણ 'परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञान बल क्रिया**

	ચા' જે બ્રહ્મતત્વની સ્વભાવિકી જ્ઞાન, બલ અને ક્રિયારૂપ વિભિન્ન પ્રકારની પરંશક્તિઓ સંભળાય છે.' (શ્વે.ઉ.૬/૮) આ પ્રમાણે બ્રહ્મમાં સ્વાભાવિક રીતે ગુણોનો સ્વિકાર કરે છે. જયારે તમારા પરદાદા ગુરૂએ આ શ્વેતાશ્વેતર ઉપનિષદ્‌ની આ શ્રુતિના ભાષ્યમાં આવતા 'સ્વાભાવિકી' આ શબ્દનો અર્થ 'કલ્પિત' કરેલો છે. જે કોષ વિરૂદ્ધ હોય અમાન્ય થઈ જાય છે. કોષની અંદર સ્વાભાવિકનો અર્થ 'પ્રકૃતિ અથવા નિસર્ગ' કરેલો છે. પરંતુ તમોને તો કોષની આમાન્યતા કયાંથી હોય?)
પ્ર. (૧૭૫)	તમોએ **जन्माद्यस्ययतो** એ શ્લોકની ટીકામાં **आद्यस्य** એવું પદ કાઢીને મૂળ અક્ષર પુરૂષની ઉત્પત્તિ પુરૂષોત્તમથીજ માનેલી છે ત્યારે જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, લય, પ્રવેશ, નિગમનનો કર્ત્તા પરમેશ્વર જુદો છે?
ઉ. (૧૭૫)	જગતની ઉત્પત્તિઆદ્દિ પરંબ્રહ્મ પોતે અક્ષર પુરૂષયાને મૂળપુરૂષ થકી જ કરાવે છે. **(આ વાત સહજાનંદસ્વામીએ સ.જી.પ્ર-૪/૬૮ માં કહી છે તે ત્યાંથી જોઈ લેવી)**
પ્ર. (૧૭૬)	જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય, પ્રવેશ અને નિગમનનો કર્તા તમે કોને માનો છો ?
ઉ. (૧૭૬)	મૂળ પુરૂષને અને તેના થકીજ સામર્થ્ય પામીને બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ, ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. માટે તેઓને પણ કહી શકાય. એને એ સર્વેમાં ઐશ્વર્ય પુરૂષોત્તમ ભગવાન જે પરબ્રહ્મ તેમાંથી આવે છે માટે તેમને પણ કહી શકાય. **(અર્થાત્‌ તેમને જ કહી શકાય.)**
પ્ર. (૧૭૭)	જીવ અને ઈશ્વર એ બન્નેને તમો પચીસમું તત્ત્વ ગણો છો, એ બાબતનું કાંઈ પ્રમાણ છે?
ઉ. (૧૭૭)	યોગ શાસ્ત્રમાં નિરૂપણ કરેલું છે.

	('क्लेशकर्मविपाकाशयैरपराममृष्टः पुरुषविशेष ईश्वरः –અર્થાત્ ઈશ્વર કલેશ, કર્મ, વિપાક અને આશય–વાસનાઓના પરામર્શથી રહિત એક વિશેષ પ્રકારનું પુરૂષ છે.' (યોગ દર્શન/ સમાધિપાદ/સૂત્ર–૨૪) આ સૂત્રના ભાષ્યમાં ભાષ્યકારોએ યોગદર્શનમાં ૨૬ તત્વો ગણાવેલા છે. અને તેમાં જીવ, ઈશ્વરને પચ્ચીસમાં ગણાવેલા છે.)
પ્ર. (૧૭૮)	જે વખતે જે અવતારી હોય છે તેનીજ વાતોથી શાંતિ થાય છે બાકી બધી વાત વાયસ તીર્થની કથા જેવી છે એમ માનો છો ત્યારે હાલ તમારા મત પ્રમાણે સ્વામિનારાયણ અવતારી છે તો તેની પહેલાની રામકૃષ્ણ આદિ અવતાર સંબંધી કથાઓ તમારા મતમાં વાયસ તીર્થના જેવી છે કે નહિ ?
ઉ. (૧૭૮)	બીજા ભગવાનના અવતારની વાત વાયસ તીર્થ જેવી છે એમ અમારૂ મંતવ્ય નથી કોઈ પણ અમારા સંપ્રદાયના માન્ય ગ્રાંથમાં તેવું પ્રતિપાદન કરેલું નથી.(**પરંતુ સહજાનંદ સ્વામીતો (ગ.મ.૩૫)માં કહે છે 'વળી પરોક્ષ જે શ્રીકૃષ્ણ રામચંદ્રાદિક ભગવાનના અવતાર તેમનાં જે ચરિત્ર તે જયાં જયાં કહ્યાં હોય તેને પણ સંભાળવાં ને ગાવવાં.' આ પ્રમાણે સ્વમુખે તેઓએ પૂર્વે થયેલા રામકૃષ્ણાદિક બધા જ અવતારોના ચરિત્ર ગાવા અને સાંભળવાની આજ્ઞા કરી છે. પરંતુ પ્રશ્નપુછનારા એવા તમોને સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ નથી. એ વાત આના પરથી સ્પષ્ટ થાય છે.**)
પ્ર. (૧૭૯)	તમો જેને અક્ષરાતીત પુરૂષોત્તમ આદિ નારાયણ માનો છો એ નારાયણ **एकात्म्यमेव विज्ञेयं नारायण महेशयोः** એ વાકયમાં કહેલા નારાયણથી જુદા છે કે એક જ?
ઉ. (૧૭૯)	જુદા છે. (**જેમ સત્સંગિ જીવન ગ્રંથમાં આવતી શિક્ષાપત્રી (પ્ર.૪/૪૪/૪૭)ની ટીકામાં સહજાનંદ સ્વામીના શિષ્ય આ બાબતનો ખુલાસો કરતા કહે છે ''જે નારાયણ અને જે મહેશ તેમનું**

	ઐકાત્મ્ય–એક સમસ્ત જગતના કારણભૂત પરંબ્રહ્મ, સ્થિતિ સંહારના નિર્વાહ માટે તે તે રૂપે અવતરીને અનુપ્રવેશ કરી રહેલા હોવાથી એકાત્મપણું જ જાણવું. આ સ્થળે નારાયણ શબ્દથી બ્રહ્માદિ ત્રિમૂર્તિમાંથી એક વિષ્ણુઅવતાર કહેવા ઈચ્છયો છે. આ ત્રણેય મૂર્તિઓ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ લીલા જેમની છે એવા પરબ્રહ્મને બ્રહ્માંડની અંતર્ગત વ્યષ્ટિ સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ લય કરવામાં દ્વારભૂત છે. માટે જ વેદોમાં પરબ્રહ્મના રૂપ અસાધારણ સ્વભાવ જે જગત્કારણત્વાદિક તેનાથી વિષ્ણુ અને રૂદ્રનું પ્રતિપાદન કર્યું છે. તો એ રીતે પરબ્રહ્મના અવતારરૂપ શિવમાં પ્રત્યગાત્મવ્યક્તિ સ્વરૂપનો ભેદ સતેપણ વિષ્ણુમાંજ જેમ એમ પ્રીતિ કરવી, (ઉદાસીનતા ન રાખવી એવો ભાવ છે વસ્તુતાએ બન્નેને મધ્યે પરબ્રહ્મતા કેની ? એમ કહેતા હો તો તે 'स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः' એમ આગળ શ્લોક–૧૦૮માં કહ્યુ છે. અને એમ કહી શ્રીકૃષ્ણની પરંબ્રહ્મતા પ્રતિપાદન કરી છે. માટે સ્વરૂપૈક્યપરપણે વ્યાખ્યાન કરવામાં તો ભગવાનનું હાર્દ નથી.)''
પ્ર. (૧૮૦)	તમો **जन्मादि** એ સૂત્રમાંથી **आद्यस्य** એવું પદ કાઢી પ્રથમ થતા એવા અક્ષર પુરૂષનો જન્મ થયાનું માનો છો તેમાં પ્રમાણ શું?
ઉ. (૧૮૦)	તે ભાગવત્ જ પ્રમાણ છે.
પ્ર. (૧૮૧)	અક્ષર તેજથી સૃષ્ટિ સંકલ્પવાળો મૂળ પુરૂષ ઉત્પન્ન થયાનું તમો માનો છો તે જ અક્ષર તેજ કોનું ? તે સૃષ્ટિ સંકલ્પવાળા મૂળ પુરૂષનું વર્ણન કયા આર્ષ શાસ્ત્રમાં કયા ઠેકાણે?
ઉ. (૧૮૧)	તે અક્ષર તેજ તે અક્ષરાતીત પુરૂષોત્તમ નારાયણ છે અને **'कालवृत्त्या तु मायायां गुणमय्यामधोक्षजः । पुरुषेणात्म भुते न विर्य माधत्त वीर्यवान् ॥ અર્થાત્ ઈન્દ્રિયાતીત ચિન્મય પરમાત્માએ કાલ અનુકુળ થવાને**

	કારણે ત્રિગુણમય માયામાં પોતાના અંશરૂપ પુરૂષરૂપે પ્રવેશ કરીને ચિત્શકિત રૂપી બીજને સ્થાપન કર્યું' (ભાગ-૩/૫/૨૬) (આ રીતે ભાગવત્માં વર્ણન જોવા મળે છે અને એટલે જ માટે શ્રીમદ્ ભાગવત્માં (૩/૧૧/૩૧) **'तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः ॥ તેને અક્ષરબ્રહ્મ કહે છે સર્વકારણોનું તે કારણ છે, મહાત્મા પરમ પુરૂષ વિષ્ણુનું સાક્ષાત્ પરમ ધામ છે.' આ વચન દ્વારા ભગવાન વેદ વ્યાસજીએ પરમાત્માના શરીરભૂત અક્ષરબ્રહ્મને સર્વકારણના કારણ કહ્યા છે.)**
પ્ર. (૧૮૨)	તમારી પોથીઓમાં ઘણે ઠેકાણે મૂળ પુરૂષ, મૂળ અક્ષર એમ લખ્યુ છે તો તેમાં મૂળ એ પદનો અર્થ તમારા મત પ્રમાણે શું થાય છે?
ઉ. (૧૮૨)	મૂળ એ પદનો અર્થ જગત્નું કારણ એવો થાય છે.
પ્ર. (૧૮૩)	એ ક્યાં લખેલું છે.?
ઉ. (૧૮૩)	સૃષ્ટિ સંકલ્પવાળા મૂળ પૂરૂષથી મૂળ માયા ઉત્પન્ન થઈ (આવિર્ભાવ થયો) તે **'पुरुषेणात्मभूतेन वीर्य्य माधत्त वीर्य्यवान् આત્મભૂત (બ્રહ્મરૂપ) એવા પુરૂષે કરીને અતિ સામર્થ્યવાળા પરમાત્મા માયાને વિષે વીર્ય ધારણ કરતા હતા' (ભાગ-૩/૫/૨૬)** ભાગવત્માં લખેલું છે. માટે એ વચન ઉપરથી મૂળ પુરૂષ થકી મૂળ માયાનો આવિર્ભાવ સિદ્ધ થાય છે.
પ્ર. (૧૮૪)	તમારા મતમા મૂળ તત્વ કેટલા છે?
ઉ. (૧૮૪)	જીવ, ઈશ્વર સહીત ૨૬ તત્વો છે.
પ્ર. (૧૮૫)	મૂળ માયાથી અનંતકોટિ પ્રધાન પુરૂષનાં જોડલાં ઉત્પન્ન થાય એવો સૃષ્ટિક્રમ તમો માનો છો તેમાં કોઈ વેદ, ગ્રંથમાં કોઈ ઠેકાણે પ્રમાણ છે?
ઉ. (૧૮૫)	ત્રિપાદમહાનારાયણોપનિષદ્માં પ્રમાણ છે.
પ્ર. (૧૮૬)	**'તેનેઽબ્રહ્મ હૃદયઆદિકવયે'** એ વાકયમાંથી **'અબ્રહ્મહૃત્'** એ પદ કાઢી

	તમોએ તેનો અર્થ મૈથુનનું હરણ કરનાર એમ કર્યો છે. તો તે કયા વ્યાકરણના પ્રયોગથી કર્યો છે? ઉપસર્ગ વિનાના 'હૃ-હરણે' ધાતુનો અર્થ 'હરણ' જ થાય પણ રક્ષણ થઈ શકે નહિ ત્યારે મૈથુનનો હરનાર એવા કોઈ પંથ કે માર્ગનો વિસ્તાર કર્યો એવો અર્થ થઈ શકે હા કહો તો એવો પંથ કે માર્ગ કયો?
ઉ. (૧૮૬)	**'બ્રહ્મન ભવતીત્યબ્રહ્મ મૈથુનમ તત્ હરતીત્યબ્રહ્મહૃત્ ક્વિષ્પ્રત્યયઃ હ્રસ્વસ્ય પિતિકૃતિતુક્ ઇતિતુક્'** આ પ્રમાણે પાણિનીય વ્યાકરણ પ્રમાણે 'અબ્રહ્મહૃત્ 'શબ્દ સિદ્ધ થાય છે મૈથુનનું હરણ કરનાર એટલે મૈથુનનો નિષેધ કરનાર એવો ફલિતાર્થ થાય છે તેથી વિપરીત સમજી પ્રલપન કરો છો. તે બાલિસતા છે.
પ્ર. (૧૮૭)	**'આદિકવયે'** એ પદનો અર્થ આદિનારાયણની કવિતા રૂપે સ્તુતિ કરતાર એમ તમો કરો છો પણ આદિ શબ્દનો અર્થ ઉત્પત્તિવાળો થાય તો એવો નારાયણ કયો અને તેમા પ્રમાણ શું?
ઉ. (૧૮૭)	આદિ શબ્દનો **'સર્વના કારણ'** એવો અર્થ છે તો સર્વના કારણ નારાયણ શ્રુતિ સ્મૃતિ પ્રસિદ્ધ જ છે. **(જેમ શ્રુતિ કહે છે- 'નારાયણાત્ રુદ્રો જાયતે ।- નારાયણ થકી રૂદ્ર થયા' 'નારાયણાત્ બ્રહ્મા જાયતે ।- નારાયણ થકી બ્રહ્મા થયા' તથા સ્મૃતિઓ પણ કહે છે 'બુદ્ધીન્દ્રિયમનઃ પ્રણાન્ જનાનામસૃજત્ પ્રભુઃ - ભગવાને મનુષ્યનાં મન, બુદ્ધિ, ઈન્દ્રિઓ અને પ્રાણોની સાથે વિષયોને પણ ઉત્પન્ન કર્યા' (ભાગ-૧૦/૮૭/૨) 'જન્માદ્યસ્ય યતોઽન્વયાદિ તરત શ્ચાર્થેષ્વભિજ્ઞઃ ... સત્યં પરં ધીમહિ-જેના થકી આ જગતનું સર્જન, પાલન અને સંહાર થાય છે, અને કાર્યકારણરૂપે બધા પદાર્થોમાં અનુગત છે.... એવા પરમ સત્ય પરમાત્મા શ્રીકૃષ્ણનું અમો ધ્યાન ધરીએ છીએ.' (ભાગ-૧/૧/૧)**

	તથા સહજાનંદ સ્વામી પણ કહે છે.'સર્વ કારણના કારણ છે' (ગ.અ.૩૮) 'પુરૂષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે સર્વ કારણ છે અને કર્તુમકર્તુમ મન્યથાકર્તું સમર્થ છે (લોયા–૧૩)')
પ્ર. (૧૮૮)	પુરૂષોત્તમની ઉપાસના કરનારને તેનાથી ઉત્પન્ન થયેલા અક્ષરધામની પ્રાપ્તિ થાય છે એમ તમો માનો છો તો ઉપાસના ફળનું વૈયધિકારણ થાય કે નહિં?
ઉ. (૧૮૮)	આ પ્રશ્ન એમ સૂચવે છે કે આ પ્રશ્ન કરનારને વેદ શાસ્ત્ર સંમત અમારા સંપ્રદાયના સિદ્ધાન્તની ખબર જ નથી. અમો અક્ષર ધામને અનાદિ માનીએ છીએ તેની ઉત્પતિ હોય જ નહિ ઉપાસના અને ફળના વૈયાધિકરણ્ય સબંધી પ્રશ્ન પણ અસંગત છે. (**સનાતન અક્ષરધામનું વર્ણન સ્કંધપુરાણ/ વૈષ્ણવખંડ / શ્રી વાસુદેવ મહાત્મ્ય/ અ.૧૬ થી ૧૮માં કરેલું છે. તે ત્યાંથી જોઈ લેવું.**)
પ્ર. (૧૮૯)	તમો શ્રી વલ્લભાચાર્યને સર્વે વૈષ્ણવોના રાજા માના છો છતાં શરીરની પુષ્ટિ પ્રવાહ પ્રમુખ પંથ તે છોડી, "**બ્રહ્મચર્ય પાળવાનો પંથ વિસ્તાર્યો** " એમ લખીને તમેજ તમારા રાજાના મતનું ખંડન કર્યુ છે. એમ કરવાથી તમો રાજદ્રોહી કહેવાઓ કે નહિ?
ઉ. (૧૮૯)	સર્વ વૈષ્વોના વલ્લભાચાર્ય રાજા છે એમ કહ્યું છે. તે સંબંધી ૧૦૮ના પ્રશ્નમાં ઉત્તર લખેલો છે અને વલ્લભાચાર્યના મતને શરીર પુષ્ટિ પ્રવાહ તો તમેજ માનતા હશો એમ જણાય છે. (**આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ શરીરની પૃષ્ટિને કહી નથી પણ 'पोषणं तदनुग्रहः'(૨/૧૦/૪) આ ભાગવતના વાકયને પ્રમાણ પણે પરીગ્રહી જીવાત્માનું પોષણ ભગવાનની કૃપાથી થાય છે એમ કહ્યું છે નહી કે શરીરનું. તથા તેઓના જ સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા ''ચોરાશી વૈષ્ણવની વાર્તા વાત–૧ દામોદરદાસ હરસાનીની વાતા /પ્રસંગ–૩માં દામોદરદાસજીને**

	શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી પુષ્ટિ માર્ગનો ખુલાસો કરતા કહે છે કે 'આ માર્ગ તો અતિકલેશાતુરતાનો છે' આ પ્રમાણે કહી શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના માર્ગની સ્પષ્ટતા કરી છે પણ ત્યાં તેઓએ એવુ નથી કહ્યું કે 'શરીરની પુષ્ટિ કરવીએ પુષ્ટિ માર્ગ છે.' વળી આચાર્યશ્રીએ પણ ભગવત્ પ્રસન્નતા માટે શમદમાદિ બહિરંગ અને શ્રવણ, મનન તથા નિદિધ્યાસ એ આંતર સાધનોનો તો સ્વિકાર કરેલો જ છે. આ ઉપરાંત ''स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् । इन्द्रियाश्चविनिग्राहः सर्वथा न त्रयं त्यजेत् ॥ –પોતાની શક્તિ પ્રમાણે સ્વધર્મ પાળવો, વિધર્મથી દૂર રહેવું અને ઈંન્દ્રિયોરૂપી ઘોડાઓને કાબૂમાં રાખવા. આ ત્રણ બાબતને કોઈ પણ રીતે તજી દેવી નહિ.'' આ વચનથી આચાર્યશ્રી વલ્લભાચાર્યજીએ તત્ત્વાર્થ દીપ નિબંધમાં બ્રહ્મચર્ય પાળવાનું વિધાનતો છે જ. આ પ્રમાણે તેઓના અને અમારા સંપ્રદાયના ગ્રંથોનું અધ્યયન કર્યા વિના આ પ્રમાણે નો પ્રશ્ન કરવો એ તમારી અજ્ઞાનતાને સૂચવે છે.)
પ્ર. (૧૯૦)	**'तेजोवारिमृदाम्'** એ વાક્યનો અર્થ **"સાધુને મર્દન કરતા પીડા કરતા વૈરાગી ખાખી નાગડા રાજા શાહુકાર તે સર્વે અસુરોના પ્રતાપ ઐશ્વર્ય અને મોટપનું નિવારણ કર્યું"** એમ સર્વેનું સામર્થ્ય હર્યાનુ તમો લખો છો. અને બીજે ઠેકાણે ખાખી નાગડાના મારની બીકથી સ્વામિનારાયણે સાધુઓને પરમહંસ દીક્ષા આપી એમ લખો છો તો તેમાં ખરૂ શું?
ઉ. (૧૯૦)	**'तेजोवारिमृदाम्'** એ વાક્યના અર્થમાં વેરાગી ખાખી નાગડા વિગેરે અસુરોના તેજ હર્યાનું લખેલુ છે. તેનું એમ તાત્પર્ય છે કે કેટલાક વૈરાગી ખાખી નાગડા વિગેરે અસુરો ઉત્પથ ગામી હોવા છતાં પણ ઉપરથી દંભ અને આટાટોપ કરીને લોક પ્રતારણાર્થ ધર્મનો ડોળ બતાવી લોકોને ઠગતા હતા. તેવાઓનું યથાર્થ સ્વરૂપ લોકોને સમજાવી તેમનું પૂજય પણું ગૌણ

	કર્યુ એજ તેમનો પ્રતાપ ઐશ્વર્ય અને મોટાપને હરી લીધું અને નાગડા ખાખીઓ મારતા હોવાથી **'પરમહંસ દીક્ષા આપી'** એવું લખ્યું હોય તો તે **'ક્ષમાસારા હિ સાધવ:'** એવી રીતે સાધુતાનો અવધિ પ્રદર્શિત કર્યો. **(આ સંદર્ભમાં તમારે સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા સ.જી.૨/૩૪નું અવલોકન કરવું જોઈતુ હતું.)**
પ્ર. (૧૯૧)	**'**તેજોવારિમૃદામ્ **'**એ વાક્યનો અર્થ તમોએ ઉપર બતાવેલા પ્રમાણે કરેલો છે તો તેવો અર્થ વ્યાકરણ રીતે ઘટી શકે છે ?
ઉ. (૧૯૧)	**'તેજોવારિમૃદામ્ મૃદ્નન્તિ પીડયન્તીતિમૃદસ્તેષાંમૃદામ્ મૃદ્ક્ષોભેઽતિધાતો: ક્વિવપ મૃદામસુરાણાં તેજ: પ્રતાપોન્યવારિ'** આવી રીતે પાણિનીય વ્યાકરણ પ્રમાણે અર્થે થઈ શકે છે.
પ્ર. (૧૯૨)	જો વ્યાકરણ રીતે તેમ ન ઘટાવી આપો તો તમો સર્વે શાસ્ત્રોનો આ પ્રમાણે અર્થ કરી સર્વ શાસ્ત્રનો નાશ કરનાર ગણાઓ કે નહિ?
ઉ. (૧૯૨)	આ પ્રશ્ન સૂચવે છે કે પ્રશ્નકર્તા વૈદ્યેય છે.
પ્ર. (૧૯૩)	ભાગવતના સાતમાં સ્કંધના એ વાક્ય લખ્યા પ્રમાણે અધર્મની શાખા પ્રવર્તાવનાર તમો થાશો કે નહિ?
ઉ. (૧૯૩)	આ પ્રશ્નનો ઉત્તર પણ ઉપરના પ્રશ્ન ૧૯૨ના ઉત્તરમાં દત્તોત્તર છે.
પ્ર. (૧૯૪)	મનુષ્યાકૃતિ ભગવાન જે સ્વામિનારાયણ તેને વિષે પંચ ભૂત પંચેન્દ્રિય દેવતારૂપ માયિક સૃષ્ટિ દેખાય છે તે મિથ્યા છે એમ તમો માનો છો તો તે મિથ્યા પદની નિરૂકિત શુ ?
ઉ. (૧૯૪)	મિથ્યા એટલે અસત્. **(કારણકે ભગવાન જયારે ધરાતલપર પ્રગટ થાય છે. ત્યારે તેઓનું રૂપ દિવ્ય હોય છે. જેમકે શ્રુતિ કહે છે'**આદિત્યવર્ણં **તમસ: પરસ્તાત્-અંધકારથી પર અને સૂર્ય સમાન તેજોમય' (તૈ.આ.૩/૧૩/૧) 'દિવ્ય બ્રહ્મપુરે હ્યેષ વ્યોમન્યાત્મા પ્રતિષ્ઠિત: -અ**

	પ્રાકૃતા દિવ્ય આકાશમાં બ્રહ્મપુર નામના પુરમાં દિવ્યમૂર્તિરૂપે રહેલા છે.' (મુ.ઉ.૨/૨/૭) પંચરાત્રશાસ્ત્ર પણ કહે છે– 'निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रो निश्चेतनात्मकशरीर गुणैश्च हीनः । आनन्दमात्रकरपादमुखोदरादिः –તેમનું સ્વરૂપ નિત્ય નિર્દોષ અને કલ્યાણકારી ગુણોથી ભરપુર છે. સ્વયં સ્વતન્ત્ર છે, જડ શરીરને હેય દોષોથી રહિત છે અને તેમના કર, ચરણ, મુખ તથા ઉદર આનંદરૂપ જ છે' (પંચરાત્ર) 'परमात्मा वासुदेवो भगवान् दिव्यविग्रहः –દિવ્ય વિગ્રહવાળા ભગવાન વાસુદેવ પરમાત્મા છે'(પંચરાત્રશાસ્ત્ર) ઈતિહાસ, પુરાણ પણ કહે છે. – ''न तस्य प्राकृता मूर्त्तिर्मांसमेदोस्थिसम्भवा– પરમાત્માની મૂર્તિ માંસ મેદ અને અસ્થિથી ભરેલી માયિક નથી ''(વારા.પુ.૭૫/૪૪) 'न भूतसङ्घसंस्थानो देहोऽस्य परमात्मनः – આ પરમાતાનું શરીર પંચ ભૂતોના અવયવોવાળું નથી'(મહા.ભા.શાં.મો.૨૦૬/૬૦) 'जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः । त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन! ॥ –હે અર્જૂન! મારા જન્મ અને કર્મ અલૌકિક છે, આ પ્રમાણે જે મનુષ્ય તેને બરાબર સમજી લે છે તે પોતાનું શરીર છોડીને અન્ય જન્મ નથી પામતો પરંતુ મને જ પામે છે'' (ગીતા.૪/૯)સહજાનંદ સ્વામી પણ ભગવાનના રૂપની દિવ્યતા પ્રતિપાદન કરતાં કહે છે કે– ''સદા મૂર્તિમાન્ છે ને પ્રાકૃત આકારે રહિત છે' (ગ.પ્ર.૪૫)'ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈ નો નથી જેની એને ઉપમાં દઈએ, કેમકે આ બ્રહ્માંડમાં જેટલા પ્રકૃતિ પુરૂષ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે માટે એ બેને વિષે અતિ વિલક્ષણતા

	છે'(પંચાળા.૪)'સદા મૂર્તિમાન છે ને પ્રાકૃત આકારે રહિત છે' (ગ.પ્ર.૬૪) ઈત્યાદિ પ્રમાણોથી પ્રકૃતિથી પર ભગવાનના ધામમાં રહેલું ભગવાનનું રૂપ તથા ભૂતલ પર અવતાર ધારીને પધારેલું ભગવાનનું રૂપ તે દિવ્ય છે. પણ તમારા શાંકર મત પ્રમાણે તો આ બંને રૂપો માયિક છે. જુઓ તમારા પરદાદા ગુરૂ આદિ. શંકરાચાર્યેજીએ રચેલું ગાયત્રી ભાષ્ય)
પ્ર. (૧૯૫)	**'स्वेन सदा निरस्तकुहकम् ॥'** એ વાક્યમાંથી **'સ્વ, ઇન, સત્, આ, નિરસ્ત, કુહકમ્ '** એ પ્રમાણે પદો કાઢી **"નારાયણ જેના સ્વામી છે એવા સત્પુરૂષના કપટનો નાશ કરનાર એવા'' આ પ્રમાણે અર્થો કર્યા છે તો આવો અર્થ સશાસ્ત્ર છે કે કપોલ કલ્પિત છે.?**
ઉ. (૧૯૫)	એ અર્થ સશાસ્ત્રજ છે.
પ્ર. (૧૯૬)	સત્યં પરમ્ એવાક્યનો અર્થ **"सत्यम् જે ધર્મ દેવ તે થકી મનુષ્યા કૃતિ ગ્રહણ કર્તા એવા શ્રી સહજાનંદ સ્વામી તેનું હું ધ્યાન કરૂં છું "** એટલે શ્રીમદ્ ભાગવતના કર્તા વ્યાસજીના સમકાળમાં સ્વામિનારાયણને ધ્યાન કરૂ છું એમ કહે છે આવો અર્થ થાય છે ત્યારે વ્યાસજીના સમકાળમાં સ્વામિનારાયણ અવતાર હતો ?
ઉ. (૧૯૬)	સ્વામિનારાયણનો અવતાર તે સમયે હતો નહિ પરંતુ ભવિષ્ય કાળનું વ્યાસજીને જ્ઞાન હોવાથી સ્વામિનારાયણ પર સ્તુતિ કરવાનું અસંગત નથી. **(કારણકે અમારા સંપ્રદાયના ભાગવત્ પર ટીપ્પણી લખનારા ભગવાન સ્વામિનારાયણના પપૌત્ર આચાર્ય વિહારીલાલજી મહારાજે ભાગવત્-૧/૧/૧ના શ્લોકનો અર્થ રામકૃષ્ણ અને સ્વામિનારાયણ એ ત્રણ પર ઘટાવેલો છે. કારણકે તેઓ ત્રણેય શ્રીમન્નારાયણ જ હતા. (જુઓ. ભાગવત્/ભકતરંજની ટીકાની પ્રસ્તાવના)**
પ્ર. (૧૯૭)	ભાગવત્ આદ્દિ આર્ષ ગ્રંથનો આવો ખોટો અર્થ કરી પ્રજાને ધર્મ ભ્રષ્ટ

	કરી દ્રવ્ય હરનારા તે આસુર કે બીજા કોઈ ?
ઉ. (૧૯૭)	ભાગવત્ આદિના ખોટા અર્થો અમો કરતા નથી તેમ છતાં વિપરીત સમજી પ્રજામાં કલહોત્પાદન કરે તે આસુર કહેવાય તેવા આસુર કોણ છે તે પોતપોતાના અંતરમાં વિચારવાનું છે. **(તમારા જ મતના ભાગવત્ના ટીકાકાર શ્રીધર સ્વામીના અર્થ જુઓ જેઓએ શ્રીમદ્ ભાગવત્માં પણ જગતને મિથ્યા પ્રતિપાદન કરી શ્રુતિ વિરૂદ્ધ નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. શુ એ અર્થ રામાનુજ આદિ વૈષ્ણવ આચાર્યોને માન્ય છે? તો અસત્ય અર્થ કોણે કરેલું છે. તે તમારે વિચારવાનું છે.)**
પ્ર. (૧૯૮)	ખોટા અર્થથી પાખંડ મત ચલાવનારને વખોડી કાઢે તેને જ દૈવી પ્રજા કહેવાય કે નહિ?
ઉ. (૧૯૮)	સત્ય મત ચલાવનારની ખોટા અર્થ કરી નિંદા કરે અને શિશુપાલ તથા રાવણનો ભાવ ભજવે. તેનાથી બીજી કોણ વધારે આસુરી પ્રજા કહેવાય. **(આ વાતતો તમોને જ સારી રીતે લાગુ પડે છે. કારણકે તમારા જ પરદાદા ગુરૂ આદિજગદ્ગુરૂ શંકરાવતાર શંકરાચાર્યજીએ ભગવાન્ શ્રીમન્નારાયણની આજ્ઞાથી શ્રુતિ વિરૂદ્ધ માયાવાદનું પ્રવર્તન કરેલું છે.(જુઓ પદ્મપુરાણ / ઉત્તરખંડ–અ.૨૩૬/શ્લો.૧૧૦) જે માયાવાદ વેદ વિરૂદ્ધ બૌદ્ધ મતને બરાબર મળતો આવે છે. તો આ પ્રમાણે વેદ વિરૂદ્ધ મત ચલાવનારા શિશુપાલ જેવા આસુરી તત્ત્વ કોણ? અમે કે તમો?)**
પ્ર. (૧૯૯)	દૈવી અને આસુરીના લક્ષણ શું ?
ઉ. (૧૯૯)	દૈવી સંપત્વાલા હોય તે દૈવી કહેવાય અને આસુરી સંપત્વાળા હોય તે આસુરી કહેવાય. બંન્ને પ્રકારની સંપતિ શ્રીમદ્ ભગવત્ ગીતામાં કહેલી છે. **(જેમ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે– ' अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः । दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप**

	આર્જવમ્ ।।– ૧. અભય, ૨. અંતઃકરણની શુદ્ધિ, ૩. જ્ઞાન અને યોગ એ બેઉને વિષે સ્થિતિ, ૪. દાન, ૫.દમ, ૬.યજ્ઞ, ૭.સ્વાધ્યાય, ૮. તપ અને ૯ સરલતા. અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ । દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ।।–૧૦. અહિંસા, ૧૧. સત્ય, ૧૨. અક્રોધ, ૧૩. ત્યાગ, ૧૪, શાંતિ, ૧૫.ચાડી ન ખાવી, ૧૬. ભૂતદયા, ૧૭. ઈન્દ્રિયોનું લોલુપતારહિતપણું, ૧૮. નમ્રતા, ૧૯. લજજા, ૨૦ ચપલતા રહિતપણું ; તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નીતિમાનિતા । ભવન્તિ સંપદં દૈવીમભિજાતસ્ય ભારત ।।– હે ભારત! ૨૧.તેજ, ૨૨.ક્ષમા, ૨૩.ધારણા, ૨૪.પવિત્રતા, ૨૫. અદ્રોહ, ૨૬.આપબડાઈ રહિતતા એ દૈવી સંપત્તિમાં જન્મેલાને પ્રાપ્ત થાય છે. દંભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ । અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્ ।।– હે પાર્થ ! દંભ,દર્પ (ફૂલણજીપણુ), અભિમાન, ક્રોધ, કઠોરપણું, તથા અજ્ઞાન (એ) આસુરી સંપત્તિમાં જન્મેલાને થાય છે. દૈવી સંપદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા । મા શુચઃ સંપદં દૈવીમભિજાતોઽસિ પાણ્ડવ ।। –દૈવી સંપત્તિ વિમોક્ષમાટે (તથા) આસુરી સંપત્તિ નિરંતર બંધન માટે મનાયલી છે. હે પાંડવ! તુ દૈવી સંપત્તિમાં જન્મ્યો છે, માટે શોક ન કર. દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિનન્દૈવ આસુર એવ ચ । દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ મે શૃણુ ।।–હે પાર્થ! આ લોકમાં દૈવ અને આસુર એમ બે પ્રકારની ભૂતસૃષ્ટિ છે; તેમાં દૈવસૃષ્ટિ ઘણા વિસ્તારથી કહી છે હવે આસુરસૃષ્ટિને મારાથકી તુ શ્રવણ કર.પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ । ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ।।– આસુરી સ્વભાવવાળા જનો પ્રવૃત્તિને નિવૃત્તિને જાણતા નથી. તથા તેઓમાં પવિત્રતા હોતી નથી, સદાચરણ હોતું નથી. તેમ સત્ય પણ હોતુ

	નથી... (ગીતા –અ.૧૬/ ૧ થી ૭)ઈત્યાદિ દૈવી આસુરી સંપત્તિના લક્ષણો વિસ્તારથી ભગવાને સ્વમુખે કહ્યા છે.)
પ્ર. (૨૦૦)	શાસ્ત્રનો ખોટો ડોળ અને ધર્મનાં બહાનાંથી ખોટી વાત બતાવી દ્રવ્યના હરનારને અસુર અને ઢોંગીને ઠગ કહેવાય છે અને નિ:સ્વાર્થ શાસ્ત્રનો અર્થ યથાસ્થિત સમજાવી પ્રજાને ધર્મમાં વર્તાવી અને પ્રજાને ઈહલોક પરલોકમાં સુખી કરે તેનું નામ દૈવી કહેવાય છે? આ બન્નેમાં તમારે પંથ ચલાવનાર પ્રજાને શાસ્ત્રનો અર્થ સારી રીતે સમજાવી છે કે ખોટી રીતે ?
ઉ. (૨૦૦)	ખરી રીતે સમજાવે છે.**(પરંતુ તમારા પરદાદા ગુરૂ આદિ. જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ શું શ્રુતિનો અર્થ સાચી રીતે સમજાવેલો છે? તે તમો રામાનુજ,વેદાન્તદેશીક તથા વલ્લભાચાર્યજી આદિ આચાર્યોના ગ્રંથોનો અભ્યાસ કરશો તો તમને યથાર્થ રીતે ખબર પડશે કે કોણ દૈવી છે અને આસુરી છે ? તથા કોણ ઠગ છે. આ ઉપરાંત સહજાનંદ સ્વામીએ કહેલા વચનામૃત તથા સત્સંગિ જીવનમાં આપેલો ઉપદેશ અને હરિદિગ્વિજય ઉલ્લાસ/૯–૧૦ માં પણ તમારા માયાવાદનું પૂર્ણરૂપે ખંડન કરી શ્રુતિનો સત્ય અર્થ પ્રજાને સમજાવેલો છે. તે ત્યાંથી જોઈ લેવું.)**
પ્ર. (૨૦૧)	**'किरातहुण'** એ તમારા ભાગવતના શ્લોકની ટીકામાં શુકદેવજીએ જયારે પરીક્ષત રાજાને ભાગવત સંભળાવ્યું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ ગયેલા હોવાથી ભવિષ્યમાં થનાર અક્ષરાતીત પુરૂષોત્તમ અવતાર સહજાનંદસ્વામિને નમસ્કાર કર્યાનું તે અર્થમાં ઘટાડયું છે. તો તે કૃત્ય આસુરોનું છે કે દેવીનું?
ઉ.(૨૦૧)	વ્યાસજીને ભવિષ્ય કાળનું જ્ઞાન હોવાથી સ્વામિનારાયણને નમસ્કાર કર્યાનું કહેવું તે પણ અસંગત નથી તેમ છતાં વ્યાસજીને ભવિષ્યકાળનું જ્ઞાન નહોતું એમ માની તે નમસ્કારને ખોટો સમજી પ્રજાને ભરમાવે તે

	કૃત્ય આસુરોનું કહેવાય. (‘किरात हूणान्ध्रयुलिष्कसादय आभीरकङ्क । यवनाः ससादयः। येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुद्धयन्ति तस्मै प्रभाविष्णेनमः।। અર્થાત્ કિરાત, હૂણ, આંધ્ર, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ, વિગેરે નીચ જાતિઓ તથા બીજા પાપીઓ જેમના શરણાગત ભક્તોનું શરણ લેવાથી જ પવિત્ર થઈ જાય છે ને સર્વ શક્તિમાન ભગવાનને વારંવાર નમસ્કાર) (શ્રીમદ્ ભાગવત– ૨/૪/૧૮) આ શ્લોકની વ્યાખ્યા કરતા સદ્ ગોપાળાનંદ સ્વામી લખે છે – ‘किरातादयो जात्या चापिष्टाः । ये अन्ये च कमर्णा पापिष्टाः ते सर्वे, यदुपाश्रयाः यस्य धर्मपुत्रस्य नारायणमुनेः उपाश्रयो येषां, एवं भूता ये नारायणमुनि भक्तास्तदाश्रयाः सन्तः, शुद्धयन्ति मद्यमांस परस्त्री– गमन हिंसादि त्यजनशीला भवन्तीत्यर्थः। प्रभविष्यति धर्मगेहे उत्पत्तिं गमिष्यतीत्येवंशीलाय तस्मै नारायणमुनये नमः । यद् वा प्रभविष्णवे समर्थाय तस्मै नमः। अत्र किरातादीनां ग्रहणेन भाविनारायणमुने रेव शुककृतं नमनं ज्ञातव्यम् । अन्येषामावताराणां तु किरातादिभिः कृताश्रयाभावादितिबोध्यम् ।।१८।। અર્થાત્ કિરાત, હૂણ, આંધ્રા, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ, વિગેરે નીચ જાતિઓ તથા બીજા પાપીઓ કર્મો વડે પાપિષ્ટ એવા બીજા સર્વે જનો’ જેમના શરણાગત ભકતોનું શરણ ‘નારાયણમુનિ અર્થાત સ્વામિનારાયણના આશ્રિત થયેલા ભકતોનું શરણ’ લેવાથી જ પવિત્ર થઈ જાય છે ‘અર્થાત્ મદિરા, માંસ, પરસ્ત્રીગમન, હિંસાદિક ત્યાગ કરનારા થાય છે’ તે સર્વશકિતમાન ભગવાનને વારંવાર નમસ્કાર ‘ધર્મદેવના ઘરે પ્રગટ થનારા આ પ્રમાણેના ચરિત્રવાળા નારાયણમુનિ માટે નમસ્કાર’ અથવા સમર્થ એવા તે વિષ્ણુભગવાન માટે નમસ્કાર. ‘અહીં કિરાતાદીને ગ્રહણ કરવાથી ભવિષ્યમાં નારાયણમુનિ નામ– સ્વામિનારાયણ નામ ધારણ

	કરી થનારા ભગવાનનેજ શ્રી શુકદેવજી મહારાજ નમસ્કાર કરે છે એમ જણાય છે અન્ય અવતારોમાં તો કિરાતાદિ નિમ્ન જાતિઓએ કરાયેલા ભગવાનના આશ્રયનો અભાવ હોવાથી તે પર જ જાણવું.''(શ્રીમદ્ભાગવત્/૨/૪/૧૮, સદ્ ગોપાળાનંદ સ્વામીકૃત શુકાભિપ્રાય બોધક ટીકા) આ પ્રમાણેનો યથાર્થ અર્થ સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ પોતાની ટીકામાં કરેલું છે અને પૂર્વાપરના અવતારોનું ચરિત્ર જોતા આ અર્થ યોગ્ય છે. પ્રજાને ભરમાવવાનો આક્ષેપ આપ અમારા પર કરો છો પરંતુ તે વચન वदतो व्याघात् દોષથી ગ્રસિત થઈ જાય છે કારણકે તમારા દાદાગુરૂએ શ્રુતિ વિરૂદ્ધ માયાવાદનું સ્થાપન કરેલું છે. જે માયાવાદ બૌદ્ધ મતને બરાબર મળતો આવે છે. દરેક વૈષ્ણવાચાર્યે વેદાન્તસૂત્રના ભાષ્યમાં તમને પૂર્વપક્ષ તરીકે ગ્રહણ કરી વિસ્તારથી તમારા મતનું ખંડન કરેલું છે. તો પ્રજાને ભરમાવવાનું કૃત્ય અમારૂં છે કે વેદ વિરૂદ્ધ એવા તમારૂં? વળી જે કૃષ્ણ દ્વૈપાયનના ગ્રંથને પ્રમાણે પણે ગ્રહણ કરી તમો અમારા પર આક્ષેપ કરો છો, તે કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીને જ તમારા પરદાદાગુરૂ આદિ જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યે 'आत्मकृते परिणानात्' (૧/૨૬)થી લઈ 'एतेन सर्वे व्याख्याता व्याख्याताः (૧/૨૮)'પર્યન્તના વ્યાસસૂત્રના ભાષ્યમાં 'मन्दमतिन्प्रति भान्तीति' મન્દમતિ અને ભ્રાંત કહ્યાં છે. કારણકે ભગવાન વેદવ્યાસ પરિણામવાદને માને છે અને તમો બૌદ્ધમુલક વિર્વતવાદને માનો છો માટે તમોને તો સાક્ષાત્ ભગવાન નારાયણના અવતાર એવા કૃષ્ણદ્વૈપાયનની પણ અમાન્યતા રહેતી નથી. જો પરમઆપ્તપુરૂષ વેદવિદ ભગવાન વેદવ્યાસ મન્દમતિ અને ભ્રાંત હોય તો તેઓએ નિર્માણ કરેલા વ્યાસસૂત્રની ઉપર ભાષ્ય રચનારા તમારા પરદાદાગુરૂ આદિ જગદ્ગુરૂ શંકરાચાર્યજી એમનાથી

	પણ મોટા મન્દમતિ અને ભ્રાંત સિદ્ધ થયા.)
પ્ર. (૨૦૨)	**'किरातहुण'** એ શ્લોકમાં લખેલી જે કિરાત આદિ આતિનીચ યોનિઓ તેઓ સ્વામિનારાયણના સાધુઓના આશ્રયે કરીને શુદ્ધ થાશે એમ તમોએ ઠરાવ્યું છે એ વાત ઠીક છે પણ તેમાં બ્રાહ્મણ કે ક્ષત્રિય આદિ પુણ્ય યોનિયોનું નામ કે નિશાન નથી. ત્યારે કિરાત આદિ હીન જાતિરૂપ નીચ યોનિની શુદ્ધિ માટે તમારા સ્વામિનારાયણનો અવતાર છે. એમ તમેજ કબુલ કરો છો પણ બ્રાહ્મણ આદિ પુણ્ય યોનિઓ માટે નથી. ત્યારે તમે જાણી બુજીને કપટથી બ્રાહ્મણાદિને ધર્મ ભ્રષ્ટ કરો છો. તે આસુરી કૃત્ય છે કે નહિ ?
ઉ.(૨૦૨)	**'किरातहुणान्ध्र'** એ શ્લોકમાં ગણાવેલીઓ જે કિરાત આદિ યોનિઓ કે જેઓને સ્વાભાવિક ધર્મ કૃત્યમાં ન્યુન પ્રવૃત્તિ હોય છે તેવાઓ પણ સ્વામિનારાયણના સાધુઓના સમાગમથી શુદ્ધ થશે તો જે બ્રાહ્મણાદિક ઉત્તમ યોનિઓ કે જેઓને નૈસર્ગિક ધર્મ કૃત્યમાં વિશેષ પ્રવૃત્તિ હોય છે. તેવાઓ શુદ્ધ થાય અને મોક્ષ પામે તેમાં શું કહેવું એવું તાત્પર્ય એ શ્લોકનું છે. તેને ન સમજી બ્રાહ્મણાદિકને ધર્મ ભ્રષ્ટ કરવાનું લખો છો તે કેવલ બાલિશતા છે. અને ધર્મનિષ્ઠ બ્રાહ્મણોનો ધર્મ ભ્રષ્ટ કરવાનું લખી તમે લોકોને ભરમાવો છો તે તમારૂં આસુરી કૃત્ય છે.
પ્ર. (૨૦૩)	તમારા મતમાં સાધુ તથા બ્રહ્મચારીના નામો વખતો વખત બદલવામાં આવ્યાં છે?
ઉ.(૨૦૩)	વખતો વખત બદલવામાં આવ્યા નથી. પણ શ્રીસહજાનંદ સ્વામિના વખતમાં જે સાધુઓ હતા તે અતિ સમર્થ અનેયોગૈશ્વર્ય વાળા હોવાથી અને વિશેષ દીક્ષા ધારણ કરનારા હોય તેઓને દાસાંત નામ આપવું અનુચિતમાની નંદાંત નામ આપવામાં આવતું હતું ત્યાર પછીથી અદ્યાપિ

	સાધુઓના દાસાંત નામ આપવામાં આવે છે. (**કારણકે વિશેષ દીક્ષા વખતે દીક્ષા લેનારાઓની પાછળ નંદસંજ્ઞા લગાવવી. આનો ખુલાસો કરતાં સહજાનંદસ્વામી સ્વયં જ કહે છે. ''અથ તસ્મૈ સ આચાર્યો ગાયત્રીં વૈષ્ણવીં દિશેત્ । નારદોઽસ્યા ઋષિશ્છન્દો ગાયત્રી દેવતા હરિઃ ॥ ત્રિરિમં દક્ષિણે કર્ણે મન્ત્રં સમુપદિશ્ય સઃ । આનન્દાન્તં ગુરુર્નામ શિષ્યસ્ય વિદધીત ચ ॥ – અનંતર આચાર્ય વૈષ્ણવી ગાયત્રીમંત્રનો ઋષિ છંદ દેવતા આદિકના ઉપદેશપૂર્વક શિષ્યના જમણા કર્ણમાં ત્રણવાર ઉપદેશ કરે, આ વિષ્ણુગાયત્રીના નારદ ઋષિ છે, ગાયત્રી છંદ છે, હરિ દેવતા છે, ઋષિ આદિકનું જ્ઞાન ન હોય તો મંત્ર નિષ્ફળ થાય છે માટે ઋષ્યાદિકનો પણ આ સાથેજ ઉપદેશ કર્યો છે. આ રીતે વૈષ્ણવી ગાયત્રીના મંત્રનો ઉપદેશ કરીને પછી ગુરૂ શિષ્યનું ભગવાનનાં હજાર નામો મધ્યે જે કોઈ પણ એક નામને અંતે આનંદ પદ આવે એવું નામ કૃષ્ણાનંદ હર્યાનંદ નારાયણાનંદ આદિક સંજ્ઞાને કરે (સ.જી.–૪/૫૦/૬–૭))**
પ્ર. (૨૦૪)	હા કહો તો દીક્ષા સંબંધી નામો બદલવામાં આધાર શું?
ઉ.(૨૦૪)	આ પ્રશ્ન ઉપરના પ્રશ્નોતરમાં દત્તોત્તર છે.
પ્ર. (૨૦૫)	ના કહો તો સહજાનંદના વખતના સાધુઓનાં નામ **'નંદ'** અને હાલના સાધુઓના નામ **'દાસ'** હોવાનું જણાય છે, તે વાત ખરી છે.?
ઉ.(૨૦૫)	આ પ્રશ્નનો ઉત્તર પણ ઉપરના પ્રશ્નોત્તર પ્રમાણે જ છે.
પ્ર. (૨૦૬)	ભાગવત્ દ્વિતીય સ્કંધની ટીકા શ્રીગોપાલાનંદ સ્વામિએ કરી છે, એમ લખ્યું છે, તો તે ગોપાળાનંદ સાધુ હતા કે બ્રહ્મચારી ?
ઉ.(૨૦૬)	સાધુ હતા. (**સ્વામી જ્ઞાતિએ કરીને માધ્યાન્દિ શાખાના શુકલયજુર્વેદી ઔદિચ્ય બ્રાહ્મણ હતા.**)

પ્ર. (૨૦૭)	સાધુ હતા એમ કહો તો કઈ જાતના સાધુ હતા ?
ઉ.(૨૦૭)	કઈ જાતના સાધુ હતા તે માહિતી નથી. **(પરંતુ હાલમાં માહિતી પ્રાપ્ત થઈ તે પ્રમાણે ઉદ્ધવસંપ્રદાના સંતોને દિક્ષા પાંચરાત્રશાસ્ત્રની ભારદ્વાજ સંહિતા અધ્યાય–૨ પ્રમાણે આપવામાં આવે છે. જેથી ઉદ્ધવ સંપ્રદાયના સંતો પરમહંસ તરીકે ઓળખાય છે. આ બાબતોનો ખુલાસો સહજાનંદ સ્વામીએ પોતે સ્વયં જ વડોદરામાં વિદ્વાનોની સભામાં કરેલો છે. જેનું વર્ણન હરિદિગ્વિજય/ ઉલ્લાસ–૪૫/ શ્લો.૮૭ થી ૧૨૪ માં તથા શ્લો.૧૩૬ થી ૧૪૯માં જોવા મળે છે.)**
પ્ર. (૨૦૮)	બ્રાહ્મણોને બ્રાહ્મણથી ઈતર જાતિ પાસેથી વિદ્યાભ્યાસ કરવાનો અધિકાર છે?
ઉ.(૨૦૮)	**'श्रद्दधानः शुभां विद्यामाददिता वरादपि**– શ્રદ્ધાવાન્ વિદ્યાર્થી શુભ વિદ્યાને કનિષ્ટ જ્ઞાતિ અર્થાત્ પોતાથી કનિષ્ટ જ્ઞાતિવાલા ક્ષત્રિય અને વૈશ્ય થકી પણ ગ્રહણ કરે.' આવી રીતે મનુસ્મૃતિ(૨/૨૩૮) માં પ્રતિપાદન કરેલું છે માટે બ્રાહ્મણને સ્વેતર અર્થાત્ બ્રાહ્મણ સિવાય ઈતર જ્ઞાતિ ક્ષત્રિય અને વૈશ્ય પાસેથી વિદ્યા ભણવાનો અધિકાર છે. **(અને ભણેલા પણ છે. જેમ મહાભારતના વનપર્વમાં કૌશિક નામનો બ્રાહ્મણ ધર્મવ્યાધ પાસે, શાંતિ પર્વમાં જાજની નામનો બ્રાહ્મણ તુલાધાર વૈશ્ય પાસે ધર્મતત્ત્વનો ઉપદેશ લેવા જાય છે. અને છાન્દોગ્યોપનિષદ્માં ઉદ્દાલક નામના બ્રહ્મર્ષિ ક્ષત્રિય એવા અશ્વપતિ પાસે વૈશ્વાનરવિદ્યા શિખવા માટે ગયા હતા.)**
પ્ર. (૨૦૯)	એ પંથકે સંપ્રદાયના મુખ્ય ગાદી પતિ ગુરૂ કે આચાર્ય હોય તે પોતાના સંપ્રદાયના શિષ્ય પાસે વિદ્યાભ્યાસ કરી શકે?
ઉ.(૨૦૯)	હા.**(તમારા જ પરદાદા ગુરૂ આદિજગદ્ ગુરૂ શંકરાચાર્યજી તેઓના શિષ્ય પદ્મપાદ, સુરેશ્વર ઈત્યાદિને વિદ્યાભ્યાસ કરાવતા હતા. આ**

	બાબતનો ઉલ્લેખ શંકરદિગ્વિજયમાં જોવા મળે છે. તમારા આચાર્ય વિદ્યાભ્યાસ કરાવી શકતા હોય તો અમારા આચાર્ય કેમ ન કરાવી શકે?)
પ્ર. (૨૧૦)	હા કહો તો તે ધર્મના સાધુઓના શિષ્ય થયા કે નહિ ?
ઉ.(૨૧૦)	સાધુઓના આચાર્ય મંત્રદાન પુરતા ગુરૂ છે. અને તે આચાર્ય જો સાધુ પાસે વિદ્યાધ્યયન કરે તો વિદ્યાધ્યયન કરવા પુરતા તે સાધુ તે આચાર્યના વિદ્યા ગુરૂ કહી શકાય.
પ્ર. (૨૧૧)	તમારા ભગવદ્ પ્રસાદજી નામ કહેવાતા આચાર્ય ગોપાલાનંદ સ્વામિ પાસેથી સંપૂર્ણ ભાગવત ભણ્યાનું તમો લખો છો તે સશાસ્ત્ર છે તેમાંથી શિષ્ય કોણ અને ગુરૂ કોણ?
ઉ.(૨૧૨)	સનાતન વૈદિક ધર્મ ધુરંધર શ્રી ભગવદ્ પ્રસાદજી મહારાજ સદ્ગુરૂ શ્રી ગોપાલાનંદ સ્વામી પાસેથી ભાગવત્ ભણ્યા હતા તે સશાસ્ત્ર જ છે. અને ગુરૂ શિષ્યપણાવિષેનો ખુલાસો પ્ર.૨૧૦ના ઉત્તરમાં લખેલો છે. (**આ બાબતનો ખુલાસો આચાર્ય ભગવદ્ પ્રસાદજી મહારાજે તેઓએ લખેલી શ્રીમદ્ ભાગત્ની ટીકાના અંતે 'गोपालानन्द सद्धाद्र्दं बुद्धा व्याख्या कृतामया ॥ औद्धवियसदाद्यया नित्यानन्दादयो बुधाः ॥ काकलिकमिदं श्रुत्वा प्रियन्तां मे महाशयाः ॥ स्वप्नं गतस्य मम हृत्कमले निविश्य स्वामी स्वयं मम पिता च महामुनीन्द्राः ॥ टीकांविधातु मनुदन् सरलां समे मामेषा ततोऽस्ति विहिता न मयात्मकर्त्यै ॥' આ વચનોથી સ્પષ્ટ કરે છે.)**
પ્ર. (૨૧૨)	તમારા પ્રથક્કરણમાં બ્રહ્મચારીનો પ્રથમ આશ્રમ અને સાધુઓનો ચતુર્થાશ્રમ એમ તમોએ કબુલ કર્યુ છે. એ વાત ખરી છે કે લોક વચના પુરતુ છે ?

ઉ.(૨૧૨)	ખરી છે.
પ્ર. (૨૧૩)	એ વાત ખરી છે એમ કહો તો ચતુર્થાશ્રમી સાધુઓ તમારા પંથના કહેવાતા ગ્રહસ્થ આચાર્યને નમસ્કાર કરે છે?
ઉ.(૨૧૩)	અમારા સંપ્રદાયના આચાર્યો અમારા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની ગાદિપર આરૂઢ થયેલા છે વળી મંત્રદાનના ગુરૂ છે માટે ચતુર્થાશ્રમી સાધુઓ ગ્રહસ્થાચાર્યને નમન કરે છે. **(જેમ ચતુર્થ સન્યાશાશ્રમી નારદ્જી તથા ઋભુક્ષુ ગ્રહસ્થાશ્રમી એવા બ્રહ્માજી અને મહાદેવજીને નમસ્કાર કરે છે તથા પ્રથમ એવા બ્રહ્મચર્યાશ્રમમાં સ્થિત એવા સનકાદિક મુનિઓ પણ ગૃહસ્થ એવા બ્રહ્માજી અને મહાદેવજીને નમસ્કાર કરે છે. તેમ અમારા સંપ્રદાયમાં પણ શ્રી સહજાનંદ સ્વામીના સ્થાનક પર બેઠેલા આચાર્યશ્રીને ચતુર્થાશ્રમીઓ તથા પ્રથમાશ્રમીઓ નમન કરે છે.)**
પ્ર. (૨૧૪)	ના કહો તો ધર્મપીઠના મુખ્ય આચાર્યને તેના સંપ્રદાયના સાધુઓએ વંદન કરવું જ જોઈએ એવો બીજા સંપ્રદાયનો શાસ્ત્ર વિધિ છે કે નહિ?
ઉ.(૨૧૪)	આનો ઉત્તર ઉપલા પ્રશ્નોત્તરમાં આવી ગયો.
પ્ર. (૨૧૫)	ચતુર્થાશ્રમી ગૃહસ્થાશ્રમીને નમસ્કાર કરી શકે?
ઉ.(૨૧૫)	ચતુર્થાશ્રમી ગૃહસ્થાશ્રમીને નમસ્કાર કરી શકે. ન કરવામાં કંઈ પ્રમાણ નથી. **(અને કરનારાઓનું પ્રમાણ ઉપર નારદ સનકાદિક અને ઋભુક્ષના દ્રષ્ટાંતથી આપી ચુક્યા છીએ.)** વળી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ(**૧૧/૨/૪૧**)માં **'यत् किञ्चभूतं प्रणमेदनन्यः।** હર કોઈ ભૂત પ્રાણીને પ્રણામ કરે' આ પ્રમાણે કહેલું છે. માટે ચતુર્થાશ્રમી ગૃહસ્થાશ્રમીને નમસ્કાર કરે તેમાં કંઈપણ અનુચિતપણું નથી.
પ્ર. (૨૧૬)	નારાયણનો અવતાર ચોવિશ અવતારમાં છે કે દશ અવતારમાં ?
ઉ.(૨૧૬)	નરનારાયણનો અવતાર ભાગવતના પ્રથમ સ્કંધમાં અવતાર પરિ ગણનમાં

	ચોવીશમાં ગણેલ છે. (જેમ કે શુકદેવજી મહારાજ કહે છે 'તુર્યે ધર્મ કલા સર્ગે નરનારાયણાવૃષી। ભૂત્વાઽઽત્મો-પશમોપેતમકરોદ્ દુશ્ચરં તપઃ ॥ - અર્થાત્ ધર્મપત્ની મૂર્તિના ગર્ભથી ભગવાને નર-નારાયણ રૂપે ચતુર્થ અવતાર લીધો. આ અવતારમાં તેમણે ઋષિ બનીને મન અને ઈન્દ્રિઓનો સર્વથા સંયમ કરીને ઘણી કઠીન તપસ્યા કરી.' (ભાગ.૧/૩/૯))
પ્ર. (૨૧૭)	બીજા પુરાણો પ્રમાણે નરનારાયણ અંશ અવતાર છે કે પૂર્ણ અવતાર?
ઉ.(૨૧૭)	અંશાવતાર છે. (પરંતુ શ્રીમદ્ભાગવત્ -૪/૨/૫૯, ૧૨/૦૮/૪૧, સ.જી. ૧/૯/૩૯-૪૧, ભકત ચિંતામણી-૮/૪-૮, હરિચરિત્રામૃતસાગર-૧/૧૧/૨૮, ૧/૧૧/૧૪, ૧૦/૩૭/૨૫, માં જયાં નરનારાયણ દેવને સર્વાવતારી અને પૂર્ણ બ્રહ્મ કહ્યા છે તથા શ્રીજીએ પણ નરનારાયણની પ્રતિષ્ઠા સમયે કહ્યું છે ''तेजोमण्डलमध्यस्थो गोलोके यः स एव हि । श्रेयसे सर्वभूतानां प्रादुर्भुतोऽस्ति भूतले ॥ धर्मदेवेन मूर्त्या च ध्यातोऽतिद्रभक्तितः । प्रादुर्भूतस्तयोरङ्गाद्द्विरुपो वर्णिवेषधृत् ॥ वरदानेन सन्तोष्य तौ ततः श्रेयस नृणाम् । नरनारायणाख्योऽसौ बरदरीवनमागतमत् ॥ कर्मभूमौ भारतेऽत्र मनुष्याणां स्वसंश्रयम् । प्राप्तानां भुक्तिमुक्त्यर्थे तपः कुर्वन्विराजते ॥ भूमेर्भारापनुत्यर्थं ब्रह्माद्यैः प्रार्थितः स तु । श्रीकृष्णो यादवकुले कृपयाऽऽविर्बभुव ह ॥ नरोऽर्जुनाख्यया जातः कुरुवंशे सखा हरेः । तेनार्जुनेन युक्तोऽसौ नरनारायणः स्मृतः ॥ नरनारायणाः सोऽयमत्र सुस्थापितो मया । भक्त्यैतस्य नृणां श्रयो भविष्यति न संशयः ॥ ગોલોકમાં અક્ષરનામના તેજોમંડળના મધ્યમાં જે શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ આપણા ઈષ્ટદેવ વિરાજે છે તેજ પોતે ભૂતળ ઉપર સર્વ ભૂતોના શ્રેય માટે ધર્મ પ્રજાપતિ અને તેમની મૂર્તિ નામની પત્નીએ અતિદ્રઢ

	ભક્તિપૂર્વક ધ્યાન કરતાં તેમની ઉપર પ્રસન્ન થઈને તેમા અંગ થકી પ્રાદુર્ભાવ પામતાં નરનારાયણ એવાં બન્ને રૂપ ધારીને વર્ણિવેષરમણીય ધરાતળમાં વિરાજે છે તે ધર્મ મૂર્તિને વાંછિત વરદાનથી સંતોષ પમાડીને પછી નરોના નિઃશ્રેયસ માટે નરનારાયણ ભગવાન્ બદરીવનમાં પધાર્યા . કર્મોનું વિલંબ વિના ફળ આપનારા આ ભરતખંડમાં પોતાના ચરણના સમાશ્રયને પામેલા મનુષ્યોની ભોગમોક્ષની સિદ્ધિ માટે સ્વયં તપશ્ચર્યા આચરતા થકા અદ્યાપિ બદરીકાશ્રમમાં વિરાજે છે હે જનાઃ! એજ બદરીપતિ નારાયણરૂપ ધારી રહેલા ગોલોકાક્ષરધામવાસી શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ ભગવાન્ બ્રહ્માદિ દેવોએ પ્રાર્થના કરતાં ભૂમિનો ભાર ઉતારવા યાદવકુળમાં કૃપાથી આવિર્ભાવ પામ્યાં. અને નારાયણના સખા તે નર કુરૂઓના વંશમાં અર્જુનનામથી પ્રકટ થયા માટે જ તે અર્જુને યુકત આ યદુનંદન શ્રીકૃષ્ણ નરનારાયણ નામથી કહ્યા છે તે આ નરનારાયણ (પ્રતિમારૂપ) મે હાલમાં આ મંદિરમાં પધારાવ્યાં છે એમને વિષે અનન્ય ભકિત કરવાથી સર્વ જનોનું શ્રેય થશે એમાં સંશય નથી 'આ તો અર્ચામૂર્તિ છે' એમ જાણીને તેમના થકી તેમનો ભેદ ન સમઝવો, કેમકે એજ આમાં પોતાના રૂપથી વિરાજમાન છે.''(સ.જી.૪/૨૫/૮૨ થી ૮૯) તેની સાથે અહીં જે નરનારાયણ દેવને અંશાવતાર કહ્યા છે તેનો વિરોધ આવશે. માટે અંશનો અર્થ એવો નથી લેવાનો કે 'નરનારાયણમાં અલ્પ ઐશ્વર્ય હતું' ઐશ્વર્ય તો પૂર્ણ જ હતું પણ કાર્યવશાત્ જેટલાની જરૂર હતી, તેટલુ પ્રગટ કરેલું. આ બાબતનો ખુલાસો કરતા નિત્યાનંદ સ્વામી શાંડિલ્ય સૂત્રભાષ્યમાં ' तदवाक्यशेषात् प्रार्दुभावेष्वपि सा । ' આ સૂત્રના ભાષ્યમાં કહે છે –''द्रष्यते ह्यवतारेष्णवतारिण ऐश्वर्य अवतारिकार्यकरत्वं च । न चावताराणामवतारिस्वरुपतो भेदः यावत्प्रयोजनमैश्वर्यस्य

	પ્રકાશનાત્'અર્થાત્ અવતારોમાં અવતારીનું ઐશ્વર્ય જે જ્ઞાન શક્ત્યાદિ અને કાર્ય જે મોક્ષપ્રદત્વાદિ અસાધારણ છે તે જોવામાં આવે છે. અવતારોનો અવતારિસ્વરૂપ થકી ભેદ નથી. મત્સ્યાદિ અવતારોમાં ન્યૂનાધિક ઐશ્વર્ય જોવાય છે તેથી તેઓ જુદા જુદા હોવા જોઈએ એમ પણ નથી. કેમકે જેટલું પ્રયોજન હતુ એટલું જ ઐશ્વર્ય પ્રકાશ્યું છે એ ઉપરથી એમાં ન હતું એમ કદાપિ કહેવાય નહિ.''(શા.સૂત્રભાષ્ય.૨/૧/૨૧) આ પ્રમાણે ન માની દુરાગ્રહવશાત જો નરનારાયણ દેવને અંશાવતાર અર્થાત્–ગૌણાવતાર માનશો તો તેની ધ્યાન ઉપાસના કરવાની સ્પષ્ટ મનાઈ 'व्यासनारदजामदग्न्यादय... सद्वारकावताराः । नैतेयामुपास्यता ॥ વ્યાસ, નારદ,પરશુરામ એ બધા સદ્વારક અવતાર છે અર્થાત્ જીવની અંદર પ્રવેશ થઈ ભગવાનનું પ્રાગટ્ય હોવાથી તે ઉપાસના કરવા યોગ્ય નથી. (નિત્યાનંદ સ્વામીકૃત શાંડિલ્યસૂત્રભાષ્ય તથા તે ભાષ્યપર તેમના શિષ્ય સદ્ કૃષ્ણસ્વરૂપદાસ કૃત ટીકા.૨/૧/૨૧)' આવા વચનથી કરી છે. પરંતુ શ્રીજી મહારાજે તો નરનારાયણ દેવનું ધ્યાન ઉપાસન કરવાનું પણ (સ.જી.૪/૨૫/૮૨ થી ૮૯)માં કહ્યું છે અને તેની ઉપાસનાથી આત્યાંતિક શ્રેષ્ઠ થવાનું પણ કહ્યું છે. તથા ભક્તચિંતામણી પ્ર. ૧૫૯/ચો.૮૦માં 'નરનારાયણાદિ અનંતરે, દિવ્યરૂપે રહે ભગવંત રે । તેને આશ્રિત હોય જે જન રે, પામે ગોલોક તે સહુ જન રે ॥' આ વચનથી નરનારાયણ દેવની ઉપાસનાથી ભગવત્ ધામની પ્રાપ્તિ પણ કહી છે. માટે નરનારાયણ પૂર્ણાવતાર અને અવતારી જ છે. પંડિતોની સભામાં તેઓને આપણા શાસ્ત્રીઓએ અંશાવતાર કહ્યા છે, તેનો અર્થ એજ લેવાનો છે. કે 'ઐશ્વર્ય હતુ પણ કાર્યવશાત્ જેટલી જરૂર હતી તેટલું જ પ્રકાશ્યું

	હતું' આ પ્રમાણે અર્થ કરીએ તો જ આ બધા વચનોથી સંગતિ થશે. છતાં દુરાગ્રહવશાત્ નરનારાયણને અંશાવતાર માનશો તો ભગવાનસ્વામિ– નારાયણને પણ સ.જી. ૪/૩૬/૯માં 'साक्षाच्छ्री विष्णोरवतारं कालावपि'આ વચનથી વિષ્ણુનાં અંશાવતાર જ કહેલા છે તો તુલ્ય ન્યાયે તેમને પણ અંશાવતાર જ માનવા પડશે. માટે અટલું કહેવું પર્યાપ્ત જ છે.)
પ્ર. (૨૧૮)	જેતલપુરની સભામાં સહજાનંદે કહ્યુ છે કે **"બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર એ ત્રણ દેવ નિત્ય સંતની સભાના અને અમારાં દર્શન કરવા આવે છે ત્યારે જયારે બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર સહજાનંદ સ્વામીના દર્શન કરવા આવે છે ત્યારે તેઓ સહજાનંદ સ્વામી ના ભકત હોવાનું તમો માનો છો તો પછી કૃષ્ણાનંદની સહીવાળા શાસ્ત્રાર્થમાં તમોએ વિષ્ણુની ઉપાસના કબુલ કરી છે તો તે વિષ્ણુ આ ત્રિમુર્તિ અંતર્ગત છે કે બીજા છે''?**
ઉ.(૨૧૮)	બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણ દેવે પરબ્રહ્મ શ્રી પુરૂષોત્તમ સહજાનંદ સ્વામીના દર્શન કરવા સારૂ આવતા હતા તેને આ એક બ્રહ્માંડની સ્થિતિ રાખવાની ફરજ છે. અને કૃષ્ણાનંદની સહીવાળા શાસ્ત્રર્થમાં અમોએ વિષ્ણુની ઉપાસના કરવાનું કહેલું છે તે મહા વિષ્ણુ કે જે પોતાના સંકલ્પ માત્રે કરીને અનંત કોટિ બ્રહ્માંડમાં કર્તુમકર્તુમ અન્યથા કર્તુમ સમર્થ છે તેની ઉપાસના કહેલી છે.
પ્ર. (૨૧૯)	બીજા વિષ્ણુ હોય તો તેમાં પ્રમાણ શું?
ઉ.(૨૧૯)	ત્રિપાદ મહાનારાયણોપનિષદ્માં મહાવિષ્ણુનું પ્રતિપાદન કરેલું છે **'तदभ्यन्तरसंस्थाने युगप दुदितानन्तकोटिरविप्रकाशस्सुदर्शन पुरुषो विराजते सुदर्शन पुरुषो महाविष्णुरेव –તે વૈકુંઠ અથવા અક્ષર ધામના મધ્યમાં એક કલાવચ્છિન્ન ઉદય પામેલા અનંત કોટી સૂર્યના સરખા પ્રકાશમાન દિવ્ય પુરૂષ બિરાજે છે. તે દિવ્ય પુરૂષ પોતે મહા વિષ્ણુજ**

	છે.’
પ્ર. (૨૨૦)	તમારા મતમાં નારાયણ અને શિવ કેટલા છે?
ઉ.(૨૨૦)	જે અક્ષર ધામમાં રહેલા નારાયણ પુરૂષોતમ તે તો એક જ છે અને બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રતિ સ્થિતિ કર્તા નારાયણ વિષ્ણુ તો અનેક છે અને શિવ પણ અનેક છે.
પ્ર. (૨૨૧)	શાસ્ત્રમાં કહેલા ત્રણથી વધારે હોવામાં પ્રમાણ શું?
ઉ.(૨૨૧)	શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ચૌદમાં અધ્યાયમાં બ્રહ્માએ શ્રીકૃષ્ણ પુરૂષોત્તમની સ્તુતિ કરેલી છે. ‘क्काहं तमोमहदहखचराग्निवा-र्भूसंवोष्टिताएडघटसप्तवितस्तिकायःक्वेदग्विधाऽविगणिताएडपराणुचर्य्या चाताध्वारोमविवरस्यचतेमहित्वम् । બ્રહ્મા કહે છે કે હે ભગવન્ પ્રકૃતિ, મહતત્ત્વ, અહંકાર, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી તેણે કરીને વિટેલા એવા અનંત કોટિ બ્રહ્માંડરૂપી ઘટ તેમાં સાત વેતનું જેનું શરીર છે, એવા હું કયાં અને એવા અનંત કોટિ બ્રહ્માંડરૂપ પરમાણું તેની ગતિને માટે જાળીઆ રૂપ છે રોમના છિદ્ર જેના અર્થાત્ જેના રોમનાં છિદ્રમાં એવા અનંત કોટિ બ્રહ્માંડ પરમાણુંની પેઠે ઉડયા કરે છે. એવા તમે તે તમારૂં મહત્વ કયાં?’ (ભાગ-૧૦/૧૪/૧૧) આ ઉપરથી પ્રતિ બ્રહ્માંડ એક બ્રહ્મા એમ સિદ્ધ થયું ત્યારે પ્રતિ બ્રહ્માંડ એક વિષ્ણુ અને એક શિવ એમ પણ સિદ્ધ થયુ તેવા અનંત બ્રહ્માંડ પણ આ શ્લોકમાં કહ્યાં ત્યારે તે બ્રહ્માંડોના એકંદરે અનેક વિષ્ણુ અને અનેક શિવ થયા.
પ્ર. (૨૨૨)	અમારૂ તમો વચન માનશો તો અમે જે ધામમાંથી આાવ્યા છીએ તે ધામ માં તમને સર્વેને તેડી જઈશુ? આવી ગપ્પ સહજાનંદ સ્વામીએ લખી છે તે વાત ખરી છે.?
ઉ.(૨૨૨)	અમારૂ વચન માનશો તો અમારા ધામમાં તેડી જઈશું એવું જે સહજાનંદ

	સ્વામીનું લખવું ખરૂ છે. અને તે મુજબ અનેકને તેડી પણ જાય છે પણ જે આસુરી જીવ હોય તેને માનવામાં આવે નહી. **(આ વાત તેઓએ સ્વમુખે સહજાનંદ સ્વામીએ ''મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું । બિરૂડ મારૂં એ ન બદલે, તે સર્વે જનને જણાવવું'' (ભ.ચિ.પ્ર.૬૮/૯)આ વચનોથી કહી છે. અને આ વચન મુજબ અનેકો જીવોને તેના અંતકાળે તેઓ તેડવા માટે આવેલા હતાં આ વાતનું પ્રમાણ સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા ભક્તચિંતામણીમાં પ્ર.૧૫૧માં સૂરતના ભાણા ભક્તના ચરિત્રમાં જોવા મળે છે. તથા વાર્તા સાહિત્યમાં સ્થાન સ્થાન પર જોવા મળે છે. તે તમારે સંપ્રદાયનાં ગ્રંથોનો અભ્યાસ કરી જોઈ લેવું.)**
પ્ર. (૨૨૩)	વચન માનવાથી અર્થાત્ આજ્ઞાનું પાલન કરવા માત્રથી જ બીજા સાધન વિના પણ સહજાનંદ સ્વામી અક્ષરધામમાં તેડી જાય છે.?
ઉ.(૨૨૩)	વચન માનવાનું કહ્યું તેમાંજ બધા શાસ્ત્રોકત સાધન આવી ગયા કેમકે વચન માનવું એટલે આજ્ઞા માનવી આજ્ઞામાં શાસ્ત્રોકત સાધન તમામ અનુષ્ઠાન કરવાનું પ્રતિપાદન કરેલું છે. **(ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તનાર આલોક અને પરલોકમાં મહા સુખની પ્રાપ્તિ કરે છે. અને જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે મહાકષ્ટને પામે છે જેમ– ભગવાન શ્રીકૃષ્ણ કહે છે– 'यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिवाप्नोति न सुखं न परां गतिम् ॥જે મનુષ્ય શાસ્ત્રમાં કહેલા વિધિનો ત્યાગ કરીને પોતાનું મન માન્યું વર્તન કરે છે. તે કયારેય સિદ્ધિને પામતો નથી. પરમગતિ મોક્ષને પામતો નથી અને સુખને પણ પામતો નથી.' (ગીતા–૧૬/૨૩ આ પ્રમાણે ગીતાકારે સ્વમુખે શાસ્ત્રોકત આજ્ઞા ઉલ્લંઘનમાં દોષ બતાવ્યો.) વરાહ ભગવાન પણ પૃથ્વિદેવીને કહે છે– 'श्रुतिः स्मृतिर्ममैवाज्ञा यस्तामुल्लङ्ध्य वर्तते ।**

	આજ્ઞાભંગી મમ દ્વેષી સ મદ્ભક્તો ન વૈ ધરે!–હે પૃથ્વિ! શ્રુતિ અને સ્મૃતિ, બન્ને મારી આજ્ઞા છે તે આજ્ઞાનો ભંગ કરનારો તો મારી દ્વેષી છે પણ તે મારો ભકત નથી.'(વરાહ પુરાણ– આમ વરાહભગવાને સ્વમુખે શાસ્ત્રોકત આજ્ઞાનો ભંગ કરનારાને પોતાની દ્રોહી કહ્યો છે) શ્રી વલ્લભાચાર્યે પણ–''स्वधर्माचरणं शक्त्या विधर्माच्च्व निवर्तनम् । इन्द्रियाश्च्वविनिग्राहः सर्वथा न त्रयं त्यजेत् ॥ –પોતાની શકિત પ્રમાણે સ્વધર્મ પાળવો, વિધર્મથી દૂર રહેવું અને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને કાબૂમાં રાખવા. આ ત્રણ બાબતને કોઈ પણ રીતે તજી દેવી નહિ.''આ વચનથી તત્ત્વાર્થ દીપ નિબંધમાં શાસ્ત્રોકત આજ્ઞા પાળવાનું કહે છે. યાજ્ઞવલ્કયઋષિ પણ ''विहितस्याननुष्ठानान्निन्दितस्य च सेवनात् । अनिग्रहाच्च्वेन्द्रियाणां नरः पतनमृच्छति ॥–જે શાસ્ત્રોની આજ્ઞા પાળે નહિ, નિષેધ કર્યો હોવા છતાં પાપમય આચરણ કરે અને પોતાના ઈન્દ્રિય અંતઃકરણને વિષય ભોગથી રોકે નહિ. આવા મનુષ્યની અધોગતિ થાય છે (યાજ્ઞ.સ્મૃતિ.૩/૨૧૯ આ વચનથી યાજ્ઞવલ્કયે પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારની અધોગતિ કહી.'') ભારદ્વાજ મુનિ પણ–''कृतानूकल्यसङ्कल्पः प्रातिकूल्यं विवर्जयेत् ।'' (ભારદ્વાજ સંહિતા–૨/૧) તથા અહિર્બુધન્ય મૂનિ પણ ''आनूकल्यसङ्कल्पः : प्रातिकूल्यं वर्जयेत् । ભગવાનની આજ્ઞાનુસાર વર્તવું પરંતુ આજ્ઞાથી વિરૂદ્ધ કયારેય ન વર્તવું'' (અહિર્બુધન્ય સંહિતા/ આ પ્રમાણે આ બન્ને ઋષિઓ પણ ભગવત્ આજ્ઞા પાળવા પર ભાર મુકે છે)અને એટલે માટે જ સહજાનંદસ્વામી પણ ''ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान्सदा तेऽत्र परत्र च महासुखाः ।–અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સચ્છાસ્ત્ર,

	તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવાજેઅહિંસા આદિક સદાચાર, તેમને જે મનુષ્ય પાળે છે, તે મનુષ્યજે તે આ લોક ને પરલોકને વિષે મહા સુખિયા થાય છે.(શિક્ષા–૮)'' ''तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥ – અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક તથા પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને પામે છે.''(શિક્ષા–૯) આ વચન દ્વારા આજ્ઞા પાળવા પર ભાર મુકે છે.તથા તેમના શિષ્ય નિષ્કુળાનંદ સ્વામી પણ ''મોટું થવાનું હોય મનમાં, તો હરિવચનમાં હંમેશ રૈ'યે. નિષ્કુળાનંદ કહે ન લોપીજી, વાલમનું વચન કૈયે'' ''નહિ પામે પામર નર સુખરે, રહી હરિવચનથી વિમુખરે ।'' ''સંતો વચનદ્રોહીનો ઘણી નહિરે'' ''વચન લોપી જાણે સુખ લેશુંરે'' ''સંત સાચા તે સંસારમાં, રહે હરિવચને હમેશરે'' (નિષ્કુળાનંદ કાવ્ય /વચનવિધિ) આ પ્રમાણે પરમાત્માં સ્વયં તથા બધા જ મહાપુરૂષો ભગવદ્ આજ્ઞા પ્રમાણે રહેવાની વાત કરે છે માટે સહજાનંદ સ્વામીએ ભગવદ્ આજ્ઞા પાળવા પર ભાર મુકેલો છે. તે યોગ્ય જ છે.)
પ્ર. (૨૨૪)	અક્ષરધામમાં જવા માટે પુરૂષોત્તમ અવતારી સ્વામિનારાયણની પ્રતિમા ગંજીપાને પૂજવું અને એક પગે બગલાની પેઠે ઉભા રહેવુ એજ સાધનની જરૂર છે કે બીજા કોઈ?
ઉ.(૨૨૪)	પુરૂષોત્તમ અવતારી સ્વામિનારાયણની ચિત્ર પ્રતિમાને ગંજીપો કહેનાર મહા આસુરી કે જેના દર્શનથી સચૈલ સ્નાન કરવું જોઈએ તેવો ગણાય અને નાસ્તિક શિરોમણિ કહેવાય અને એક પગે ઉભા રહેવું તે તપ છે તેને બગલાની પેઠે ઉભા રહેવાનું કહેવું તેથી વધારે અધમતા શી ગણાય? પૂજા કરવી તેથી અન્ય સાધનો પણ અનુષ્ઠાન કરવાના કહેલા છે તે જાણવાની

	ઈચ્છા હોય તો આ સંપ્રદાયના ગ્રંથો વાંચવાથી જણાશે. **(સહજાનંદ સ્વામીએ તો પોતાના શ્રીમુખે (ગ.અં.૨૪ વ.મૃતમાં)''શ્રદ્ધા, સ્વધર્મ, વૈરાગ્ય સર્વ પ્રકાર ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, અહિંસા, બ્રહ્મચર્ય, સાધુનો સમાગમ, આત્મનિષ્ઠા, મહાત્મ્યજ્ઞાને યુકત એવી જે ભગવાનની નિશ્ચલ ભકિત, સંતોષ, નિર્દંભપણું, દયા તપ, પોતાથી, ગુણે કરીને મોટા જે ભગવાનના ભકત તેમને વિષે ગુરૂભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા, પોતાને બરોબરીયા જે ભગવાનના ભકત તેમને વિષે મિત્રભાવ રાખવો, પોતાથી ઉતરતા જે ભગવાનના ભકત તેમને વિષે શિષ્ય ભાવ રાખીને તેમનું હિત કરવું , એવી રીતે આ સોળ સાધને કરીને ભગવાનનો એકાંતિક ભકત જે તે અક્ષરધામને વિષે ભગવાનની સેવાને રૂડી રીતે પામે છે.'' આ પ્રમાણે પોતાના સ્વમુખે ભગવાનની પૂજા ઉપરાંત આ સોળ સાધનો કરવાનાં કહ્યાં છે.)**
પ્ર. (૨૨૫)	તમારા મોટેરા ભકત ગૃહસ્થ સત્સંગીઓ મરી જાય ત્યારે શ્રીજી મહારાજ અક્ષરધામમાં તેડી જાય છે કે નહિ?
ઉ.(૨૨૫)	પોતાની ઈચ્છા હોય તો તેડી જાય છે. **(જુઓ ભકત ચિંતામણી – પ્ર.૧૫૧માં સૂરતના ભાણાભકતનું ચરિત્ર જેમાં ભાણાભકતની કરણી બહુ દુષ્ટ હતી પરંતુ તેને ભગવાન સ્વામિનારાયણનો અતિ વિશ્વાસ હતો કે ભગવાન જીવોની કરણી જોતા નથી. એના આ વિશ્વાસને લઈને તેની કરણી ખરાબ હોવા છતાં તેને અંતકાળે ભગવાન સ્વામિનારાયણ પોતાના ધામમાં તેડી ગયા હતા.)**
પ્ર. (૨૨૬)	આવી ખોટી શાસ્ત્ર વિરૂદ્ધ ગપ્પો વડે ભોળી પ્રજામાં મૂર્ખ પ્રતારણાથી જે પંથ ચલવે તે વૈદિક થઈ શકે?
ઉ.(૨૨૬)	આ પ્રશ્ન પ્રશ્નકર્તાનું પાપિષ્ઠપણું સૂચવે છે. **(કારણકે વેદવિરૂદ્ધ**

	માયાવાદનું સ્થાપન કરી છેલ્લા પચ્ચીસો વર્ષથી સનાતન વૈદિક ધર્મની ભોળી પ્રજાને છેતરવાનું કામ કોણ કરે છે એતો સમસ્ત વૈષ્ણવાચાર્ય જાણે જ છે. પોતે તમો અવૈદિક છો, અને અમોને અવૈદિક કહો છો. આ તમારી વાત તો સ્વવચન વિરોધ દોષથી દૂષિત થાય છે.)
પ્ર. (૨૨૭)	**'जन्माद्यस्य'** એ શ્લોકનો તમારા ભાગવત્ ગ્રંથની ટીકામાં જે અર્થ કરેલો છે તે ખરી રીતે કરેલો છે?
ઉ.(૨૨૭)	હા. **(આ માટે તમારે અમારા સંપ્રદાયની શ્રીમદ્ ભાગવત્ની ટીકા જોવી જરૂરી છે. તે જોઈ લેજો.)**
પ્ર. (૨૨૮)	આર્ષ ગ્રંથનો ખોટો અર્થ કરી ઉભો કરેલો પંથ કે ધર્મ વૈદિક થઈ શકે?
ઉ.(૨૨૮)	ખોટો અર્થ કર્યો નથી. છતાં દુષ્ટ મતિવાળા તે અર્થને ખોટો માને તેથી અમારા સંપ્રદાયને કંઈ હાનિ નથી. (**સ્વયં તમો માયાવાદીઓએ વેદોના અર્થો ગલત રીતે કરેલા જોવા મળે છે. જેનું એક ઉદાહરણ તમને આપીએ છીએ.** 'परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकीज्ञानबल क्रिया च । **જે પરબ્રહ્મમાં જ્ઞાન, બળ અને ક્રિયા સંબંધી અનેક પ્રકારની પરાશક્તિ સ્વાભાવિક રીતે રહી છે' (શ્વેતા.ઉ/૧૬/૮ આ શ્રુતિમાં જે સ્વાભાવિક શબ્દો આવે છે. તેનો અર્થ તમારા પરદાદા ગુરૂ આદિ જગદ્ગુરૂ શંકરાચાર્યજીએ 'કલ્પિત' કરેલો છે. કોઈપણ કોષ ગ્રંથમં સ્વાભાવિકનો અર્થ કલ્પિત જોવા મળતો નથી. તમારા પરદાદા ગુરૂ આ અર્થ કયાંથી લાવ્યા તે તો તેઓ જ અવૈદિક બૌદ્ધ મતને પુષ્ટકરનારા જાણે. આ ઉપરાંત તમારા મતના અનુયાયી શ્રીધરસ્વામીએ પણ શ્રીમદ્ ભાગવતની ટીકામાં '' यत्र यस्मिन्ब्रह्मणि त्रयाणां मायागुणानां तमोरजः सत्त्वानां सर्गो भूतेन्द्रियदेवतारुपोऽमृषा सत्यः । यत्सत्यतया मिथ्यासर्गोऽपि सत्यवत्प्रतीयते तं परं सत्यमित्यर्थः । જે બ્રહ્મમાં**

	માયાના ત્રણેય ગુણોની સૃષ્ટિ–(તમોગુણરૂપ) ભૂતસર્ગ (રજોગુણરૂપ) ઈન્દ્રિયસર્ગ અને (સત્ત્વગુણરૂપ) ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓનો સર્ગ ભૂત–ઈન્દ્રિય–દેવતારૂપ સર્જન 'અમૃષા' સત્ય છે. (અર્થાત્) જેની સત્યતાને લીધે મિથ્યા સર્જન પણ સત્ય જેવું પ્રતીત થાય છે, તે પરમ સત્યનું (અમે ધ્યાન કરીએ છીએ) એમ અર્થ છે.'' (શ્રીમદ્ ભાગવત્/૧/૧/૧–શ્રીધરસ્વામી કૃત ભાવાર્થ દિપિકાટીકા)આ પ્રમાણે સત્યરૂપ પરમાત્મા થકી પ્રગટ થયેલી સત્ય સૃષ્ટિનો પણ મિથ્યાર્થ કરેલો છે. જેનો અમારા સહિત બધા જ વૈષ્ણવ સંપ્રદાયના ભાગવતના ટીકાકારોએ વિરોધ કરેલો છે. તો અમારો સંપ્રદાય અવૈદિક કે તમારો? એ મનીષીપુરૂષોએ નક્કી કરવાનું રહ્યું.)
પ્ર. (૨૨૯)	અમદાવાદની સભામાં સહજાનંદ સ્વામીએ કહ્યું છે કે "**અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ, અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિઓ એ બધી મારે તેજે કરીને તેજાયમાન છે**'' આ વાત તમે ખરી માનો છો?
ઉ.(૨૨૯)	તે વાતને અમો ખરી માનીએ છીએ શ્રી પરમાત્માએ કહ્યું કે અસંખ્ય બ્રહ્માંડના શિવ વિગેરે મારે તેજે કરીને તેજાયમાન છે તેમાં કંઈ શંકાનો અવકાશ નથી. શ્રીકૃષ્ણ પરમાત્માએ શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૫/૧૨માં અધ્યાયમાં કહ્યું છે કે "यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलम् । यच्चन्द्रमसियच्चाग्नौतत्तेजो विधि मामकम् ॥ હે અર્જુન જે સૂર્યમાં રહેલું તેજ આ સકળ વિશ્વને પ્રકાશિત કરે છે તે અને જે ચંદ્રમામાં તેજ રહેલું છે તેમજ જે અગ્નિમાં તેજ છે તે સમગ્ર મારૂં તેજ છે એમ જાણ" આવી રીતે શ્રીકૃષ્ણ પરમાત્માએ કહયુ તે ઉપલક્ષણ માત્ર છે અનંત બ્રહ્માંડમાં જે વસ્તુમાં તેજ જણાય છે તે સમગ્ર પરમાત્મા થકી જ પ્રાપ્ત થયેલું છે એમ કહેવાનું તાત્પર્ય છે. (**અને સહજાનંદ સ્વામી એ બીજા કોઈ નથી પરંતુ**

	સાક્ષાત્ શ્રીકૃષ્ણનો અપર અવતારજ છે. જેનું પ્રમાણ સ્કંધ/ વૈષ્ણવખંડ /વાસુદેવ મહાત્મ્ય / ૧૮/૪૨ થી ૪૪ માં જોવા મળે છે. તો તેઓએ ઉપર કહેલા વાકયો કહ્યા છે તો તેમાં કોઈપણ પ્રકારની શંકા કરવાનો અવકાશ નથી.)
પ્ર. (૨૩૦)	"સર્વ બ્રહ્માંડની , સ્થિતિ અને પ્રલય હું જ કરૂ છું " એમ સ્વામિનારાયણ કહે છે. ત્યારે અસંખ્ય બ્રહ્માંડના અધિપતિઓ બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર એ સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે વર્તે છે ખરા કે નહિ ?
ઉ.(૨૩૦)	વર્તે છે કપિલદેવ ભગવાને કહ્યું છે કે **"मद्भयाद्वाति वातोऽयं सूर्य्यस्तपति मद्भयात् । वर्षतीन्द्रोदहत्यग्नि मृत्युश्चरतिमद्भयात् ॥** મારા ભયથી વાયુ વાય છે સૂર્ય પણ મારા ભયથી તપે છે ઈન્દ્ર મારા ભયથી વૃષ્ટિ કરે છે, અને અગ્નિ પણ મારા ભયથી દહન કરે છે તેમજ મૃત્યુપણ મારા ભયથી ગતિ કરે છે" (ભાગ-૩/૨૫/૪૨)તો આ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ, શિવ સ્વામિનારાયણની આજ્ઞા મુજબ વરતે તેમાં દૈવી જીવને કંઈપણ આશ્ચર્ય નથી.
પ્ર. (૨૩૧)	બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર જેની આજ્ઞા પ્રમાણે વરતે અને સાધુ, નાગડા, વેરાગી, લોહલંગર બાવા, વિગેરે સ્વામિનારાયણને મારે આ વાત સંભવે ખરી?
ઉ.(૨૩૧)	બ્રહ્મા વિષ્ણુ અને શિવ પણ જેની આજ્ઞામાં વરતે એવા ભગવાન પણ અસુરોનું અપમાન સહન કરે એજ તેમની મહત્ત છે અને સાધુ પુરૂષોને તે નિમિત્ત ઉપદેશ કર્યો કે સાધુ પુરૂષનો આવો ધર્મ છે કે પોતે સમર્થ હોય છતાં કોઈ અપમાન કરે તો ક્ષમા રાખવી એ પ્રયોજન છે. **(આ બાબત શ્રીમદ્ ભાગવતના પંચમ્ સ્કંધમાં સાક્ષાત્ ભગવાનના અવતાર એવા ઋષભદેવ ભગવાનમાં પણ જોવા મળે છે. કે જેઓ સાક્ષાત પરમાત્મા હોવા છતાં પરમહંસના ધર્મો ચરિતાર્થ કરવા**

	અલ્પજીવોએ કરેલા તાડન તથા અપશબ્દોને સહન કરતા હતાં. તેમ ભગવાન સ્વામિનારાયણ પણ સાધુના ધર્મમાં રહ્યા હતા, તો તેઓ પણ સાધુના જ ધર્મનું આચરણ કરે તેમાં શું આશ્ચર્ય?)
પ્ર. (૨૩૨)	સ્વામિનારાયણ કહે છે કે **"મારા પગને અંગુંઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે"** આવી શક્તિવાળાને ગવેન્દ્ર રાજાનું શરણ લેવા શું જરૂર હતી.?
ઉ.(૨૩૨)	ગવેંન્દ્ર રાજાનું શરણ લીધુ નથી પણ તેમના ઉપર પૂર્ણ કૃપા કરી હતી. **(જુઓ સ.જી.૨/૩૬–જેમ તમારા પરદાદાગુરૂ શંકરાચાર્ય 'शंङ्करंशङ्कराचार्य' આમા કહ્યા મુજબ સંહાર કર્તા એવા સાક્ષાત્ શંકરના અવતાર હતા છતાં વિધર્મિઓને મોતને ઘાત ઉતારવા તેઓએ સુધન્વા રાજાની સહાય લઈ તેના પર કૃપા કરી હતી. આ વાત શંકરદિગ્વિજયમાં જોવા મળે છે.)**
પ્ર. (૨૩૩)	સહજાનંદ સ્વામી કહે છે કે **"આને રાજય આવો તો તેને રાજય આવે છે અનેઆનું રાજય જાઓ તો તેનું જાય છે"** તો દાદાખાચરને બધી પૃથ્વીનું રાજય કેમ ન અપાવ્યુ?
ઉ.(૨૩૩)	દાદાખાચરને બધી પૃથ્વીનુ રાજય તો શું પણ અસંખ્ય બ્રહ્માંડનું રાજય આપવા પોતે શક્તિમાન હતા છતાં તેમને માયિક પદાર્થમાં બંધન ન થવા દેવા માટે બધી પૃથ્વીનું રાજય આપ્યુ નહોતુ.
પ્ર. (૨૩૪)	તમારા કેટલાક સત્સંગીઓ મજુરી કરીને પણ પેટ ભરી શકતા નથી તો આવી સ્થિતિમાં પોતાના આશ્રિતોને રાખવા એ આવા સામાર્થ્યવાળાને છાજે છે?
ઉ.(૨૩૪)	આ પ્રશ્ન ઉપરના પ્રશ્નોત્તરમાં દતોત્તર છે.
પ્ર. (૨૩૫)	ગવેન્દ્ર રાજા તે કોઈ ગવર્નર જનરલ કે બીજો?

ઉ.(૨૩૫)	ગર્વનર જનરલ તેજ ગવેંદ્ર રાજા.
પ્ર. (૨૩૬)	બીજો હોય તો કોણ અને કયાનો રાજા તે કહો?
ઉ.(૨૩૬)	આનો ઉત્તર ઉપર આવી ગયો.
પ્ર. (૨૩૭)	ગર્વનર જનરલ છે એમ કહો તો તેમણે સ્વામિનારાયણ તથા તેમના સાધુઓની નિંદા કરે તેને ફાંસીએ લટકાવવાના ઉગ્રશાસન કરેલાનું સત્સંગ વિજયમાં લખેલું છે તે વાત ખરી છે?
ઉ.(૨૩૭)	સત્સંગ વિજય ચોપાનીયાને અમે માન્ય ગણતા નથી. **(કારણકે આ ચોપનીયું અમારા સંપ્રદાયથી બહિર્મુખ થયેલાઓએ પ્રકાશિત કરેલું છે. પરંતુ અમારા સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા (સ.જી. પ્ર.૨/૩૬)માં તમોએ પુછેલા પ્રશ્નોની વાત લખેલી છે.)**
પ્ર. (૨૩૮)	ઉપરની વાત ખરી હોય તો તે કઈ તારીખની તથા કયા નંબરનો હુકમ છે તે લોકોની જાણ માટે, જાહેર કરો?
ઉ.(૨૩૮)	આનો ઉત્તર ઉપરના પ્રશ્નોત્તરમાં આવી ગયો.
પ્ર. (૨૩૯)	તે હુકમના નંબર તથા તારીખ પ્રસિદ્ધ નહિં કરો તો આવી સરકારી અધિકારીની ખોટી વાત લખી તેના દબાણથી પ્રજા પાસેથી ધન હરણ કરી તેનો ધર્મ કરો છો તો તે બાબતે તમારા પર કાયદેસર કામ ચાલી શકે કે નહિ?
ઉ.(૨૩૯)	આ પ્રશ્ન તો માત્ર બકવાદ રૂપજ છે.
પ્ર. (૨૪૦)	**''વેદ રહસ્ય ગ્રંથનો આરંભ''** એ મથાળા નિચે સહજાનંદ સ્વામીએ અનિર્દેશથી લખેલ એક પત્ર છે તે હકિકત કયાં વેદમાં કયે સ્થળે લખેલી છે?
ઉ.(૨૪૦)	આ પ્રશ્ન પણ મૂર્ખતા મિશ્રિત છે કેમકે તેવી વાત વેદમાં કયે સ્થળે છે એ પુછવું કેટલે દરજે અજ્ઞાન સૂચવે છે કોઈ વ્યકિત કોઈ સ્થળેથી પત્ર

	લખે તે વાત વેદમાં છે જ નહી. (આ પ્રમાણે પ્રશ્ન પુછી પ્રશ્ન કરનારાઓએ પોતાની અજ્ઞાનતા પ્રદર્શિત કરી છે. કારણકે તેઓ આ જે વાત કહે છે તે વેદમાં કોઈ સ્થળે લખી નથી પરંતું અમારા સંપ્રદાયથી બહિર્મુખ થઈ ગયેલા કેટલાક અજ્ઞાનિ લોકોએ 'વેદરસ' નામનું કોઈક પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે, તેમાં આ અનિર્દેશવાળો લખેલ પત્ર છે. પરંતુ આ પુસ્તકમાં જે કંઈ લખેલ છે તે અમારા સંપ્રદાયના માન્ય પ્રબંધથી વિરૂદ્ધ હોવાથી અદ્યાપિ અમારા સંપ્રદાયના અનુયાયિઓ આ પુસ્તકને માનતા નથી. લાગે છે પ્રશ્ન પુછનારાને અમારા સંપ્રદાયના ગ્રંથોનો સહેજે પણ અભ્યાસ નથી. કેમકે વેદ તો અનાદિ અપૌરૂષેય છે. જેની રચના ભગવાને પણ કરી નથી. ભગવાનતો સૃષ્ટિના આરંભ કાળમાં 'यो ब्रह्माणं विदधातिपूर्वं यो वै वेदाश्च प्रहिणोति तस्मै । – જે પરમેશ્વરે નિશ્ચય જ સૌ પ્રથમ બ્રહ્માજીને પ્રગટ કરી તેઓને વેદોનું જ્ઞાન પ્રદાન કર્યું.' (શ્વે.ઉ.અ/૬/૧૮) આમા કહ્યા મુજબ ભગવાને સૃષ્ટિના પૂર્વકાળમાં કમળાશન બ્રહ્માજીએ વેદનું જ્ઞાન કરાવેલું તે સમયે પત્ર લખવાનો પ્રશ્ન જ ઉપસ્થિતિ થતો નથી કારણકે જયારે સૃષ્ટિ જ ન હતી તો પત્ર કોના પર લખવો.?)
પ્ર. (૨૪૧)	તે પત્રમાં "ભાઈશ્રી સ્વયં પ્રકાશાનંદજી" એમ લખ્યુ છે તો પરમહંસોને એવી ઉપમાં આપી શકાય છે ?
ઉ.(૨૪૧)	"ભાઈ" એવી ઉપમાં આપી નથી પરંતુ નામમાં જ "ભાઈ" એવું લખેલું છે. માટે શંકાનો અવકાશ નથી.
પ્ર. (૨૪૨)	વર્તમાન લીધા સિવાય સત્સંગી થઈ શકાતું નથી એવો તમારો મત છે તો તે વર્તમાન એટલે શું? તે કયો વૈદિક સંસ્કાર છે ? તે વેદના મંત્રથી સિદ્ધ કરી આપો .

ઉ.(૨૪૨)	વર્તમાન પાંચ છે નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ આવી રીતે પાંચ મહાગુણ તેનું નામ પંચ વર્ત્તમાન કહેવામાં આવે છે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે **'निर्मानमोह जितसङ्गदोषाः** માન અને મોહ રહિત તેમજ જેમણે સંગના દોષ જીતેલા છે તે અક્ષરને પામે છે'(ગીતા-૧૫/૫) આ ગીતા વાક્યમાં નિર્માન વર્તમાનનું પ્રતિપાદન આવી તેમજ **'त्रिविधंनरकस्येदं द्वारंनाशनमात्मनः कामः । क्रोधस्तथा लोभ स्तस्मादेत् त्रयं त्यजेत् ।** કામ, ક્રોધ અને લોભ એ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે માટે તે ત્રણનો ત્યાગ કરવો'(ગીતા-૧૬/૨૧) એમા નિષ્કામ અને નિર્લોભ એ બે વર્તમાનનું પ્રતિપાદન આવી ગયું અને ભાગવાતના ૧૧/૭/૫૨ અધ્યાયમાં **'नातिस्नेहः प्रसङ्गोवा कर्तव्यः कापिकेनचित् । कुर्व्वन् विन्देत सन्तापं कपोत इव दीनधीः ॥** કોઈ પણ પુરૂષે કોઈ પદાર્થમાં અતિ સ્નેહ અથવા પ્રસંગ કરવો નહિ અને કરે તો દીન બુદ્ધિવાળા કપોતની પેઠે સંતાપને પામે.' આ ઉપરથી નિઃસ્નેહ વર્તમાનનું પ્રતિપાદન થયું આવી રીતે પાંચે વર્તમાન શાસ્ત્રોકત છે.
પ્ર. (૨૪૩)	એવો વર્તમાન નામનો સંસ્કાર તમે જો વેદમાંથી ન બતાવી શકો તો તમારે મત અવૈદિક છે એ વાત સિદ્ધિ થઈ કે નહીં ?
ઉ.(૨૪૩)	આ પ્રશ્નનો ઉત્તર ઉપરના પ્રશ્નોત્તરમાં આવી ગયો છે. **(શ્રીમદ્ ભગવત ગીતા અને શ્રીમદ્ ભાગવત્ એ બન્નેને દરેક વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોએ વેદ જેટલાજ પ્રમાણિક માનેલા છે. માટે આ બન્નેવ શાસ્ત્રોની અંદર પંચવર્તમાનનું પ્રતિપાદન થઈ ગયુ હોવાથી એ વેદ દ્વારા જ પ્રતિપાદન થઈ ગયુ એમ મનાય.)**
પ્ર. (૨૪૪)	દોઢ કે બે મહિનાનું બાળક પણ તમારા મતમાં સત્સંગી થઈ શકે છે?
ઉ.(૨૪૪)	આ પ્રશ્નો ઉત્તર પ્ર-૧૧૧ ના ઉત્તરમાં આવી ગયો છે. **(અમારા મતમાં તો**

	દોઢ બે માસનું બાળક સત્સંગી થઈ શકે છે પણ શૈવ સંપ્રદાય અંતર્ગત લીંગાયત સંપ્રદાય માતો જન્મતા જ બાળકને દીક્ષા આપી કંઠ કે હાથમાં લીંગ બાંધવાની પ્રથા છે તો તેને જઈ આ વાત કહો તો યોગ્ય ગણાશે.
પ્ર. (૨૪૫)	માત્ર જે ક્ષણે જે વર્તમાન લે તે ક્ષણે તે સત્સંગી થઈ શકે છે એવો તમારો મત તો પંચ સંસ્કાર થયા વિના પણ સત્સંગી થઈ શકાય?
ઉ.(૨૪૫)	પ્ર.૧૧૦ના ઉત્તરમાં સત્સંગી શબ્દનો અર્થ કહેલો છે તે પ્રમાણે વર્તે તેનું નામ સત્સંગી કહેવામાં આવે છે પણ વર્તમાન ધારણ કરે ત્યારે જ સંત્સંગી કહેવાય એવો કઈ નિયમ નથી માટે આ પ્રશ્ન અસંગત છે.
પ્ર. (૨૪૬)	સત્સંગ વિજયમાં લખે છે કે **‘પરંતુ આ અવતાર તો પૂર્વે થયેલા સર્વ અવતારોને તથા તે તે કાળે થયેલા સર્વ ભકતોને લઈ તથા અનાદિ મુકતોને લઈ તથા મુકત પણામાં કંઈ ખામી વળા મુકતોને લઈ તથા પોતાના ધામ જેવા સ્ત્રી સહિત એવા મૂળ પ્રકૃતિ પુરૂષના ધામના મુકતને લઈ તથા અંશાવતાર તથા કલાવતાર તેમને લઈ તથા તે તે અવતારના કવિઓ, વ્યાસ, વાલ્મીકઆદિને લઈ કોઈક કોઈક મિષથી મરિચ્યાદિ ઋષિઓને લઈ તથા પૂર્વે થએલા સર્વે દૈત્યો તથા સર્વે અસુરોને કોઈ દ્વારા સંકલ્પથી પ્રેરણા કરી લઈ આ મહા ઘોરકળીકાળમાં આ બ્રહ્માંડના અધિપતિની આયુષ્ય પ્રાર્થના કરતાં કરતાં અડધી પૂર્ણ થઈ ત્યારે સર્વ અવતારના અવતારી ક્ષર અક્ષરતીત આદિનારાયણ પોતે શ્રી સ્વામિનારાણરૂપે પ્રસિદ્ધ થયા છે”** એમ લખો છો તથા પૂર્વે થએલા દશ અવતારો કે ચોવીશ અવતારોએ સ્વામિનારાણ સાથે ફરીને અવતર્યા આ ઉપરાંત પૂર્વેના અવતાર વખતના ભકતો, અનાદિ મૂકતો, મુકતપણામાં ખામીવાળા મુકતો, બદરીકાશ્રમ, શ્વેત દ્વીપના મુકતો, મૂળપ્રકૃતિપુરૂષ ધામના મુકતો, પ્રધાન પુરૂષ ધામના

	મુકતો અને અંશાવતાર, કલાવતાર ને તે તે અવતારના કવિઓ વ્યાસ, વાલ્મીકાદિ, મરિચી આદિ ઋષિઓ અને પૂર્વે થએલા દૈત્યો તે બધા કયે ઠેકાણે કયા કુળમાં કઈ જાતિમાં અવતરીને તમારા સત્સંગીઓમાં કયે કયે નામે ઓળખાય છે ?
ઉ.(૨૪૬)	એનો ઉત્તર પ્રશ્ન ૨૩૭ના ઉત્તરમાં આવી ગયો છે (**આ સત્સંગ વિજય ચોપનીયું અમારા સંપ્રદાયનું નથી. અમારા સંપ્રદાયથી બહિર્મુખ થયેલી વિમુખ સંસ્થાનું છે આ પ્રમાણેની કપોળ કલ્પિત વાત અમારા સંપ્રદાયના માન્યા કોઈ પ્રબંધમાં જોવા મળતી નથી. સંપ્રદાયના બધા જ માન્ય પ્રબંધો, કીર્તનો તથા ભગવાન વેદવ્યાસજીની સ્કંધ પુરાણ/ વૈષ્ણવખંડ/શ્રીવાસુદેવ મહાત્મ્ય/ અ.૧૮/શ્લો-૪૨થી ૪૪માં કહેલી વાત મુજબ સહજાનંદ સ્વામીએ શ્રીકૃષ્ણના અપરઅવતાર હોવાથી જ ઉપર કહેલી બધી જ વાત અસત્ય છે.**)
પ્ર. (૨૪૭)	મુકતને પાછું અવતરવું પડે ખરૂં કે ?
ઉ.(૨૪૭)	આનો ઉત્તર પણ તે ચોપાનીયું અમાન્યુ હોવાથી આપવાની જરૂર નથી.(**પરંતુ તમારા પરદાદા ગુરૂ શ્રીશંકરાચાર્યજી નૃસિંહ પૂર્વતાપનીય ઉપનિષદ્ના ભાષ્યમાં તથા તમારા અનુયાયી શ્રીમદ્ ભાગવતના પ્રસિદ્ધ ટીકાકાર શ્રીધરસ્વામી શ્રીમદ્ ભાગવતની (૧૦/૮૭/૨૧)ની ટીકામાં 'મુક્તા અપિ લીલયા વિગ્રહં કૃત્વા ભજન્તિ ।-મુકતજનો પણ લીલાથી શરીર ધારણ કરીને ભગવાનનું ભજન કરે છે' આ વચનથી મુકત થયેલાને પણ પુનઃઅવતરવાનું કહે છે. તો તેઓને જઈને તમો આ પ્રશ્ન કરો કે મુકતોએ ફરીથી અવતરવું કેમ પડે?**)
પ્ર. (૨૪૮)	નૈષ્ઠિક બ્રહ્મચારી કે જેને આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ છે તેજ અક્ષર ધામને પામે છે એમ તમે લખો છો તો સહજાનંદ પછીના તમારા બબ્બે પત્નીઓ વાળા ગૃહસ્થ આચાર્યો તથા નૈષ્ઠિક બ્રહ્મચારી સિવાયના

	ગૃહસ્થ સત્સંગીઓથી અક્ષર ધામમાં જવાશે.?
ઉ.(૨૪૮)	પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ જેના જે પ્રમાણે કહેલા છે તે મુજબ વર્તી ભગવદ્ ભકિત કરવાથી ભગવાનના અક્ષર ધામમાં જવાય છે.
પ્ર. (૨૪૯)	જો અક્ષરધામને તેઓ ન પામે તો તેઓ કયા ધામમાં જશે ?
ઉ.(૨૪૯)	આનો ઉત્તર ઉપરના પ્રશ્નોત્તરમાં આવી ગયો.
પ્ર. (૨૫૦)	ગૃહસ્થ સત્સંગીઓને શ્રીજી મહારાજ કયા ધામમાં તેડી જશે?
ઉ.(૨૫૦)	બરોબર આજ્ઞા પાળશે તો અક્ષર ધામમાં લેઈ જશે. (**આ વાત નો ઉત્તર અમો આગળ ૨૨૫માં પ્રશ્નોના ઉત્તરમાં આપી ચુકેલા છે. જેમાં ગૃહસ્થ એવા ભાણા ભકતને પણ ભગવાન સ્વામિનારાયણ અક્ષરધામમાં લઈ ગયા હતાં. એટલે જે ભકત સ્વધર્મમાં રહી ભગવાનની ઉપાસના કરે છે, તે ગૃહસ્થ હોય કે ત્યાગી હોય તે બધા જ ભગવત્ ધામના અધિકારી થાય છે આ વાત સહજાનંદ સ્વામીએ વડતાલનાં ૨૦માં વચનામૃતમાં ''માટે ગૃહિત્યાગીનો કાંઈ મેળ નથી જેની સમઝણ મોટી તેને જ સૌથી મોટો હરિભકત જાણવો.'' આ વચનથી સ્વમુખે કહેલી છે.**)


श्रीगणेशाय नमः ।

श्रीस्वामिनारायणसंप्रदायविवर्धिणी

व्यवस्था

गोस्वामिपुरुषोत्तमानन्दगिरिणा

कृता

काशी मुद्रायन्त्रालय समुद्य प्रकाशिता ।

सम्वत १९६५

श्रीविश्वेश्वरोविजयतेतराम्।

श्रीस्वामिनाराणसम्प्रदायविषयिणी

काशीस्थ पण्डितकृता व्यवस्था ।

(१) व्यवस्था

स्वामिनारायणनिर्मिताशिक्षापत्रीवैदिकधर्मोपदेशभरावैदिकधर्माबलम्बिानामतीवोपयोगिनी चास्ति । अत्र यें ये सन्त्युपदेशास्ते सर्वे वैदिका एवेति राद्धान्तयति तथैतदाश्रयणेन ब्राह्मणादीनां न काचिद्दोषापत्तिरिति च राद्धान्त्यति

वारणस्यां पृथ्वीश्वर निकटे । सं.१९६४ का.शु. १ बुधे. ता.६।११/१९०७

सुधाकरद्विवेदी ।
(महामहोपाध्याय, फर्स्ट प्रोफेसर ओफ .....संस्कृत कोलेज)

(२)व्यवस्था

श्री सहजानन्दस्वामिनिर्मित्शिक्षापत्रिकायां य उपदेशा अभिहितास्ते वैदिका एवेति । तदनुसारेण प्रवर्तितसम्प्रदायस्यावैदिकत्वं न भवति । तदाश्रयणे च ब्राह्मणादीनान्दोषो नास्तीति । का.शु.११-सं.१९६४

राखालदासन्यायरत्नः	(महामहोपाध्यायः)
कैलाशचन्द्रशिरोमणिः	(महामहोपाध्यायः)

प्रियनायतर्करत्नः	
श्री शङ्करर्तर्करत्नः	
श्रीनयदेवशर्म्मणः	(दरभङ्गापाठशालाध्यापकस्य)
श्रीजीवनाथशर्मणः	
झोपाख्यमुरलीधरशर्मा	
श्रीरमाकान्तशर्मणो	व्याकरणतीर्थस्य
श्रीवाणीशशर्मणः	काव्यतीर्थस्य
ज्योश्युपनामकस्य भैय्याशास्त्रिणः	
गौरीदत्तः शर्मणः	
श्री वामाचरण शर्मणः	
श्रीहरिवंशशर्मणः	
राजारामशर्म्मा	
रक्षपालशर्म्मणः	
श्रीधरशर्म्मणः	
श्रीयदुवंशशर्म्मणः	
श्रीमार्कण्डेयशर्माणी	व्याकरणतीर्थस्य
श्रीबुचनशर्म्मणः	
अनन्तरामशर्म्मणः	
ज्योतिर्विदुपाव्हभैरवनाथशर्म्मणः	

श्रीरमाकान्तझा	
काशीनाथशर्मणाः	

(३) व्यवस्था

श्री स्वामिसहजानन्दानिर्मिताशिक्षापत्र्यां य उपदेशा अभिहितास्ते सर्वे श्रुतिस्मृत्यनुकूलत्वाद्वैदिका एव । तदनुसारेण प्रवर्तितस्वामिनारायणसम्प्रदायस्य वैदिकत्वमेवेति ब्राह्मणादीनान्तदाश्रये न काचिद्दोषापत्तिरिति राद्धन्तः ।।का.शु,११ सं.१९६४

संगमलालझा	
पं. विष्णुदत्तः	
पं. चन्द्रभूषणशर्मा	
हरिहरदत्तदीक्षितः	
पं. बालमुकुन्दमालवीयः	अयोध्यानाथज्यो
अनन्तरामज्यो.	
श्रीनाथझा	
कृष्णदत्तझा	
श्रीकान्तझा	
पं. शिवपूजकः	
हरिशङ्करज्यो.	
शङ्करदत्तज्यो.	

रामकृष्णज्यो	
हरिकृष्णशास्त्रीयते	
ढुंढिराजशास्त्री	
रामदिहलज्यो.	
रामगोपालकविः	
मर्कण्डेयमिश्रः	
रमाकान्तझा	
गुलबझा	
जटाधारीमिश्रः	
गोपीनाथसामवेदी	
पं. कृपारामगौडः	
रामानाथव्यासः	
गोपालशास्त्री	
नाथुरामभट्टेज्यो.	
पं.महावीरप्रसादः	
चक्रधरझा	
काशीनाथझा	
शरच्चन्द्रभट्टाचार्यः	
हरानचन्द्रभट्टाचार्यः	
जयरामभट्टाचार्य्यः	

पीताम्बरभट्टाचार्य्याः	
जयकृष्णभट्टाचार्य्याः	
अविनाशचन्द्रभट्टाचार्य्यः	
रजनीकान्तभट्टाचार्य्यः	
दीपचन्द्रभट्टाचार्य्यः	
देवीचरणभट्टाचार्य्यः	
काशीचन्द्रभट्टाचार्य्यः	
सीतानाथ भट्टाचार्य्यः	
बेणीमाधवभट्टाचार्य्यः	
गंगेशचन्द्रभट्टाचार्य्याः	
हरेन्द्रनाथभट्टाचार्य्यः	
गोराचाँदभट्टाचार्य्यः	
गोविन्द्रभट्टाचार्य्यः	
श्रीशबरभट्टाचार्य्यः	
वामाचरणभट्टाचार्य्यः	
बालगोविंदः	
गोकुलप्रसादः	
नारायणभट्टः	
गणेशदत्तः	
अंबादासशास्त्री	

वामनाचार्यऐनापुरेः	
रामेश्वरदत्तज्योतिषी	
हृषिकेशव्यासः	
व्यंकटशास्त्री तैलंगः	
देवीप्रसादः	
केशवचोधरी ज्योतिषी	
मोनौरझा	
गौरीदत्तः	
हरिनारायणत्रिपाठी	
झिंगुरीत्रिपाठी	
देवीप्रसादकविः	
कुबेरपतिशर्मा	
रामकृष्णःज्योतिषी	
लक्ष्मीनारायणकविः	
जगन्नाथपं.	
द्वारकादत्तव्यासः	
राजारामवैदिकः	
परमेश्वरदत्तपांडेयः	
गणेशदत्तकविः	
हृषिकेशज्योतिषी	

गोनरठाकुरः	
पं. गयादत्तः	
कपिलेश्वरझा	
गिरिजाकांतझा	
रामानुग्रहझा	
दामोदरमिश्रः	
पुरुषोत्तमशास्त्री	
पं.देवनारायणः	
भगवत्प्रसादः	
धर्मदत्तशर्मा	
व्रजवीरझा	
विश्वनाथवैदिकः	
राजवंशीमिश्रः	
बालकृष्णशर्मा	
तारादत्तपं.	
नन्दरामर्शा	
काशीनाथगौडः	
भैरवनाथशर्मा	
अनन्तरामशर्मा	
रुद्रप्रसादज्यो .	

संभूनाथशर्मा	
गणेशदत्तशर्मा	
बालकृष्णशर्मा	
गोविंदरामशर्मा	
चन्द्रनाथझा	
गोपालशर्मा	
हनुमान्दत्तपाण्डेयः	
रामचन्द्रगौडः	
विश्वेश्वरशर्मा	
मनसारामशर्मा	
सुखदेवशर्मा	
नंदाकिशोरः	
रामचरणद्विवेदी	
सोमेश्वरमिश्रः	
पुरुषोत्तमशर्मा	
गोपीनाथशर्मा	
त्रिलोचनज्यो.	
कृष्णशर्मा	
बैद्यनाथमालवीयः	
सरलरामशर्मा	

ईश्वरीदत्तः	
जगन्नाथशर्मा	
हरिवल्लभाचार्यः	
चतुराननशर्मा	
गणेशशास्त्री	
तुलारामशर्मा	
वेनीप्रसादशर्मा	
मणिशंकरवैद्यः	
शिवप्रसादजीशर्मा	
वैद्यनाथशर्मा	
सत्वारामशर्मा	
छुन्नाजीकर्मकांडी	
कन्हैयालालव्यासः	
धरणीधरशर्मा	
जनार्दनशर्मा	
गौरीशंकरः	
बालदीक्षितः	
गणेशदत्तज्यो.	
गदाधरमिश्रः	
रामनाथशर्मा	

जगन्नाथत्रिपाठी	
छन्नूलालपाठकः	
रामशरणदासः	
विवेकीशर्मा	
दुर्गादत्तशर्मा	
गोपालकृष्णः	
मंगेशरावशर्मा	
भोलानाथः इत्यादि ।	

(४) व्यवस्था

श्रीसहजानन्दस्वामिविरचितायां शिक्षापत्र्यां य उपदेशास्तेषु ''देवतापितृयार्गाथमप्यजादेश्च हिंसनम् ॥ न कर्तव्यामिति । न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमापि कचित् ॥'' इत्यत्र च विषये विप्रतिपत्तिसत्वेऽपि तादितरेषां सर्वेषां स्वामिनारायणसम्प्रदायीयोपदेशानां वेदोऽविरुद्धतया श्रौतस्मार्तवर्णाश्रमधर्मसम्प्रदायपरिपालनप्रवणतया च ब्राह्मणादीनां तदाश्रयेदोषापत्तिर्नास्तीति राद्धान्तः का.शु, १३ सं. ११६४

सम्मतिरत्र सुब्रह्मण्यशास्त्रिणः (महामहोपाध्यायस्य) । सम्मतिरत्नार्थेतैलमरामशास्त्रिणः नागेश्वरपन्तधर्माधिकारिणश्च । 'घाटे' इत्युपाव्हमहादेवशास्त्रिणश्च । नित्यानन्दपर्वतीयः संमनुते कर्मोपासनोपदेशान् । सम्मतिरत्रार्थे महामहोपाध्याय, सी.आई.ई

गंगाधरशास्त्रिसुतमोनवल्ल्युपाख्यभालचन्द्रशांस्त्रिणः । सम्मतिरत्रार्थे माने सरोपाव्हपिवेनायकशास्त्रिणा । सम्मतिरत्रार्थे द्राविडगोविन्दशास्त्रिणः ।

(५) व्यवस्था

श्री स्वामिनारायणसम्प्रदायस्यशिक्षापत्रीनामकग्रन्थेयउपदेशा अभिहितास्तेश्रुतिस्मृत्याद्यनुकूलत्वाद्वैदिकास्सन्तितदनुसारेणप्रवर्तितस्वामि–नारायणसम्प्रदायस्य वैदिकत्वमेवेति तदाश्रयणे ब्राह्मणादीनां न काचिद्वाधापत्तिरितिराद्धान्तः । मार्गशीर्षकृष्ण ३ मन्दवासरे सवत् १९६४ भवानीशंकरजी अग्निहोत्री गणेशनाथजी । त्रिवेदिमोतिरामकर्मकांडी । अत्रार्थे सम्मतिः

विनायकरामशर्मणः अ.	
नारायणजी जोशी	
देवशंकरत्रिपाठी सामवेदी	
गोविन्दरामजी नागर दवे।	
त्रिपाठी उमाशंकरजी वैद्यः	
मणीशङ्करशर्मा	
जयदेवपंचोली	
चुन्नीलालखेडवालः	
त्रिपाठी हरिशंकरजी	
मणीरामजीगोरः	
गोपालकृष्णपुराणीकः	

लक्ष्मीशंकरव्यासः	
लछमनजीवैदिकः	
यादवरामशर्मा	

श्रीविश्वेश्वरोविजयतेतराम् ।

स्वामिनारायणनिर्मिताशिक्षापत्रीवैदिकधर्मोपदेशभरा वैदिकधर्मावल-म्बिनामतीवोपयोगिनी चास्ति । अत्र ये ये सन्त्युपदेशास्ते सर्व वैदिका एवेतिराद्धान्तयति तथैतदाश्रयेणब्राह्मणादीनान्नकाचिद्दोषापत्तिरिति चराद्धान्तयति ॥

सारस्वतान्वयोद्भवदुर्गादत्तशर्मणः सम्मतिरत्र ॥	
सम्मतिरत्रार्थे वैद्यनाथशर्मणः मालवीयेत्युपज्ञातेः॥	
सम्मतिरत्र पं. पाण्डेयोपाहपुरुषोत्तमशर्मणः कर्मकाण्डिनः	
सम्मतिरत्र पं. बुधनाथमिश्रसारस्वतस्य	
सन्नढयंवंशोद्भवपाठकबलदेवशर्म्मणोऽत्रसम्मतिः	
सम्मतिरत्रबडेअरामचंन्द्रदीक्षितस्य	
सम्मतिरत्रार्थेहनुमान् प्रसादशर्मणः	
दीक्षितनागरकेशवशमर्णः	
सनाढ्यंवंशोद्भवपंडितनन्दकिशोरशर्मणः	
पं. बलेभद्रनाथमालवीयः	

नागरवंशोद्भवंसूर्यनारायणस्य सम्मतिरत्र	
सनाढ्यवंशोद्भवगोस्वामिरामकृष्णशर्म्मा	
सम्मतिरत्रमखनलालशर्म्मणः	
संमतिरत्रद्रीक्षितरतनजी शर्मणः	
सनाढ्यवंशोद्भवगोस्वामी बालकृष्णशर्मा	
सनाढ्यवंशोद्भवबिहारीलालस्यसम्मतिरत्र	
सनाढ्यवंशोद्भवद्वारकानाथपान्डेयशर्म्मा	
स. शालिग्रामशर्मणः	
स. विश्वनाथशर्मणः	
स. बटुकनाथशर्मणः	
सम्मतिरत्र दामोदरमिश्रशर्मणः	
सम्मतिरत्र महादेवप्रसादमिश्रशर्मणः	
सम्मतिरत्र उदितनारायण शर्मणः	
सम्मतिरत्र गो. विश्वेश्वरलाल शर्मणः	
संमतिरत्र जयन्तीप्रसादाध्यापकस्य	
सम्मतिरत्र गंगाविसुन्शर्मणः	
सम्मनुतेमुमर्थ गुर्ज्जरभटमेवाडानारायणशंकरशर्मा	
सम्मतिरेतदर्थेकृष्णज्योतिर्विदस्य	
सम्मतिरत्रयोगेश्वर शर्मणः	
सम्मतिरत्र वेणीमाधवशर्मणः	

सम्मतिरत्र मोहनलालभटमेवाडागु:शर्मण:	
कृतसम्मतिरत्रज्यो. गौतमोपनामकगणेशनाथ शम्भुं	
स.सम्मतिरत्रदुविवेद्युपनामक पं.रामनारययणशर्मण:	
सम्मतिकोत्र रघुवीरदत्तशर्मा इति	

६.व्यवस्था ।

श्री स्वामिनारायण की शिक्षापत्री मेरे को मिली और उस ग्रन्थ को अच्छीतरह से देखने पर तथा विचार पूर्वक मनन करनेपर हम को विश्वास हुआ की श्रीस्वामिनारायण का संप्रदाय वेदविरुद्धनही है किन्तु सर्वथा वेदानुकुल अर्थात् वैदिक है और ब्राह्मणादिको को इस धर्मके पालन करनेमें बाधा नहीं है ओर इस धर्म के पालन करनेसे वैदिक धर्म से पतित नहीं हो सकते ।

कार्तिकवदि चतुर्थी १९६४
साक्षी स्वामि श्री अद्वैतानन्द

सम्मतोऽयमर्थ: श्रीबच्चाशमर्ण:

॥ सूचना ॥

सम्मतिके विषय में नि:शंक होने के लिये श्रीभारत धर्म्ममहामण्डल प्रधानकार्यालयसे निम्नलिखित सर्क्युलर निकाला गया था जिसपर फिरसे सम्मति हो गयी है, पीछे मार्गशीर्ष कृष्ण ५ सोमवार (ता.२५/११/१९०८) को एक अपूर्व महतसिभा. काशीके प्रख्यात महाजन राय विष्णुचन्द्रजीकी कोटी मे बुलाई गयी, जीस में अन्दाज तीन सौ पण्डित एकत्र हो गये थे उसमे म.म. पं. राखालदास न्यायरत्न इनको

सभापति चुना गया था उस वक्त्त सब पण्डितोने इस विषयमें विचारपूर्वक सम्मति की है ऐसा मुक्तकंठसे ठहराव किया, आगे उसका संक्षिप्त वृत्तान्त संस्कृतमें दिया है ओर नीचे श्रीमहामंण्डलक सर्क्युलरकी नकल दी जाती हे:-

''अकुण्ठं सर्व्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम्
वैकुण्ठस्य हि यद्रुपं तस्मै कार्यात्मने नमः ॥''

श्रीभारतधम्मीमहामण्डल प्रधानकार्यालय

(काश्मार राजभवन) काशी (बनारस) मागशीर्ष कृष्ण २ स. १९६४श्रीसहजानन्दस्वामिनिर्मित शिक्षापत्रीके विषयमें श्रीस्वमिनारायण संप्रदाय की तरफसे श्री काशीक्षेत्रके पण्डितमहाशयोसे अभिप्राय मांगा गया था वह पत्र श्रीभारतधर्ममहामण्डलमें आये हे किन्तु सुननेमें आता है कि कोई महाशय ऐसा कहते हे कि वह व्यवस्था कुछ पण्डितमहाशयोने भूलसे लिखी हे हमने दो चार विख्यात पंडितमहाशयोसे पूछा तो उन्होने उसका निषेध किया तो भी उस शंका को दूर करनेकेलिए यह पत्र आपकी सेवामे भेजा जात है कि यदि अपने खुब समझ बुझके व्यवस्था दी हे तो अपने नामके आगे कृपया वह स्पष्ट लिखके हस्ताक्षर कर दीजिये इस परिश्रमकेलिए आप की सेवामें दक्षिणा भेजी जाती है उसको स्वीकार करके कृतार्थ कीजिए ॥

भवदीय कृपापत्र
पं.महाराजनारायण शिवपुरी
(रायबहादुर)प्रधानाध्यक्ष-श्रीभारतधर्ममहामण्डल ।

॥श्रीः॥

सं.१९६४ मार्गशीर्षकृष्णपञ्चम्यां सोमे सन्ध्यासमये रायाविष्णुचन्दगेहे श्रीस्वामिनारायणरचितशिक्षापत्रिकाविषये महिती सभाऽभूत् ।

वाराणस्यां ये च प्रतिष्ठिता विद्वांसो महाराजानां सभास्वपि बहु प्रार्थनया न गच्छन्ति तैरपि निजशुभागमनेनेयं सभा भूषिता ।

अत्र महामहोपाध्यायपण्डितसुधाकराद्विवोदेप्रस्तावेन दरभङ्गा महीमहेन्द्रपाठशालीयव्याकरणशास्त्रप्रधानाध्यापकमिश्रोपाख्याश्रीजयदेव-शर्मानुमोदितेन महामहोपाध्यायश्रीराखालदासभट्टाचार्यमहाशयेन सभापतिस्थानमलङ्कृतम् ।

अत्र सर्व विद्वांसः शिक्षापत्रिकोपदेशा वैदिका अवैदिका वेत्यत्र निज सम्मतिप्रदानेन मामनुगृहणन्त्विति लक्ष्मीदास नागरदाससराफमहाशयेन सर्वं स्पष्टमुपपादितम् ।

ततोभारतधर्महामण्डलप्रधानाध्यक्षप्रतिनिधिनाभारतधर्ममहामण्डल-पत्रंपठितंयत्रशिक्षापत्रिकाविषये कशीस्थप्रधानाविद्वद्भिर्या स्वस्वसम्मर्तिदत्ता सा भ्रान्तितो वस्तुज्ञानतो लिखितेति कृपया सर्वे विद्वांसो वदन्तु स्वस्वनामाग्रे स्वस्वसम्मतिपूर्वकं हस्ताक्षरं च कुर्वन्तु । अत्र महामहोपाध्यायपण्डितसुधाकरद्विवेदिना च भारंतधर्ममहामण्डलपत्रविषयः सर्वजनबोधाय स्पष्टरुपेण पुनरप्युपपादितः ।

सर्वे शिक्षापत्रिकोपदेशा वैदिय एवेत्यस्माकं वस्तुज्ञानतः सम्मतिस्तस्त्र नास्माकं भ्रमलेश इति सर्वे विद्वांसः सहर्षमवोचन् ।

वेदपुराणेतिहासोल्लिखितानां सात्त्विकराजसतामसधर्माणां शिक्षापत्रिकोपदिष्टो स्वामिनारायणसांप्रदायिकधर्मः सात्विकरुपः पुराणवेदोतिहाससम्मतश्च वर्णचतुष्टयमान्यः प्रशंसनीय एचोति सभापतिना स्पष्टमुक्तम् ;

ततः सभापतिधन्यवादपुरः सरं सभाविसर्जनं जातमिति ।

अत्र येये प्रतिष्ठिता विद्वांसः समागतास्तेषां नामानि

महामहोपाध्याय श्रीराखलदासभट्टाचार्यः।	
महाश्रीकैलासचन्द्रशिरोमणिः।	
महामहोपाध्याय श्रीसुधाकरद्विवेदी	
श्री सुब्रह्मण्यशास्त्री ।	
पं.जयदेवमिश्रः	
पं.चन्द्रभूषणः	
पं.बाणचरणशर्मा।	
पं.जीवनाथमिश्रः	
पं.मुरलीधरझा	
पं.अनन्तरामः	
पं.संगमलालझा	
पं.श्रीनाथझा ।	
पं.वाणीशझा ।	
पं.श्रीकांतझा ।	

पं.श्रीकृष्णदत्तः	
पं.द्वारकारदत्तव्यास	

इत्यादिनि शतत्रयादधिकानि ।

श्रीकाशीपुरी, मार्गशीर्ष कृष्णा ७ बुधे

प्रकाशकः-

गोस्वामी पुरुषोत्तमानन्दगिरिः ।

श्रीबडोदराना पंडितोनो ठराव

श्रीमंतसरकार सेनाखासखेलशमशेर बहादुर गायकवाड सरकारना देवधर अधिकारी तथा बीजाशास्त्री यो विगेरेए स्वामिनारायणनो संप्रदाय वेदोक्त छे ते विषे करेली व्यवस्था ।

भार्गवब्राह्मणनी ज्ञातिमां केटलाकगृहस्थोकेजेओअे स्वामिनारायणना पंथनो स्वीकारकरेलो होवाथी भार्गवज्ञातिमां केटलोकविक्षेप उत्पन्न थएलो जे उपरथी सं,१९४० ना आशो शु.१४ने वारशुक्रने रोज नीचेजणावेलुं एक विज्ञापनपत्र श्रीमन्त सरकार सेनाखासखेलशमशेरबहादुरे वि. देवधरना अधिकारी राज्यमान राजे श्रीराजारामबावाहजुर मोकलेलुं ते उपरथी वडोदरामां शास्त्रिओ, वेदिआओ विगेरेनी सभा थअेली अने तेणे जे निर्णय करेलो ते निचे मुज्ब छे ।

(भार्गवब्राह्मणोअे करेली अरजिनी नकल)

श्रीमंतसरकार सेनाखासखेल शमशेरबहादुर वि. देवधरना अधिकारी रा.रा राजारामबाबा ।

विज्ञापन निचे संहिकरनाराओनीए छे जे हमोभार्गवब्राह्मणनी ज्ञातिमां केटलाएक स्वामिनाराणसंप्रदायने अनुसर्या छे अने ते कारणथी ज्ञातिमां विक्षेप चाले छे माटे ए संप्रदायने अनुसरवाने तथा तेने अनुसरता उर्द्धपुण्ड्रादि चिह्नकरवा ते ब्राह्मणोने शास्त्रथी काइ बाध छे के केम तेनो शास्त्रार्थ कृपाकरी मलवो जोइए के जेथी ज्ञातीनुं समाधान थाय एवी विज्ञापनना मांगीए छीए संवत् १९४० ना आशो शु.१४ चार शुक्र ।

कृष्णानंद माधवानंद सहिदाः पोते माहेश्वर धनेश्वर सहि दाः पोते बालकराम मोहनराम सहिदाः पोते जमीयतराम मोहनराम सहिदाः पोते काशीराम गोविंदराम सहिदाः पोते गुप्रेश्वर रखेश्वर सहि दाः पोते वैद्याहेमंतराम जिवणराम सहिदाः पोते विष्णुराम मोसन्दराम सहिदाः पोते शुकल हरिनंदकृष्णानंद सहिदा पोते जोखागरजीवणराम मधुराम सहिदा पोते जोशीमयाराम कृष्णराम जोशीजमीयतराम त्र्यंबकराम सहिदाः पोते आ विज्ञापन उपर विचार चलाववा सरकारीदेवघरमां संवत १९४०ना आंशो वदी २ ने सौमवार ता.६ अकटोबर सने १८८४ ने दीने निचे मुजबनी शास्त्रीविगेरेनी मण्डली एकत्र थइ हती ।

राजरामशास्त्री काशीराम	
कोतवाल आसारी	
बदरीनाथ शास्त्री आमोदकर	
कृष्णशास्त्री सुरतकर	
जयराजाचार्य	

रामकृष्णपाद्ये ऋग्वेदी	
धीरजरामशास्त्री	
बालभट्ट जोंगरे आपस्तंभ	
बापुमट्ट भुकरकर यजुर्वेदी	
बालापुराणीदावुकरयजुर्वेदी	
प्रेमानंद शुकल	
शंङ्कर्राव	
बालकृष्ण जोशी	

उपर जनावेली मण्डली तथा सरकारदेवधरना अधिकारी वालागोसावीए मली पाछल मुजबनो ठराव अे अरजी उपर कीधो छे सरकार देवधर नं.१९

(मूलमराठीनुं गुजरातीभाषान्तर)

आजरोज देवधरमां शास्त्रीप्रमुखमण्डली भेगा थया तेमां एवो निर्णय थयोके, शास्त्रोक्तषट्कर्म आचरणकरिने स्वामिनारायणना मत प्रमाणे उपासना करवी शास्त्रविरुद्ध नथी उर्द्धपुण्ड्रादि चिह्न धारणकरवा पण शास्त्रसंमत छेज मिति आशो व २ सोमवार संवत् १९४० ता.६ अक्टोबर १८८४ ।

(मराठीमां) बाला गोसावी

सरकार देवधरना अधिकारी

आ प्रसंगे आमंत्रण थएलां पण अगत्यना कारणसर मंडलीमां हाजरनहिथइ शकेलाबीजाबधाशास्त्रिओविगेरेए पोतानो मत मांगवामां आवतां निचे मुजब आप्यो ।

हमो निचे सहि करनार शास्त्रिाओ विगेरे संमति आपीए छीए के मांडवीजील्ले सूरतना रहेनारा भार्गवज्ञातिमा केटलाएक स्वामिनारायण संप्रदायनो घणी लांबीमुदतथी अनुसर्या छे ने ते कारणथी एज्ञातिमां हालविक्षेप चाले छे तेना निराकरण सारु वडोदरामां शास्त्रवेदिया विगेरे मंडलीनी सभा थइ तेमां हमने आमंत्रण थयेलुंपण अगत्यना कारण सरहमाराथी ते सभामां जइशकायु नहि हाल हमारा मत मांगवाथी आपीए छीए के ब्राह्मणोपोताना षट्कर्मकारि स्वामिनारायणना संप्रदायने अनुसरे तो ते कंइ शास्त्रविरुद्ध कहेवाय अेम नथी अने तुलसीनी कंठी तथा ऊर्ध्वपुंड्रआदि चिह्नधारणकरवाते शास्त्रसंमत छेज वलीघणी ज्ञातिना ब्राह्मणो एमतने अनुसरेला छे । एनी पद्धति वेदशास्त्रविरुद्ध नथी । (अस्तु)

સન્દર્ભગ્રંથ

૧. શ્રીમદ્ ભાગવત્ (શ્રીકૃષ્ણ દ્વૈપાયનકૃત)

૨. શ્રીમદ્ ભાગવત્ (શ્રી ભકતરંજનીટીકા–આચાર્ય ભગવદ્ પ્રસાદજીકૃત)

૩. શ્રીમદ્ ભાગવત્ (દ્વિતીય સ્કંધ 'શુકઅભિપ્રાય બોધિની ટીકા'.સદ્.ગોપાળાનંદસ્વામીકૃત')

૪. શ્રીમદ્ ભાગવત્ (આચાર્ય વિહારીલાલજી કૃત ટીપ્પણી)

૫. શ્રીમદ્ ભાગવત્ (શ્રીધર સ્વામીકૃત ભાવાર્થ દીપિકા ટીકા)

૬. શ્રીમદ્ ભગવદ્ ગીતા

૭. શ્રીમદ્ ભગવદ્ ગીતા (શ્રીરામાનુજાચાર્ય કૃત ભાષ્ય)

૮. શ્રી તત્ત્વાર્થદીપનિબંધ (શ્રી વલ્લભાચાર્યજી કૃત)

૯. શ્રી તૈતિરિયઆરણ્યક

૧૦ શ્રી શ્વેતાશ્વેતર ઉપનિષદ્

૧૧. શ્રી વ્યાસૂત્ર (શાંકરભાષ્ય–આદી. જગદ્ગુરૂ શંકરાચાર્યકૃત)

૧૨. શ્રી વ્યાસસૂત્ર (શ્રી ભાષ્ય–શ્રીરામાનુજાચાર્યકૃત)

૧૩. શ્રી સત્સંગિ જીવન (શ્રી.સદ્ શતાનંદ સ્વામીકૃત)

૧૪. શ્રી વચનામૃત

૧૫. શ્રી હરિદિગ્વિજય (સદ્. નિત્યાનંદ સ્વામી કૃત)

૧૬. શ્રી શાન્ડિલ્ય સૂત્રભાષ્ય (સદ્. નિત્યાનંદ સ્વામી કૃત)

૧૭. શ્રી શાન્ડિલ્ય સૂત્રભાષ્ય ટિકા (સદ્. કૃષ્ણસ્વરૂપદાસકૃત ગુરૂ નિત્યાનંદ સ્વામી)

૧૮. શ્રી હરિચરિત્રામૃતસાગર(સદ્. આધારાનંદ સ્વામીકૃત)

૧૯. શ્રી હરિવંશ (મહાભારત ઉત્તરભાગ/મહર્ષિકૃષ્ણદ્વૈપાયનકૃત)

૨૦. શ્રી પાણિની અષ્ટાધ્યાય (મહર્ષિપાણિનીકૃત)

૨૧. શ્રી ભક્તચિંતામણી (સદ્.નિષ્કુળાનંદસ્વામીકૃત)

૨૨. શ્રી નિષ્કુળાનંદ કાવ્ય (સદ્.નિષ્કુળાનંદસ્વામીકૃત)

૨૩. શ્રી નારદ પાંચરાત્ર (દેવર્ષિનારદજી કૃત)

૨૪. શ્રી નારદ પાંચરાત્ર(ભારદ્વાજ સંહિતા)

૨૫. શ્રી નારદ પાંચરાત્ર(અહિર્બુધ્ન્યસંહિતા)

૨૬. શ્રી શિક્ષાપત્રી (સહજાનંદસ્વામિકૃત)

૨૭. શ્રી યોગ દર્શન (મહર્ષિ પતંજલિકૃત)

૨૮. શ્રી મનુસ્મૃતિ (રાજર્ષિ મનુમહારાજ કૃત)

૨૯. શ્રી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (મહર્ષિ યાજ્ઞવલ્કય કૃત)

૩૦. શ્રીમદ્ ભગવદ્ ગીતા (સદ્. ગોપાળાનંદ સ્વામિકૃત ટીકા)

૩૧. શ્રીમુન્ડુકોપનિષદ્

૩૨. શ્રી ગાયત્રી ભાષ્ય – (આદિ જગદ્ગુરૂ શંકરાચાર્યજીકૃત)

૩૩. શ્રી નૃસિંહપૂર્વતાપનિયોપનિષદ્ભાષ્ય (આદિ જગદ્ગુરૂ શંકરાચાર્યજીકૃત)

૩૪. શ્રી પાંચરાત્ર–(પાદ્મોદ્ભવસંહિતા)

૩૫. શ્રી પદ્મપુરાણ (મહર્ષિ કૃષ્ણદ્વૈપાયનકૃત)

૩૬. શ્રી વરાહપુરાણ (મહર્ષિ કૃષ્ણદ્વૈપાયનકૃત)

૩૭. શ્રી વાયુપુરાણ (મહર્ષિ કૃષ્ણદ્વૈપાયનકૃત)

૩૮. શ્રીશંકરદિગ્વિજય (શ્રીમાધવાચાર્યકૃત)